પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના:૧૪
તા. ૧૩-૧૦-૨૦૨૬, મંગળવાર
વર્ષ: ૧૫, અંક : ૧૮૮

Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

સાચા સ્નેહી-સંબંધીની
એક જ નિશાની હોય છે
એ કદી ચર્ચા નથી કરતા
એ ચિંતા કરે છે.

શૌર્ટસ વિણાટ દેશી
કાઠિયાવાડી
ખમણ નમકીન
કરીયાણાના વેપારી
મોલ-સુપર માર્કેટ માટે ઓફર
અપ્પુ
ચણાદાળ
ડીલર એજન્ટ જોઈએ છે
વિણાટ ચણા મળશે
9824200970

ફુગાવાને નાથવા અને રૂપિયાને તૂટતો રોકવા આરબીઆઇ હરકતમાં

# રૂપિયામાં જબરદસ્ત સુધારાથી સેન્સેક્સમાં ૮૫૦ પોઈન્ટનો ઉછાળો

## રિઝર્વ બેન્કના આકરા નિયંત્રણો અને સીધા હસ્તક્ષેપથી રૂપિયામાં શાનદાર રિકવરીઃ સટ્ટાકીય પ્રવૃત્તિઓ પર બ્રેક વાગતા ડોલરની માંગ ઘટી

**અબતક, નવી દિલ્હી**

અમેરિકન ડોલર સામે સતત ઘસાતા ભારતીય ચલણને સ્થિર કરવા માટે મધ્યસ્થ બેન્ક દ્વારા લેવામાં આવેલા શ્રેણીબદ્ધ અને આકરાં પગલાંઓની બજારમાં વ્યાપક સકારાત્મક અસર જોવા મળી છે. વિદેશી હૂંડિયામણ અને ડેરિવેટિવ્ઝ માર્કેટમાં થતી સટ્ટાકીય પ્રવૃત્તિઓને ડામવા માટે લાદવામાં આવેલા નવા કડક નિયમોને કારણે માત્ર બે જ દિવસમાં રૂપિયાના મૂલ્યમાં જંગી ઉછાળો નોંધાયો છે. મધ્યસ્થ બેન્ક દ્વારા બજારમાં સીધા હસ્તક્ષેપ અને ડોલરની માંગ ઘટાડવાના સફળ પ્રયાસોને પગલે ચલણની સ્થિરતા પાછી ફરી છે, જેની સીધી અસર સ્થાનિક બજારોમાં કીમતી ધાતુઓના ભાવ પર પણ સ્પષ્ટપણે જોવા મળી રહી છે.

છેલ્લા બે દિવસના ટ્રેડિંગ સેશનમાં ભારતીય રૂપિયામાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. સોમવારે ડોલર સામે રૂપિયામાં છ મહિનાનો સૌથી ઝડપી ૯૬ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો અને તે ૯૫.૭૫ ના સ્તરે બંધ રહ્યો હતો. આ મજબૂતી મંગળવારે પણ જળવાઈ રહી હતી, જ્યાં રૂપિયો વધુ ૬૦ પૈસા ઉછળીને ૯૫.૧૭ ના



મજબૂત સ્તરે ખૂલ્યો હતો. આમ, બે દિવસના ટૂંકા ગાળામાં જ ભારતીય ચલણે અમેરિકન ડોલર સામે શાનદાર પ્રદર્શન કરતા ચલણ બજારમાં સકારાત્મક માહોલ સર્જાયો છે. જેને કારણે આજે સેન્સેક્સ પણ ૮૫૦ થઈ વધુ પોઈન્ટ ઉપર આવ્યો હતો.

રૂપિયાની આ શાનદાર રિકવરી પાછળ મધ્યસ્થ બેન્કના કડક અને ત્વરિત નિર્ણયો મુખ્યત્વે જવાબદાર છે. ફોરેક્સ ડેરિવેટિવ્ઝ ટ્રેડ્સને નિયંત્રિત કરવા માટે બેંકોને ૨ અબજ ડોલરથી વધુની ખરીદી માટે ૨૦ ટકા અનામત રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. વધુમાં, અધિકૃત ડીલરોને વપરાશકર્તાઓ માટે રૂપિયાને સંડોવતા કોઈપણ વિદેશી વિનિમય ડેરિવેટિવ્ઝ કરારને (ડિલિવરેબલ કે નોન-ડિલિવરેબલ) ફરીથી બુક કરવાની મંજૂરી આપવા પર પણ રોક લગાવવામાં આવી છે. આ ઉપરાંત, વિદેશી હૂંડિયામણના હેજિંગ વ્યવહારો માટે રોકડ જમા કરાવવાની જરૂરિયાતનો વ્યાપ વધારવામાં આવ્યો છે. નિયમો કડક બનાવતા બેંકોને અમુક ચોક્કસ નોન-ડિલિવરેબલ ફોરેક્સ ડેરિવેટિવ્ઝ માત્ર હેજિંગ હેતુ માટે જ ઓફર કરવાની છૂટ આપવામાં આવી છે, જેથી ચલણની વધઘટ પર થતી સટ્ટાખોરી અટકાવી શકાય. નિષ્ણાતોના મતે, આ પગલાંઓને કારણે સ્પોટ માર્કેટમાં ડોલરની માંગમાં ઘટાડો નોંધાયો છે અને રૂપિયા સામેની સટ્ટાકીય સ્થિતિ મહદંશે કાબુમાં આવી છે. મધ્યસ્થ બેન્ક દ્વારા રૂપિયાને સીધો ટેકો આપવા માટે ચલણ બજારમાં ડોલરનું વેચાણ પણ કરવામાં આવ્યું હતું, જેણે રૂપિયા પરનું દબાણ હળવું કર્યું છે. રૂપિયામાં આવેલા આ મજબૂત સુધારાના પરિણામે સ્થાનિક બજારમાં સોના અને ચાંદીના ભાવમાં પણ નરમાઈ જોવા મળી હતી. આ સમગ્ર ઘટનાક્રમ દર્શાવે છે કે યોગ્ય સમયે લેવાયેલા નીતિગત પગલાં ચલણના મૂલ્યને બચાવવામાં અને ડોલરની અસાધારણ માંગને ડામવામાં અત્યંત કારગર સાબિત થયા છે.

### કરારની નોશનલ રકમના સમકક્ષ રૂપિયાના ૨૦% જેટલી રકમ રિઝર્વ રાખવી ફરજીયાત

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બેંકોના પોતાના રૂપિયાની કરન્સી હેજ માટે ૨૦% કેશ રિઝર્વની જરૂરિયાતને વિસ્તૃત કરવામાં આવી છે. આ નિયમ મુજબ, તમામ અધિકૃત ડીલરો જ્યારે રૂપિયાના બદલામાં વિદેશી ચલણ ખરીદે છે, ત્યારે તેમણે દરેક કરારની નોશનલ રકમના સમકક્ષ રૂપિયાના ૨૦% જેટલી રકમ રિઝર્વ તરીકે જાળવી રાખવી પડશે. આ ૨૦% રિઝર્વ દરરોજ રોકડમાં આરબીઆઇ પાસે જમા કરાવવી ફરજિયાત છે અને જ્યાં સુધી કરારનો અંત ન આવે ત્યાં સુધી તેને ત્યાં જ રાખવી પડશે. જોકે, અહેવાલો અનુસાર બેંકોએ આરબીઆઇ સમક્ષ એવી માંગ કરી છે કે કરંટ-એકાઉન્ટ એક્સપોઝરને હેજ કરવા માટે ઉપયોગમાં લેવાતા એફએક્સ ડેરિવેટિવ્ઝ પરની આ ૨૦% રોકડ જમા કરાવવાની શરતને રદ કરવામાં આવે અને તેના બદલે માત્ર એક ફ્લેટ ફી વસૂલવામાં આવે.

### ખાદ્ય સામગ્રીનો ભાવાંક વધતા ફુગાવો ૫.૫ ટકાની ટોચે

સપ્ટેમ્બર મહિનામાં ખાદ્યચીજોના ભાવમાં થયેલા ભારે ઉછાળાને કારણે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ પર આધારિત રિટેલ ફુગાવો વધીને ૯ મહિનાની સર્વોચ્ચ સપાટી ૫.૫% પર પહોંચી ગયો છે. અગાઉ ઓગસ્ટમાં આ આંકડો ૪.૮% હતો. નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસના ડેટા અનુસાર, ખાદ્ય ફુગાવો સપ્ટેમ્બરમાં અંદાજે ૭.૭% રહ્યો હતો, જે ઓગસ્ટમાં ૬% હતો. ખાસ કરીને ડુંગળીના ભાવમાં સૌથી વધુ ૧૦૮% નો વધારો જોવા મળ્યો હતો, જ્યારે લસણના ભાવ ૪૪% થી વધીને ૫૫% થયા હતા અને લીંબુના ભાવમાં ૩૬% નો ઉછાળો આવ્યો હતો.

### જીડીપીનો દર ૭ ટકા રહેવાનો અંદાજઃ આઈએમએફ

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ દ્વારા મંગળવારે ભારત માટે વર્ષ ૨૦૨૬ નો આર્થિક વૃદ્ધિ અંદાજ વધારીને ૭% કરવામાં આવ્યો છે, જે અગાઉ જુલાઈ મહિનામાં ૬.૪% હોવાનો અંદાજ હતો. વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ હોવા છતાં, ભારતમાં મજબૂત સ્થાનિક માંગ અને સેવા ક્ષેત્રની શાનદાર કામગીરીને પગલે આ ગ્રોથ અંદાજમાં વધારો કરવામાં આવ્યો છે. ભારતની અર્થવ્યવસ્થા અપેક્ષા કરતાં વધુ મજબૂત અને ગતિશીલ સાબિત થઈ રહી છે. વિશ્વ બેંક અને ઓઈસીડી જેવી અન્ય મોટી સંસ્થાઓએ પણ ભારતનો ગ્રોથ રેટ ૭% ની આસપાસ રહેવાની આગાહી કરી છે. મિડલ ઈસ્ટના સંઘર્ષ અને ક્રૂડની આયાત કરતા અન્ય દેશોની સરખામણીમાં ભારતનું પ્રદર્શન નોંધપાત્ર રીતે સારું રહ્યું છે, જેનાથી ભારત વૈશ્વિક મંદી વચ્ચે એક મજબૂત અપવાદ તરીકે ઉભરી આવ્યું છે.

# અલનીનોની અસરઃ 'પાણીની ખોટે' ઘઉંનું વાવેતર ૧૦ ટકા ઘટશે

## ઓછા વરસાદથી જળાશયો ખાલી થતાં રવિ સિઝન પર સંકટ; ભાવ અંકુશમાં રાખવા સરકાર પાસે પૂરતો બફર સ્ટોક

**અબતક, રાજકોટ**

વિશ્વભરમાં હવામાનની ભાત બદલતી 'અલનીનો'ની અસરના કારણે આ વર્ષે ચોમાસા દરમિયાન દેશના અનેક ભાગોમાં અપૂરતો અને અનિયમિત વરસાદ નોંધાયો છે. ચોમાસાની આ ખેંચને લીધે જળાશયોમાં પાણીનું સ્તર ઘટતાં અને ભૂગર્ભજળના તળ ઊંડા જતાં, તેની સીધી અસર હવે શિયાળુ (રવિ) પાકના વાવેતર પર જોવા મળી રહી છે. સિંચાઈના પાણીની ભારે અછત સર્જાવાના કારણે દેશભરમાં ચાલુ મોસમમાં ઘઉંના વાવેતર વિસ્તારમાં ૫ થી ૧૦ ટકાનો મોટો ઘટાડો થવાની આશંકા ઉદ્યોગ જગતે વ્યક્ત કરી છે.



ઘઉં પ્રોસેસિંગ ક્ષેત્રના નિષ્ણાતો અને 'રોલર ફ્લોર મિલર્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા'ના પ્રમુખ નવનીત ચિતલાંગિયાના જણાવ્યા મુજબ, ઓછા વરસાદને કારણે ખાસ કરીને ગુજરાત, રાજસ્થાન તેમજ મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના અનેક ભાગોમાં ખેડૂતો ઘઉંનું વાવેતર ઘટાડી રહ્યા છે. પાણીની તંગીને લીધે ઘણા ખેડૂતો ખેતરો પડતર રાખવા અથવા ઘઉંના બદલે ઓછા પાણીની જરૂરિયાતવાળા વિકલ્પ પાકો પસંદ કરવા મજબૂર બન્યા છે. વળી, બજારભાવ અને પાણીની પહોંચ જેવા અનેક પ્રતિકૂળ પરિબળો આ વખતે ઘઉંના વાવેતર પર માઠી અસર પાડી રહ્યા છે. વાવેતરમાં ઘટાડો થવા પાછળ સરકારની લઘુત્તમ ટેકાના ભાવ નીતિ પણ જવાબદાર બની છે. સરકાર દ્વારા ઘઉંના એમએસપીમાં કરાયેલો ૧ ટકાથી પણ ઓછો વધારો અન્ય રવિ પાકોની સરખામણીએ સૌથી નીચો છે, જેનાથી ખેડૂતોમાં નિરાશા છે.

બીજી તરફ, ચણા, રાયડો અને મકાઈ જેવા પાકોના બજારભાવ ઘઉં કરતાં વધુ પોષણક્ષમ હોવાથી ખેડૂતો તે તરફ વળી રહ્યા છે. રાજ્ય સરકારો (જેમ કે રાજસ્થાન અને મધ્યપ્રદેશ) પણ પાણી બચાવવા માટે ખેડૂતોને ઓછા પાણીવાળા પાકો લેવાની સલાહ આપી રહી છે. આ સિવાય મહારાષ્ટ્ર, કર્ણાટક અને તેલંગાણાના ગંભીર જળસંકટ ધરાવતા વિસ્તારોમાં ખેડૂતો આ સિઝનમાં વાવણી જ કરી શકે તેવી સ્થિતિમાં નથી.

આમ છતાં, ઉત્પાદન ઘટવાની ધારણા વચ્ચે પણ દેશમાં ઘઉંના

(અનુ. આઠમા પાને)

# કસ્ટડીમાં રહેલી વસ્તુ ગુમ થાય તો પોલીસ જવાબદાર બનેઃ હાઈકોર્ટ

## કોર્ટે આ મામલાની આગામી સુનાવણી ૨૮ ઓક્ટોબરના રોજ હાથ ધરવાનું નક્કી કર્યું

**અબતક, અમદાવાદ**

પોલીસ સ્ટેશનમાં સુરક્ષા માટે જમા કરાયેલા મુદ્દામાલની સુરક્ષા અને જવાબદારીને લઈને ગુજરાત હાઈકોર્ટે એક અત્યંત કડક અને મહત્વપૂર્ણ વલણ અપનાવ્યું છે. અદાલતે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જો પોલીસ કસ્ટડી દરમિયાન જપ્ત કરાયેલું સોનું કે કિંમતી ચીજવસ્તુઓ ગુમ થઈ જાય કે ખોવાઈ જાય, તો તેની જવાબદારી સીધી પોલીસ પ્રશાસનની રહે છે અને પોલીસે જ્વેલરને તેની કિંમતનું વળતર ચૂકવવું જ પડશે. ગાંધીધામના એક ચર્ચાસ્પદ કેસમાં હાઈકોર્ટે આપેલી આ ટિપ્પણી સમગ્ર રાજ્યની પોલીસ વ્યવસ્થા અને મુદ્દામાલ સંચાલન માટે એક મોટો દાખલો બેસાડે છે.

ગાંધીધામના એક જ્વેલર વિરુદ્ધ ગ્રાહકે ૭૦૫ ગ્રામ સોના અને ચાંદીના દાગીના છેતરપિંડીથી પડાવ્યાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે એફઆઈઆર નોંધીને આ દાગીના મુદ્દામાલ તરીકે કબજે કર્યા હતા. ત્યારબાદ ગ્રાહક અને જ્વેલર વચ્ચે પરસ્પર સમાધાન થઈ ગયું હતું, જેના આધારે અદાલતે જ્વેલરને નિર્દોષ જાહેર કર્યા. ઓગસ્ટ ૨૦૨૫માં ગાંધીધામની જેએમએફસી કોર્ટે પોલીસને આ જપ્ત કરાયેલો મુદ્દામાલ જ્વેલરને પરત કરવાનો હુકમ કર્યો હતો.

કોર્ટના આદેશ છતાં પોલીસે મુદ્દામાલ પરત ન કર્યો અને રજૂઆત કરી કે જ્વેલરી ગુમ થઈ ગઈ છે અથવા ખોવાઈ ગઈ છે. મુદ્દામાલ ગુમ થવા સામે જ્વેલરે એડવોકેટ એ.એ. ઝાબુવાલા મારફતે હાઈકોર્ટમાં અવમાનના અરજી દાખલ કરી હતી. એન.એસ. સંજય ગૌડા અને જસ્ટિસ જે.એલ.ઓડેદરાની બેન્ચે સુનાવણી હાથ ધરીને સ્પષ્ટ કર્યું કે પોલીસે જપ્ત કરેલા સોનાની કિંમત ચૂકવવી જ પડશે. કોર્ટે આ મામલે આગામી સુનાવણી ૨૮ ઓક્ટોબરના રોજ હાથ ધરવાનું નક્કી કર્યું છે.

આ ચુકાદાથી રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં મુદ્દામાલ રૂમની સુરક્ષા અને રેકોર્ડ જાળવણી માટે અધિકારીઓ વધુ સાવચેત બનશે. સોના-ચાંદીના વેપારીઓ અને



સામાન્ય નાગરિકોનો કાયદો અને ન્યાય પ્રણાલી પરનો ભરોસો વધુ મજબૂત થશે કે ખોટી રીતે ફસાયેલા કે નિર્દોષ છૂટેલા લોકોને તેમનો મુદ્દામાલ સુરક્ષિત મળશે. જો ભવિષ્યમાં ક્યાંય પણ મુદ્દામાલ ગુમ થશે, તો જવાબદાર અધિકારીઓએ તેની ભારે કિંમત ચૂકવવી પડશે.

# બે હજારથી વધુના યુપીઆઈ પેમેન્ટ પર એમડીઆર ચાર્જનો અમલ 'પાછો ઠેલાયો'

## ૧૫ ઓક્ટોબરથી લાગુ થનાર ચાર્જ હવે દિવાળી પછી અમલી બનશે એનપીસીઆઈનો નિર્ણય; નવી તારીખની જાહેરાત બાકી

**અબતક, રાજકોટ**

યુપીઆઈ દ્વારા કરવામાં આવતા રૂપિયા ૨,૦૦૦થી વધુના વેપારી વ્યવહારો પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ લાગુ કરવાની યોજના હાલ પૂરતી મુલતવી રાખવામાં આવી છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયાએ અગાઉ ૧૫ ઑક્ટોબરથી આ નિયમ લાગુ કરવાનું નક્કી કર્યું હતું, પરંતુ તહેવારોની ખરીદીની મોસમને ધ્યાનમાં રાખીને હવે તેનો અમલ દિવાળી બાદ કરવામાં આવશે. નવી તારીખ અલગથી જાહેર કરવામાં આવશે.

દિવાળીના તહેવાર દરમિયાન વેપારીઓના ખર્ચમાં વધારો ન થાય અને ખરીદી-વેચાણની પ્રક્રિયા પર અસર ન પડે તે હેતુથી અમલ મુલતવી રાખવામાં આવ્યો છે. ગ્રાહકો પાસેથી એમડીઆર વસૂલવાનો નિયમ નથી અને વેપારીઓ આ ખર્ચ ગ્રાહકો પર ન નાખે તે માટે બેંકોને પણ સૂચના આપવામાં આવી છે. આમ, હાલ પૂરતો ચાર્જના અમલમાં વિલંબ થયો છે, નિયમ રદ થયો નથી. દિવાળી બાદ તેની નવી અમલી તારીખ જાહેર થયા પછી જ આગળની સ્થિતિ સ્પષ્ટ થશે.

એમડીઆર એટલે વેપારીઓ દ્વારા ડિજિટલ પેમેન્ટ સ્વીકારવા બદલ પેમેન્ટ વ્યવસ્થા સાથે સંકળાયેલી સંસ્થાઓને ચૂકવવામાં આવતી ફી. નિર્ધારિત નિયમો હેઠળ પાત્ર વેપારી વ્યવહારો પર ૦.૪ ટકા એમડીઆર લાગુ કરવાનો પ્રસ્તાવ છે. જોકે, રેલવે, ટેલિકોમ, વીમા, ઈંધણ અને કેટલાક અન્ય ક્ષેત્રોના રૂપિયા ૨,૦૦૦થી વધુના વ્યવહારો માટે પ્રતિ ટ્રાન્ઝેક્શન રૂપિયા ૫ નો નિશ્ચિત ચાર્જ લાગુ કરવાની જોગવાઈ છે. રૂપિયા ૭૫,૦૦૦ કે તેથી વધુના સામાન્ય પાત્ર વેપારી વ્યવહારો પર એમડીઆરની મહત્તમ મર્યાદા રૂપિયા ૩૦૦ રહેશે.

આ નિયમ તમામ યુપીઆઈ વ્યવહારો પર લાગુ પડતો નથી. વ્યક્તિથી વ્યક્તિને કરવામાં આવતા યુપીઆઈ ટ્રાન્સફર રકમ ગમે તેટલી હોય તો પણ મફત રહેશે. વેપારીઓને કરવામાં આવતા રૂપિયા ૨,૦૦૦ સુધીના પેમેન્ટ અને નિયમો હેઠળ આવરી લેવાયેલા નાના વેપારીઓના વ્યવહારો પણ એમડીઆરમાંથી મુક્ત રહેશે. નાણાં મંત્રાલયના જણાવ્યા અનુસાર, આશરે ૯૬ ટકા વેપારી યુપીઆઈ વ્યવહારો પર આ નવા માળખાની અસર નહીં પડે.






### મૌન લક્ષણોને ઓળખો, જીવનની લડાઈ જીતી લો

# જાગૃતિની એક ગાંઠ, જીવનની અનેક આશાઃ સ્તન કેન્સર સામે વહેલું નિદાન જ જીવનનું રક્ષણ

## સ્તન કેન્સર આજે ભારતમાં શહેરી મહિલાઓમાં સૌથી સામાન્ય કેન્સર છેઃ સ્તન કેન્સર એ એક તબીબી સ્થિતિ છે, જ્યારે સ્તનમાં સામાન્ય કોષો બદલાય છે, અને નિયંત્રણ બહાર વધીને એક મોટી ગાંઠ બનાવે છે

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના જણાવ્યા અનુસાર દર વર્ષે લગભગ ૨૧ લાખ મહિલાઓ સ્તન કેન્સરનો ભોગ બને છે. ભારતમાં દર ૨૮મી મહિલાને કોઈકના કોઈ રીતે સ્તન કેન્સર થાય છે. આ રીતે, મહિલાઓ સૌથી વધારે બ્રેસ્ટ કેન્સરનો ભોગ બને છે. બ્રેસ્ટ કેન્સરને લઈને મહિલાઓમાં જાગૃતિનો અભાવ છે. બ્રેસ્ટ કેન્સરના ૧૨ પ્રકાર હોય છે. કેન્સરના આ પ્રકારની વાત તેના પર નિર્ભર છે, તે આક્રમક (બીજા અંગોમાં ફેલાઈ છે) કે તે યૂનિફોકલ (માત્ર એક ટ્યૂમર) કે મલ્ટીફોકલ (ઘણા ટ્યૂમર્સ) હોય છે. બ્રેસ્ટ કેન્સરની સારવાર શરૂ કરતા પહેલાં એ જાણી લેવું જરૂરી હોય છે કે, કેન્સર કયા પ્રકારનું છે. જે મહિલાઓ સ્તનપાન કરાવતી હોય છે, તેમને બ્રેસ્ટ કેન્સરનું જોખમ ઓછું રહે છે. સામાન્ય રીતે બ્રેસ્ટ કેન્સર ૪૦ વર્ષથી ઓછી ઉંમરની મહિલાઓને વધુ અસર કરે છે. સ્તન કેન્સર એ એક તબીબી સ્થિતિ છે જ્યારે સ્તનમાં સામાન્ય કોષો બદલાય છે અને નિયંત્રણ બહાર વધીને એક મોટી ગાંઠ બનાવે છે. આ અસામાન્ય કોષો પછી વધે છે અને સ્તનના સ્વસ્થ ભાગો પર આક્રમણ કરે છે. પછીના તબક્કામાં, ગાંઠ કોષો બગલમાં લસિકા ગાંઠો અને શરીરના અન્ય ભાગોમાં પણ ફેલાઈ શકે છે.સામાન્ય રીતે સ્તન કેન્સરનું કારણ કોઈ એક પરિબળ નથી. પરંતુ, અમુક જોખમી પરિબળો, જેમ કે વૃદ્ધાવસ્થા, વધુ વજન કે મેદસ્વી હોવું, આલ્કોહોલનો ઉપયોગ, કિરણોત્સર્ગના સંપર્કમાં, હોર્મોનલ ઉપચાર, પ્રારંભિક માસિક સ્રાવ, અંતમાં મેનોપોઝ અને રોગનો પારિવારિક ઈતિહાસ, જેવી ઘટનાઓની શક્યતાઓ વધારે છે. લગભગ ૫ થી ૧૦% સ્તન કેન્સર આનુવંશિક પરિવર્તન જેમ કે બીઆરસીએ ૧ અને ૨ સાથે જોડાયેલા હોઈ શકે છે. તેના લક્ષણોમાં સ્તનમાં અસામાન્ય ગઠ્ઠો કે જાડું થવું, સ્તનની ચામડી લાલ થઈ જવી કે ખાડો પડવો, સ્તનની ડીંટડીમાંથી સ્રાવ, સ્તનની ડીંટડી ઉલટાવી દેવી, સ્તનની ડીંટડીની આજુબાજુની ચામડીનું સ્કેલિંગ કે ક્રસ્ટીંગ તેના લક્ષણો છે. સ્તનોમાં દુખાવો સામાન્ય રીતે સ્તન કેન્સરનું લક્ષણ નથી.




સ્તન કેન્સર આજે ભારતમાં શહેરી મહિલાઓમાં સૌથી સામાન્ય કેન્સર છે. જો કે જો વહેલી તકે શોધી કાઢવામાં આવે તો, આ રોગ સારવાર યોગ્ય છે, અને તેના વિશે જાગૃતિ વધારવા માટે, ઓક્ટોબરને સમગ્ર વિશ્વમાં સ્તન કેન્સર જાગૃતિ મહિનો તરીકે ચિહ્નિત કરવામાં આવે છે. સ્તન કેન્સરનું જોખમ તંદુરસ્ત વજન જાળવીને, આહાર, આલ્કોહોલના ઉપયોગથી દૂર રહેવાથી અને દરરોજ ઓછામાં ઓછી ૩૦ મિનિટ સુધી કસરત કરીને ઘટાડી શકાય છે. ઉચ્ચ જોખમ પૂર્વ-કેન્સર સ્તનની સ્થિતિ ધરાવતી કેટલીક સ્ત્રીઓને સ્તન પર હોર્મોન એસ્ટ્રોજનની ક્રિયાને અવરોધિત કરવા માટે દવાઓની સલાહ આપવામાં આવી શકે છે. તેના નિદાન સ્તન કે બગલમાં ગઠ્ઠો કે અન્ય ફેરફારની ઘટના દ્વારા સ્વ-તપાસ દ્વારા કે ચિકિત્સક દ્વારા તબીબી સ્થિતિ શોધી શકાય છે. જો સ્તનમાં ગઠ્ઠો જોવા મળે છે, તો સામાન્ય રીતે મેમોગ્રામ અને સ્તન અલ્ટ્રાસાઉન્ડ કરવામાં આવે છે. બાયોપ્સી ફક્ત ત્યારે જ કરવામાં આવે છે જ્યારે મેમોગ્રામ અથવા અલ્ટ્રાસાઉન્ડ કેન્સરનો સંકેત આપે છે. બ્રેસ્ટ કેન્સરની હાલની મેડિકલ ટ્રીટમેન્ટ સ્ટેજ, કેન્સરનો પ્રકાર અને દર્દીની ઉંમર, તબિયતના આધારે નક્કી કરવામાં આવે છેઃ મુખ્ય સારવારમાં સર્જરી, ગાંઠ કાઢવી કે આંખું બ્રેસ્ટ કાઢવું સાથે સેન્ટિનલ લિમ્ફ નોડ બાયોપ્સી, ત્યારબાદ રેડિયેશન થેરાપી, અને સિસ્ટમિક થેરાપીનો સમાવેશ થાય છે. WHO જણાવે છે કે નીચા અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં સ્તન કેન્સરથી થતા મૃત્યુનો ભાર વધારે છે, કારણ કે વહેલું નિદાન, નિદાનની સુવિધા અને ગુણવત્તાયુકત સારવાર સુધી પહોંચમાં અસમાનતા છે.

ભારતમાં પણ પડકાર ગંભીર છે. ૨૦૨૨ના આંકડા મુજબ દેશમાં આશરે ૧.૯૨ લાખ નવા સ્તન કેન્સરના કેસ નોંધાયા હતા, જે ભારતમાં તમામ નવા કેન્સર કેસોમાં સૌથી મોટો હિસ્સો ધરાવતા કેન્સરોમાં પ્રથમ ક્રમે હતા. સ્તન કેન્સરથી ભારતમાં આશરે ૯૮ હજાર મૃત્યુ થયાનો અંદાજ છે. ભારતમાં મોડું નિદાન અને સારવાર શરૂ થવી મૃત્યુદર વધારતા મહત્વના કારણોમાં સામેલ છે.

દર વર્ષે લગભગ ૨૧ લાખ મહિલાઓ સ્તન કેન્સરનો ભોગ બને છે. કેન્સરમાંથી બચવાના ચાન્સ વધારવા માટે સૌથી મહત્ત્વનાં પરિબળો છે-વહેલું નિદાન, કેન્સરનો પ્રકાર અને સ્ટેજ, તથા યોગ્ય આધુનિક સારવાર. આજે સર્જરી, રેડિયોથેરાપી, કીમોથેરાપી, ટાર્ગેટેડ થેરાપી, ઈમ્યુનોથેરાપી અને હોર્મોન થેરાપી જેવી પદ્ધતિઓથી અનેક પ્રકારના કેન્સરમાં સારવારનાં પરિણામો સુધર્યાં છે. જોકે, દરેક કેન્સર માટે એક જ શ્રેષ્ઠ સારવાર નથી; સમયસર નિદાન અને દર્દીની સ્થિતિ અનુસાર નિષ્ણાત ઓન્કોલોજિસ્ટ દ્વારા પસંદ કરાયેલી સારવાર જીવન બચાવવાની શક્યતા વધારી શકે છે. વૈશ્વિક સ્તરે WHO અને IARCના ૨૦૨૨ના આંકડા મુજબ, વિશ્વમાં અંદાજે બે કરોડ નવા કેન્સરના કેસ અને ૯૭ લાખ મૃત્યુ નોંધાયાં હતાં. અમેરિકાના ગઈઈના જીઊછ આંકડા મુજબ, ૨૦૧૬-૨૦૨૨ દરમિયાન નિદાન થયેલા તમામ પ્રકારના કેન્સર માટે પાંચ વર્ષનો સાપેક્ષ જીવનદર ૭૦.૫% હતો, જોકે આ આંકડો અમેરિકાનો છે, સમગ્ર વિશ્વનો નહીં. આથી સ્પષ્ટ થાય છે કે કેન્સર એટલે નિશ્ચિત મૃત્યુ નહીં, યોગ્ય સમયે યોગ્ય સારવાર અને નિયમિત ફોલોઅપથી જીવન ટકાવી રાખવાની શક્યતા વધી શકે છે.

### મેટાસ્ટેટિક સ્તન કેન્સર એ કેન્સર સ્ટેજ ૪ શું

મેટાસ્ટેટિક સ્તન કેન્સર એ કેન્સરનું એક સ્વરૂપ છે જે સ્તનની બહાર શરીરના અન્ય ભાગોમાં ફેલાયેલું હોય છે, જેમ કે હાડકાં, લીવર, ફેફસાં અથવા મગજ.

કેન્સરનો આ તબક્કો, જેને સ્ટેજ ચાર તરીકે પણ ઓળખવામાં આવે છે, તે સાધ્ય નથી, પરંતુ સારવાર લક્ષણોનું સંચાલન કરવામાં અને ગુણવત્તા સુધારવામાં મદદ કરી શકે છે.

### ૨૦૫૦ સુધીમાં વિશ્વમાં દર વર્ષે ૩૨ લાખ નવા સ્તન કેન્સરના કેસ અને ૧૧ લાખ મૃત્યુની ચેતવણીઃ જે મહિલાઓ સ્તનપાન કરાવતી હોય છે, તેમને બ્રેસ્ટ કેન્સરનું જોખમ ઓછું રહે છેઃ જ્યારે મેમોગ્રામ કે અલ્ટ્રાસાઉન્ડ કેન્સરનો સંકેત આપે તો જ બાયોપ્સી કરવામાં આવે છે

# ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર ખાતે દીક્ષાંત સમારોહ યોજાયો

**અબતક, રાજકોટ**

રાષ્ટ્રીય સ્તરે ખ્યાતી-પ્રાપ્ત તથા સૌરાષ્ટ્ર-કચ્છની સર્વપ્રથમ અને એકમાત્ર ડીગ્રી આર્કિટેક્ચર કોલેજ એવી વીવીપી સંચાલિત ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર, તજજ્ઞ અને સામાજીક ઉત્તરદાયિત્વની ભાવના સભર આર્કિટેકટસના નિર્માણ હેતુ છેલ્લા ૨૬ વર્ષથી સફળતાપૂર્વક કાર્યરત છે. વર્ષ ૨૦૨૬માં આર્કિટેકચરનો અભ્યાસ પૂર્ણ કરી સ્નાતક થનાર વિદ્યાર્થીઓનો રંગારંગભર્યો દીક્ષાંત સમારોહ ઈપ્સા ખાતે યોજાયેલ હતો. વીવીપીના ટ્રસ્ટી ડો.નરેન્દ્રભાઈ દવે, 'ઈપ્સા'ના ડાયરેક્ટર આર્કિ.કિશોરભાઈ ત્રિવેદી, સમારોહના મુખ્ય અતિથી એવા અમદાવાદના જાણીતા આર્કિટેક સુર્યાકાકા (પૂર્વ આર્કિટેક્ચર એકેડેમિક હેડ-સેપ્ટ), 'ઈપ્સા'ના પ્રાચાર્ય પ્રો.દેવાંગભાઈ પારેખ તેમજ કિચ સ્કૂલ ઓફ ડીઝાઈનના પ્રાચાર્ય પ્રો.શૈલીબહેન ત્રિવેદીની



પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે વિદ્યાર્થીઓ પોતાના કુટુંબીજનો તથા સર્વે કર્મચારીગણ સાથે ઉત્સાહભેર સામેલ થયેલ હતા. કાર્યક્રમમાં વીવીપીના ટ્રસ્ટી ડો.નરેન્દ્રભાઈ દવેએ વિદ્યાર્થીઓને બહુમૂલ્ય શીખ આપતા સમજાવેલ કે ભાવી કારકિર્દીમાં ઉત્તમ સફળતા માટે સી.એફ.ઓ. એટલે કે કોન્ફીડેન્ટ, એફીસીઅન્સી અને ઓર્ગેનાઈઝેશનલ ડીસીપ્લીન બહુ જરૂરી છે, આ ત્રણેય આપણા જીવનમાં આત્મસાત કરવાથી સફળ જીવનના માર્ગ ઉપર અચૂકપણે આગળ વધી શકાય છે તેવા પ્રેરણાદાયી આશીર્વચન પાઠવેલ હતા. અતિથી વિશેષ આર્કિ. સુર્યકાકાએ પોતાના સુદીર્ઘ કાર્યાનુંભવને આધારે વિદ્યાર્થીઓને સમજાવેલ કે કારકિર્દી દરમ્યાન જે જોઈ પણ પ્રોજેક્ટ હાથ ધારો ત્યારે પર્યાવરણ, સમાજ, નિર્માણ સામગ્રી, ટકાઉપણું, ખર્ચ, ઉપયોગીતા, જેવા વિવિધ સર્વાંગી પાસાઓને નજરમાં રાખીને જ અમલીકરણ હાથ ધરવું જોઈએ. 'ઈપ્સા'ના નિયામક કિશોરભાઈ ત્રિવેદીએ આશીર્વચન સાથે ઉચ્ચ માનવીય મુલ્યોનું પાલન કરવાની સમજ પ્રદાન કરતા જણાવેલ કે, તમે અર્જિત કરેલ જ્ઞાન સમજ માટે ઉપયોગી બને, તમારી ડીઝાઈનમાં સંવેદનશીલતા દેખાય, નિર્ણયોમાં પ્રમાણિકતા પ્રદર્શિત થાય, અને તમારી સફળતામાં બીજાને આગળ વધારવાની ભાવના ચરિતાર્થ થાય તો જ આપણે મેળવેલ શિક્ષણ અને જ્ઞાન યથાર્થ બને, તેવી ભાવના સાથે વિદ્યાર્થીઓને બિરદાવી શુભેચ્છા પાઠવેલ હતી. 'ઈપ્સા'ના પ્રચાર્ય પ્રો.દેવાંગભાઈ પારેખએ પ્રસંગોચીત ઉદબોધનમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા જણાવેલ કે દીક્ષાંતએ શિક્ષણનો અંત નથી, જીવનના નવા તબક્કાની શરૂઆત છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિકસિત ભારતના સપનાને સાકાર કરવા હેતુ બાંધકામમાં પર્યાવરણ તથા પૃથ્વી પર ઉપલબ્ધ રિસોર્સને અનિવાર્યપણે ધ્યાનમાં રાખવાનો નિર્દેશ કરેલ હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આર્કિટેક્ચરમાં ગોલ્ડ મેડલ મેળવનાર વિદ્યાર્થી ધ્યેય કવા તથા ઈન્દુભાઈ પારેખ મેડલ પ્રાપ્ત કરનાર જૈનીશ બાપોદરીયાનું મહાનુભાવોને હસ્તે સન્માન કરવામાં આવેલ હતું. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રાચાર્ય પ્રો.દેવાંગભાઈ પારેખના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓએ જહેમત ભારે ઉઠાવેલ હતી. કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના ટ્રસ્ટી કૌશિકભાઈ શુક્લ, ડો.સંજીભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીયાર તથા ડો.નવીનભાઈ શેઠે શુભેચ્છાઓ પાઠવેલ છે.

# રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ-નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસની જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ૧૫૦ કૃતિઓ કરાઈ રજૂ

### લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં સુસ્થાઈતા ટકાઉપણા માટે વિજ્ઞાન અને નવીનતા પર ભાર મૂકાયો



**અબતક, રાજકોટ**

૧૦ થી ૧૭ વર્ષની વય જૂથના શાળાએ જતા કે ન જતા બાળકોમાં વૈજ્ઞાનિક વલણ અને સંશોધન વૃત્તિ વિકસે તેમજ કોઈ પણ સમસ્યાના ઉકેલ માટે વૈજ્ઞાનિક પદ્ધતિ અનુસરતા શીખે તે હેતુથી ભારત સરકારના સાયન્સ ટેકનોલોજી વિભાગ અન્વયેના નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનિકેશન દ્વારા છેલ્લા ૩૨ વર્ષથી ચાલતા કાર્યક્રમ રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ (National Children's Science Congress - NCSC) નો વર્ષ ૨૦૨૬-૨૭ની જિલ્લાકક્ષાની સ્પર્ધા લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે તાઃ ૯-૧૦-૨૦૨૬ ના રોજ યોજાઇ તેમાં મુખ્ય વિષય સુસ્થાઈતા - ટકાઉપણા માટે વિજ્ઞાન અને નવિનતા જાહેર કરાયો.

ગુજરાતમાં આ કાર્યક્રમનું આયોજન રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના ગુજકોસ્ટ દ્વારા તેમના તમામ જિલ્લાઓમાં વિકસવાયેલા લોક વિજ્ઞાન કેન્દ્રના માધ્યમથી થઈ રહ્યું છે. રાજકોટ જિલ્લા માટે આ કામગીરી ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર - રેસકોર્સ, રાજકોટ દ્વારા રજૂ કરવામાં આવેલ.

આ સ્પર્ધામાં કુલ ૧૦૫ કૃતિઓ રજૂ કરવામાં આવેલ. જેમાંથી ૧૫ કૃતિઓ પસંદગી કરવામાં આવી છે જે કૃતિઓ આગામી રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

# જનકલ્યાણ સાર્વજનિક ચેરિ. ટ્રસ્ટ દ્વારા ૬૩માં રક્તદાન કેમ્પાં ૧૦૦ બોટલ બ્લડ એકત્રીત



**અબતક,રાજકોટ**

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઈવા કોલેજ ઓફ આયુર્વેદ - સુપેડી ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરેલ. જેમાં ૧૦૦ બોટલ રક્તદાન થયેલ તથા બહોળા પ્રમાણમાં ચક્ષુદાન, દેહદાન ના સંકલ્પ પત્ર ભરાયેલ.આ કેમ્પને સફળ બનાવવા અતુલભાઈ શાહ ની સાથે બી. વી. શર્મા, રાજુભાઈ ઠાકર તથા અશોકભાઈ પટેલે સહયોગ આપેલ તેમ ચેરમેન - ઉમેશ મહેતાની યાદી મા જણાવ્યું હતું.

# પાટીદાર સમાજના યુવક-યુવતિઓ માટે લગ્ન સંબંધિત માહિતી

**અબતક, રાજકોટ**

પાટીદાર પટેલના સંતાનો માટે લગ્ન સંબંધી જરૂરી માહિતી વિનામુલ્યે મળશે. મિલન કાર્યક્રમમાં તા. ૧૦ થી ૩૧ ઓક્ટોબર સુધી ઉચ્ચ અભ્યાસ, ઓછો અભ્યાસ, રીમેરેજ યુવક-યુવતિ ભાગ લઈ શકશે. સમય સવારે ૯ થી ૧૨ સ્થળ પટેલ સમાજ કાર્યાલય કોપર આર્કેટ, વિશ્વેસર મંદિર સામે મવડી પ્લોટ મેઈન રોડ જવાનું રહેશે. વધારે વિગત માટે મો. નં. ૯૯૨૪૦ ૨૩૩૪૪ પર સંપર્ક કરવાનો રહેશે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૩-૧૦-૨૦૨૬ મંગળવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (જય માતાજી લેટ્સ રોક)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રસ મલાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.તન્વી ચોટાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૧૨:૦૦ દિકરીના સપનાની નવરાત્રી -
**અબતક સુરભી રાસોત્સવ ૨૦૨૬ (લાઈવ)**

**તારીખ ૧૪-૧૦-૨૦૨૬ બુધવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૧૪-૧૦-૨૦૨૬ બુધવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિઃ** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** આસો શુદ ચોથ ચોથુ નોરતુ વિછુડો
**નક્ષત્ર** અનુરાધા
**યોગ** આયુષ્માન **કરણઃ** વણિજ
**સુર્યોદય** ૬.૪૪ **સુર્યાસ્તઃ** ૬.૨૨
**ચંદ્ર રાશી** વૃશ્ચિક
**રાશિ અક્ષર** ન.ય
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા**
લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા**
ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૦૯ થી ૧૨.૫૬

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૯૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | | | | ૨ | ૧ | ૫ |
| | | | | ૯ | | ૭ | | |
| | | ૭ | | | ૫ | | ૯ | |
| | ૮ | ૧ | | | ૯ | ૪ | | |
| ૫ | | | ૭ | | | ૬ | | |
| | ૩ | | | | | | | |
| ૯ | | ૨ | | | ૮ | | ૪ | ૬ |
| | ૭ | | | | | | | ૮ |
| | | | | ૬ | | | ૫ | ૭ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૨ | ૩ | ૬ | ૭ | ૯ | ૪ | ૮ | ૧ |
| ૬ | ૮ | ૯ | ૫ | ૪ | ૧ | ૨ | ૭ | ૩ |
| ૧ | ૭ | ૪ | ૩ | ૮ | ૨ | ૫ | ૬ | ૯ |
| ૭ | ૫ | ૧ | ૨ | ૬ | ૪ | ૯ | ૩ | ૮ |
| ૯ | ૪ | ૮ | ૭ | ૫ | ૩ | ૬ | ૧ | ૨ |
| ૨ | ૩ | ૬ | ૯ | ૧ | ૮ | ૭ | ૫ | ૪ |
| ૮ | ૧ | ૫ | ૪ | ૯ | ૭ | ૩ | ૨ | ૬ |
| ૩ | ૯ | ૭ | ૧ | ૨ | ૬ | ૮ | ૪ | ૫ |
| ૪ | ૬ | ૨ | ૮ | ૩ | ૫ | ૧ | ૯ | ૭ |

## તા.૧૪/૧૦ ને બુધવારનું રાશિ ભવિષ્ય

### સંવંત ૨૦૮૨, આસો સુદ ચોથ, અનુરાધા નક્ષત્ર, આયુષ્માન યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ વૃશ્ચિક (ન,ય) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** અંગત જીવનમાં સારું રહે, મનોમંથન કરી શકો. વિચારોમાં પરિવર્તન જણાય, શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ) :** વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે, વિવાહિતને દામ્પત્ય જીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારીમાં સારું રહે, જાહેરજીવનમાં આગળ વધી શકો અને તમારું પ્રભુત્વ દર્શાવી શકો, દિવસ શુભ રહે.

**કર્ક (ડ,હ) :** વિદ્યાર્થીવર્ગને અભ્યાસમાં સારું રહે, વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સારું, સંતાન અંગે સારું રહે, યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈ શકો.

**સિંહ (મ,ટ) :** નવી વસ્તુની ખરીદી થાય, સુખ સગવડ પ્રાપ્ત થાય, અન્ય મિત્રોને મદદરૂપ બની શકો, દિવસ સંતોષજનક રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** ગણતરી પૂર્વક આગળ વધશો તો લાભ થશે, સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**તુલા (ર,ત) :** આર્થિક બાબતો માં મધ્યમ રહે, આવક જાવક સમજીને કરવા, મનમાં સંતોષ અને રાજીપો રહે, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા વ્યકિતત્વનો વિકાસ થાય, નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** કોઈ બાબતમાં વધુ દલીલથી દૂર રહેવું, વાદ-વિવાદથી દૂર રહેવું, અંગત મિત્રો સાથે મતભેદ નિવારવા પડે.

**મકર (ખ,જ) :** આકસ્મિત લાભ થાય, મુશ્કેલીમાં આશાનું કિરણ દેખાય, મુસાફરીના યોગ બની રહ્યા છે, દોડધામ રહે.

**કુંભ (ગ,સ,શ) :** વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** નસીબ સાથ આપતું જણાય, નવીન તક હાથમાં આવે પરંતુ તેને કાર્યમાં રૂપાંતરિત કરવા મહેનત કરવી જરૂરી બને છે.

# ‘અબતક સુરભી રાસોત્સવ’માં બીજા નોરતે ખેલૈયાઓનો ઉત્સાહ સાતમા આસમાને

## માર્ગી પટેલ, મિલન મહેર, જીગરદાન ગઢવી, શ્યામલ જાદવ, અનિતા શર્મા અને અલંકાર મોહતલિયા સહિતના ખ્યાતનામ કલાકારોએ સુરીલા કંઠ થકી જમાવટ કરી; હાઈફાઈ મ્યુઝિક, આકર્ષક લાઈટિંગ અને પારિવારિક માહોલ વચ્ચે હજારો ખેલૈયાઓ ગરબે ઘૂમ્યાં







**અબતક, રાજકોટ**

રાજકોટના રંગીલા આંગણે નવરાત્રીની રોનક જામી છે ત્યારે માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે યોજાઈ રહેલા ‘અબતક સુરભી રાસોત્સવ’માં બીજા નોરતે ખેલૈયાઓનો ઉત્સાહ સાતમા આસમાને જોવા મળ્યો હતો. જગતજનનની આદ્યશકિતની આરાધના સાથે ગરબાની રમઝટ માણવા મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉમટી પડ્યા હતા. ભક્તિ, સંગીત અને સંસ્કૃતિના ત્રિવેણી સંગમ સમા આ રાસોત્સવમાં નાના બાળકોથી લઈને યુવાનો અને મોટેરાઓ સુધીના ખેલૈયાઓએ મન મૂકીને ગરબે ઘૂમીને નવરાત્રીના ઉત્સવનો આનંદ માણ્યો હતો.

‘અબતક સુરભી રાસોત્સવ’ના બીજા નોરતે જાણીતા ગાયક કલાકારો માર્ગી પટેલ, મિલન મહેર, જીગરદાન ગઢવી, શ્યામલ જાદવ, અનિતા શર્મા અને અલંકાર મોહતલિયાએ પોતાના સુરીલા કંઠથી ખેલૈયાઓને ગરબાના રંગે રંગી દીધા હતા. એકથી એક ચડિયાતા ગાયક કલાકારોની સંગીતમય રજૂઆતથી મેદાનમાં ઉત્સાહનો માહોલ છવાયો હતો. કલાકારોના તાલબદ્ધ સૂર સાથે ખેલૈયાઓએ પરંપરાગત ગરબા અને રાસની રમઝટ બોલાવી હતી.

રાસોત્સવની શરૂઆત નિર્ધારિત સમયે ધર્મ અને સંસ્કૃતિની ઉપાસના તથા માતાજીની આરતી સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ ગાયક કલાકારોના સૂર અને તાલના સંગાથે હજારો ખેલૈયાઓ કલાકો સુધી અવિરત રાસ રમતા રહ્યા હતા. આધુનિક ટેકનોલોજી, હાઈફાઈ મ્યુઝિક સિસ્ટમ અને આકર્ષક લાઈટ ડેકોરેશનના સમન્વયે સમગ્ર ગ્રાઉન્ડમાં ઉત્સવનો માહોલ સર્જાયો હતો.

### વ્હાઈટ ડ્રેસ કોડમાં સજ્જ થઈને ખૈલયાઓ રમશે પરંપરાગત ‘મંડળી ગરબાં’

રાજકોટના માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે યોજાઈ રહેલા ‘અબતક સુરભી રાસોત્સવ’માં આજે ખેલૈયાઓ માટે એક વિશેષ અને રોમાંચક રાત્રિનું આયોજન કરવામાં આવ્યું છે. નવરાત્રીની પરંપરાગત ગરબા સંસ્કૃતિને જીવંત રાખવાના હેતુથી આજે મંડળી ગરબાની વિશેષ જમાવટ થશે. આ અનોખી શૈલીના ગરબા ગરબાપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.આજના કાર્યક્રમમાં રાત્રે ૧૨ વાગ્યા બાદ મંડળી ગરબાની અસલી રમઝટ જામશે.



તસવીરઃ પ્રવિણ દોંગા

## શાહબુદ્દીન રાઠોડ, હકાભા અને મનસુખ વસોયાએ ખેલૈયાઓને હાસ્ય રસથી લોથ પોથ કર્યા





તસવીરઃ શૈલેષ વાડોલીયા






# વિશ્વના ટોચના બે ટકા વૈજ્ઞાનિકોની યાદીમાં મારવાડી યુનિવર્સિટીના ૨૦ પ્રોફેસરોનો સમાવેશ

## મારવાડી યુનિવર્સિટી દ્વારા શૈક્ષણીક ગુણવતા અને વૈજ્ઞાનિક નવીનતા પર સતત ધ્યાન આપવાના કારણે યાદીમાં ગત વર્ષ કરતા વધારો નોંધાયો

**અબતક,રાજકોટ**

મારવાડી યુનિવર્સિટીએ સંશોધન ક્ષેત્રે વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ વધુ મજબૂત કરી છે. યુનિવર્સિટીના ૨૦ ફેકલ્ટી સભ્યોને સ્ટેનફોર્ડ યુનિવર્સિટી અને એલ્સેવિયરની વિશ્વના ટોચના ૨% વૈજ્ઞાનિકોની યાદીમાં સ્થાન મળ્યું છે. ગયા વર્ષે આ યાદીમાં યુનિવર્સિટીના ૧૭ ફેકલ્ટી સભ્યોનો સમાવેશ થયો હતો. આ વર્ષે સંખ્યામાં થયેલો વધારો સંશોધન, શૈક્ષણિક ગુણવત્તા અને વૈજ્ઞાનિક નવીનતા પર યુનિવર્સિટીના સતત ધ્યાનને દર્શાવે છે. આ યાદીમાં એન્જિનિયરિંગ, એપ્લાઇડ સાયન્સ, કમ્પ્યુટિંગ અને ટેક્નોલોજી સહિત વિવિધ ક્ષેત્રોના સંશોધકોનો સમાવેશ થાય છે. આ વિવિધ ક્ષેત્રોમાં યુનિવર્સિટીમાં થઈ રહેલા સંશોધન કાર્ય અને નિષ્ણાતોને દર્શાવે છે.





આ સિદ્ધિ અંગે મારવાડી યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. આર.બી. જાડેજાએ જણાવ્યું હતું કે, આ માન્યતા અમારા સંશોધકોની મહેનત અને સંશોધન તથા ઈનોવેશનને આગળ વધારવા માટે યુનિવર્સિટીની સતત પ્રતિબદ્ધતાનું પરિણામ છે.

આ યાદીમાં સ્થાન મેળવનારા ૨૦ ફેકલ્ટી સભ્યોમાં સુદીપ તનવર, શોભિત કે. પટેલ, વીરેન્દ્ર કુમાર યાદવ, રાજેશ ગુપ્તા, જુવેરિયા પરમાર, ગુલઝાર અહમદ નાયક, રણવિજય કુમાર, જસગુરપ્રીત સિંહ ચોહાણ, મોહમ્મદ શબાઝ, મોહમ્મદ શાહિદ, સુશીલ કુમાર સિંહ, મિતેશ બી. પટેલ, નિશાંત રંજન, ગુરુ અજય, રિઝવાન ખાન, નિલેશ કુમાર જાદવ, સુનીલ પ્રજાપત, ભાવના ગોયલ, સુનીલ પી. લવાડિયા અને મોહમ્મદ શહનવાઝ શેખનો સમાવેશ થાય છે.સંશોધન ઉપરાંત મારવાડી યુનિવર્સિટી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે શૈક્ષણિક ક્ષેત્રે પણ આગળ વધી રહી છે. ફત એશિયા યુનિવર્સિટી રેન્કિંગ્સ ૨૦૨૬માં યુનિવર્સિટીએ ૩૫૩મું સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત એનઆઈઆરએફની યુનિવર્સિટી, ફાર્મસી અને એન્જિનિયરિંગ કેટેગરીમાં પણ તેને સ્થાન મળ્યું છે. યુનિવર્સિટીને નેક તરફથી એ ગ્રેડ અને એનબીએ તરફથી Tier-1 માન્યતા મળી છે. ગુજરાત સરકારે પણ યુનિવર્સિટીને સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકે માન્યતા આપી છે.

# બાલભવન ખાતે 'કિડ્સ એન્ડ મોમ' નવરાત્રી મહોત્સવમાં બાળકો સંગીતના તાલે ઝુમી ઉઠ્યાં

**અબતક, રાજકોટ**



બાલભવન રાજકોટ દ્વારા નવરાત્રીનું એકમાત્ર એવું આયોજન કરવામાં આવે છે કે જ્યાં ફક્ત બાળકો ઓરકેસ્ટ્રાનાં તાલમાં, જગમગાટ રોશની અને માતાજીની આરાધના સાથે ઝુમી ઉઠે છે. બાલભવન રાજકોટનાં ટ્રસ્ટી ડો.યજ્ઞેશભાઈ જોષી અને ડો.અલ્પનાબેન ત્રિવેદીનાં માર્ગદર્શન હેઠળ બાલભવનનાં ઓફિસ સુપ્રીન્ટેન્ડેન્ટ કિરીટભાઈ વ્યાસ તથા બાલભવનની ટીમ દ્વારા બાળકો તથા મમ્મીઓ - બહેનો માટે કિડ્સ એન્ડ મોમ નવરાત્રિ મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવેલ છે. જેમાં બાલભવનનાં વિશાળ જોકર ગ્રાઉન્ડમાં ઓરકેસ્ટ્રા વસંત સાઉન્ડનાં તાલે રાત્રે ૮:૩૦ થી ૧૧:૩૦ દરમ્યાન ૫ થી ૧૦ વર્ષ (એ -ગૃપ) ૧૧ થી ૧૬ વર્ષ (બી - ગૃપ ) અને ૧૬ વર્ષથી મોટા બહેનો (સી - ગૃપ ) પ્રમાણે સીઝન પાસ ધરાવતા ખેલૈયાઓએ ગરબા - દાંડિયારાસની રમઝટ બોલાવી સાથે સનેડો, ભાઈભાઈ અને ટીટોડાનાં તાલમાં પણ ઝુમ્યા તથા બાલભવનની ખાસ કૃતિ વંદે માતરમ તો બાળકોની સાથે ઉપસ્થિત તમામ મહેમાનો - વાલીઓનાં મનમાં વસી ગઈ. રોજેરોજ ૫૦ જેટલા બાળકો - બહેનોને પ્રિન્સ - પ્રિન્સેસ જાહેર કરી ઈનામ પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવતી પરંપરા આ વર્ષે પણ જળવાઈ રહી તથા ડેઈલી પાસ ધરાવતા બાળકોમાંથી પણ વિજેતાઓને ઈનામ આપી સન્માનીત કરાયા.

પ્રથમ નોરતે સુશીલાબેન જોષી, રાજેશભાઈ પાટડિયા, સ્મિતાબેન ઝાલા, રંજનબેન પોપટ સહિતનાં મહેમાનોએ દિપ પ્રાગટ્ય તથા માં જગદંબાની આરતીથી કાર્યક્રમની શરૂઆત કરી તેમજ નિર્ણાયકો તુલસીબેન વર્મા, મીતલબેન રાવલ, રૂત્વીબેન જાડેજા અને રૂત્વીબેન ત્રિવેદીએ ૭૦૦ જેટલા ભુલકાઓ - બહેનોમાંથી ૫૦ જેટલા બાળકો પ્રિન્સ - પ્રિન્સેસ વિજેતા થયા હતા. કાર્યક્રમ સંચાલન માલાબેન રાઠોડે કરેલ હતું.

# સોનમ ગરબા રાસોત્સવમાં વિજેતાઓને પર લાખેણાં ઈનામોનો વરસાદ



રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર યોજાઈ રહેલા સોનમ ગરબા રાસોત્સવમાં પ્રથમ બે દિવસમાં જ હૈયું હૈયું દળાય એટલી ભીડ ઉમટી પડી છે. વિશ્વ વણિક નવનાત સમાજ અને જૈન વિઝન દ્વારા આયોજિત આ રાસોત્સવમાં હજારો ખેલૈયાઓ ગરબે ઘૂમી રહ્યા છે. ખેલૈયાઓના ઉત્સાહ અને આયોજનની વ્યવસ્થાને જોતાં ઉપસ્થિત લોકોએ રાસોત્સવને સરાહ્યો છે. ગરબા રમતા ખેલૈયાઓને નિહાળવા માટે પણ મોટી સંખ્યામાં શહેરીજનો ઉમટી રહ્યા છે.

સોનમ ગરબા રાસોત્સવમાં ગાયકોના સુરીલા કંઠ, ઓર્કેસ્ટ્રાના તાલ અને ખેલૈયાઓનાં અદભુત સ્ટેપ્સનો ત્રિવેણી સંગમ જોવા મળી રહ્યો છે. સંગીત અને ગરબાની

(અનુ. આઠમા પાને)

# નાગરિક સહકારી બેંક આયોજીત રક્તદાન કેમ્પમાં ૮૩૨ બોટલ રક્ત એકત્રિત

## બેંકના ૭૪માં સ્થાપના દિને આયોજિત કેમ્પમાં એકત્રિત થયેલ રક્ત થેલેસેમિયાના દર્દીઓને ઉપયોગી થશે



**અબતક, રાજકોટ**

નાગરિક સહકારી બેંક લિ.નાં ૭૪ સ્થાપના દિન, બેંક-ડે અંતર્ગત રાજકોટ અને બહારગામની શાખાઓમાં રક્તદાન મહાશિબિરનું સફળ આયોજન કરાયું હતું અને તેમાં ૮૩૨ બોટલ રક્ત એકત્રિત થયેલું.

બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠક અને ઈન્ચાર્જ વાઈસ ચેરમેન સીએ. ચંદ્રેશભાઈ ધોળકીયાની સંયુક્ત યાદી જણાવે છે કે, સ્થાપના દિન અવસરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયેલું છે. બેંકની હેડ ઓફિસ અને શાખાઓમાં રક્તદાન શિબિરમાં સહુએ ઉત્સાહભેર ભાગ લીધો અને સહિયારા પુરુષાર્થથી ૮૩૨ બોટલ રક્ત એકત્રિત થયું. આ રક્ત સિવીલ હોસ્પીટલના થેલેસેમીયાના દર્દીઓ તેમજ જરૂરીયાતમંદ લોકોને ઉપયોગી થશે. અન્ય કાર્યક્રમોની સાથે રક્તદાન મહાશિબિર થકી સમાજ માટે કંઈક કર્યાનો આનંદ છે અને આ ઉજવણી સાર્થક લાગી રહી છે.'

રાજકોટમાં બેંકની હેડ ઓફિસ ખાતે યોજાયેલ રકતદાન મહાશિબિરમાં દિનેશભાઈ પાઠક (ચેરમેન), સીએ. ચંદ્રેશભાઈ

(અનુ. આઠમા પાને)

# વેસ્ટર્ન ઈન્ડિયા રિજિયોનલ કાઉન્સિલના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં 'એકાઉન્ટિંગ મ્યુઝિયમ'નું ઉદ્દ્ઘાટન

## આઈસીએઆઈ રાજકોટ બ્રાન્ચ દ્વારા આર.કે. યુનિવર્સિટી ખાતે આયોજિત સેમિનારમાં ઈન્કમ ટેક્સ અને જીએસટીના વિષયો પર તજજ્ઞોનું માર્ગદર્શન

**અબતક, રાજકોટ**



ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) ની રાજકોટ બ્રાન્ચ (ડબલ્યુઆઈઆરસી) દ્વારા ફુલ ડે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડબલ્યુઆઈઆરસીના હોદ્દેદારોએ રાજકોટ બ્રાન્ચની ખાસ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન આર. કે. યુનિવર્સિટી ખાતે ડબલ્યુઆઈઆરસી દ્વારા 'એકાઉન્ટિંગ મ્યુઝિયમ'નું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું, જે એકાઉન્ટિંગ ક્ષેત્રના ઈતિહાસ અને વિકાસને સમજવા માટે મહત્વપૂર્ણ પહેલ છે. આ ઉપરાંત પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી પ્રોત્સાહનના હેતુથી વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાયો હતો.આ કાર્યક્રમમાં ડબલ્યુઆઈઆરસીના ચેરમેન સીએ સૌરભ અજમેરા, વાઈસ ચેરમેન સીએ રિકિન પટેલ, સેક્રેટરી સીએ બિશન શાહ, ટ્રેઝરર સીએ રાકેશ શાહ અને વિકાસાના ચેરમેન સીએ રાજેશ અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા. રાજકોટ બ્રાન્ચ તરફથી ચેરમેન સીએ મૌલિક બગડાઈ, વાઈસ ચેરમેન તથા વિકાસા ચેરમેન સીએ ધવલ દોશી, સેક્રેટરી સીએ જયેશ ધનેજા, ટ્રેઝરર સીએ હિરેન રાયચુરા, ઈમિડિયેટ પાસ્ટ ચેરમેન સીએ રાજ મારવાણીયા તેમજ કમિટી મેમ્બર્સ સીએ વિપુલ દત્તાણી અને સીએ બાદલ સોનપાલ હાજર રહ્યા હતા.સેમિનારમાં સભ્યોના વ્યાવસાયિક જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી નિષ્ણાત વકતાઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સેમિનારમાં સીએ (એડવોકેટ) ધિનલ શાહ (અમદાવાદ) દ્વારા ''રીસન્ટ જજમેન્ટ્સ ઓફ ઈનકમ ટેક્સ'', શ્રી વિકાસ સેથી દ્વારા ''ઈન્વેસ્ટમેન્ટ ટોક'' હેઠળ રોકાણ અંગેની માહિતી તેમજ સીએ જીગર શાહ (અમદાવાદ) દ્વારા ''રીસન્ટ ડેવલપમેન્ટ્સ ઈન જીએસટી'' વિષય પર વિસ્તૃત ચર્ચા કરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# જૈનમ રાસોત્સવમાં મુંબઈની ઓરકેસ્ટ્રા ટીમ અને પાંચ ગાયકોની જુગલબંધીથી ખેલૈયાઓ ખીલ્યાં

## ૨૨થી વધુ સાજીંદાઓ અને પાંચ ગાયકોએ ગુજરાતી, હિન્દી, મરાઠી ગીતો તથા ભાંગડાની ધૂનથી જમાવટ કરી; મંડળી ગરબાના અનોખા કોન્સેપ્ટને પણ ખેલૈયાઓનો પ્રતિસાદ






**અબતક, રાજકોટ**

રાજકોટમાં જૈનમ-મુકેશભાઈ દોશી (મોડર્ન) નવરાત્રી મહોત્સવ-૨૦૨૬માં બીજા નોરતે સંગીત, ગરબા અને ઉત્સાહનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. ખાસ મુંબઈથી આવેલી ૨૨થી વધુ સાજીંદાઓની ઓરકેસ્ટ્રા ટીમ અને પાંચ ગાયકોએ પોતાની આગવી રજૂઆતથી રાસોત્સવમાં જમાવટ કરી હતી. ઓરકેસ્ટ્રામાં માત્ર ૧૭ વર્ષની વયે સેક્સોફોન વગાડતી મહિલા કલાકાર સહિતના સંગીતકારોએ મહિલા અને પુરુષ ગાયકો સાથે સુંદર તાલમેલ સાધીને સંગીતપ્રેમીઓનું મન મોહી લીધું હતું.ગુજરાતી અને હિન્દી ગીતો ઉપરાંત મરાઠી ગીતો તથા ભાંગડાની ધૂન પર ખેલૈયાઓ મન મૂકીને ઝૂમ્યા હતા. સંગીતની વિવિધતાસભર રજૂઆતથી આમંત્રિત મહેમાનો અને દર્શકો પણ ગરબાના રંગે રંગાયા હતા. ગાયકો અને સંગીતકારોની જુગલબંધીને ખેલૈયાઓએ ઉત્સાહભેર વધાવી હતી.

જૈનમ રાસોત્સવમાં આ વર્ષે પ્રથમ વખત મંડળી ગરબાનો નવો કોન્સેપ્ટ રજૂ કરવામાં આવ્યો છે. મેદાનમાં ખાસ જગ્યા પર સિલિકા પાથરીને ખેલૈયાઓને બુટ-ચપ્પલ વગર ખુલ્લા પગે ગરબા રમવાનો અનોખો અનુભવ આપવામાં આવી રહ્યો છે. આ વ્યવસ્થાનો લાભ લઈને ખેલૈયાઓએ આનંદ વ્યક્ત કર્યો હતો. જૈનમ દ્વારા દર વર્ષે કંઈક નવું આપવાના પ્રયાસના ભાગરૂપે આ નવીન પ્રયોગ કરવામાં આવ્યો છે.

### બીજા નોરતે વિવિધ કેટેગરીમાં વિજેતા ખેલૈયાઓનું સન્માન

રાસોત્સવના બીજા નોરતે વિવિધ કેટેગરીમાં બેસ્ટ પ્લેયર સ્પર્ધા યોજાઈ હતી. પ્રિન્સ કેટેગરીમાં પ્રથમ સ્થાને યશ મહેતા, બીજા સ્થાને અભિષેક દોશી અને ત્રીજા સ્થાને મનન વોરા વિજેતા બન્યા હતા. પ્રિન્સેસ કેટેગરીમાં પ્રથમ વિધી કોઠારી, બીજા ક્રમે વિરાંથી ડેલીવાળા અને ત્રીજા ક્રમે ધાર્ષિ દોશી વિજેતા બન્યાં હતાં.કિડ્સ પ્રિન્સ કેટેગરીમાં પ્રથમ નિર્મિત શાહ, બીજા દેવાંશુ વોરા અને ત્રીજા માન મહેતા રહ્યા હતા. કિડ્સ પ્રિન્સેસ કેટેગરીમાં પ્રથમ કીયારા ઝાટકીયા, બીજા નૈત્રી ઝાટકીયા અને ત્રીજા દેવાંશી દોશી વિજેતા બન્યાં હતાં.સિનિયર વેલડ્રેસ પ્રિન્સ કેટેગરીમાં પ્રથમ મીત ગાંધી, બીજા હર્ષ વોરા અને ત્રીજા હર્ષ ગાંધી રહ્યા હતા. સિનિયર વેલડ્રેસ પ્રિન્સેસ કેટેગરીમાં પ્રથમ વેદાંશી વોરા, બીજા બંસી ગૌરાણીયા અને ત્રીજા નિષ્ઠા ઉંચાટ વિજેતા બન્યાં હતાં.જુનિયર વેલડ્રેસ કિડ્સ પ્રિન્સ કેટેગરીમાં પ્રથમ પ્રાંશુ શેઠ, બીજા તંશ મહેતા અને ત્રીજા તીર્થ શાહ રહ્યા હતા. જુનિયર વેલડ્રેસ કિડ્સ પ્રિન્સેસ કેટેગરીમાં પ્રથમ અનાયા શેઠ, બીજા રૂત્વી વોરા અને ત્રીજા નાથરા ગાંધી વિજેતા જાહેર થયાં હતાં.

# આઈ.એ.એસ. અધિકારીનો સ્વાંગ રચી મફત ભેંસ ખરીદવા આવેલો બહુરૂપિયો ઝડપાયો

## મહારાષ્ટ્રના અધિકારી તરીકે ઓળખ આપી પ્રાંત અધિકારીને ફોન કરી સર્કિટ હાઉસમાં રૂમ બુક કરાવવા જણાવ્યું

### પ્રાંત અધિકારી અને નાયબ મામલતદારે તપાસ કરતા બોગસ અધિકારીનો ભાંડો ફૂટ્યો : પ્ર. નગર પોલીસે ગુનો નોંધી સઘન પૂછપરછ આદરી

**અબતક, રાજકોટ**

શહેરમાંથી નકલી આઈએએસ અધિકારી ઝડપાયો છે. મફત ભેંસ ખરીદવા મહારાષ્ટ્રનાં શખ્સે પોતાની ઓળખ આઈએએસ અધિકારી તરીકે આપી પ્રાંત અધિકારીને ફોન લેઈ સર્કિટ હાઉસમાં રૂમની વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. જે બાદ પ્રાંત અધિકારી અને નાયબ મામલતદારે તપાસ કરતા પોતાને આંઈએએસ અધિકારી રાહુલસિંહ તરીકે ઓળખાવતો શખ્સ ફક્ત બહરૂપિયો હોવાનુ અને અહીં મફત ભેંસ ખરીદવા આવ્યાનું ખુલ્યું હતું. જેથી પ્ર. નગર પોલીસે ગુનો નોંધી મહારાષ્ટ્રનાં શખ્સને અટકાયતનાં લઈ સઘન પૂછપરછ આદરી હતી.

બનાવ અંગે મોટા મવા વિસ્તારમાં આવેલ કદમ હાઈટ્સમાં રહેતાં અને રાજકોટ પ્રાંત ઓફીસ જુની કલેક્ટર કચેરી ખાતે નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા યોગીરાજસિંહ ગોહીલ (ઉ.વ.૩૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પ્રશાંત શાંતારામ કચવે (રહે. કાલખેડે, આશ્રમ સ્કૂલ રોડ, ધુલે, મહારાષ્ટ્ર) નું નામ આપતાં પ્ર. નગર પોલીસે બીએનએસ ૨૦૪ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ જુની કલેક્ટર કચેરી ખાતે નાયબ મામલતદાર તરીકે છેલ્લા સાતેક માસથી ફરજ બજાવે છે. ગઈકાલે તેઓ પોતાની ફરજના સ્થળે હાજર હતાં. ત્યારે પ્રાંત અધીકારી અતુલસિંહએ રૂબરૂ ઓફીસમા બોલાવી જણાવેલ કે, વર્ષ ૨૦૨૩ ના એક આઈ.એ.એસ. અધીકારી આવેલ છે, તેનો મોબાઈલ નં. ૭૫૧૭૭૬૯૭૦૫ થી મને ફોન આવેલ છે, અને તે કોઈ કામ અર્થે રાજકોટ આવેલ છે, તેની સાથે તેમની ગર્ભવતી પત્નિ છે તે પણ આવેલ છે. તેના માટે સરકારી ગેસ્ટ હાઉસમા રૂમ બુક કરાવવાનો મને ફોન આવેલ છે, તો તમને હુ તેમનો કોન્ટેક્ટ નંબર આપુ છુ, તેની સાથે વાત કરી લો.

જેથી ફરીયાદીએ તે મોબાઈલ નંબર ઉપર ફોન કરી પુછેલ કે, આપનુ નામ, હોદ્દો તેમજ આપનુ પોસ્ટીંગ કઇ જગ્યાએ છે પૂછતાં કોઈ સંતોષકારક જવાબ ન આપતા તેઓએ પ્રાંત અધીકારી અતુલસિંહને ફોન કરી જણાવેલ કે, જે માણસનો તમે કોન્ટેક્ટ નંબર આપેલ તેમની પાસે વિગતો માંગતા તે માણસ કોઈ સંતોષકારક જવાબ આપી સકેલ નથી, જેથી તે વ્યક્તી શંકાસ્પદ જણાય છે.

જેથી પ્રાંત અધિકારીએ જણાવેલ કે, હાલ હુ મીટીંગમા હોઈ પરત આવી પછી જોઈ લઈએ.

જે બાદ પ્રાંત અધિકારી ઓફીસે આવી તે નંબર વાળા વ્યકતીને ફોન કરી ઓફીસે બોલાવતા તે વ્યક્તી મળવા માટે ઓફીસે સાંજના સાડા સાતેક વાગ્યે આવેલ હતો. તેમનુ નામ પૂછતા તે વ્યકતીએ પોતાનુ નામ રાહુલસિંહ આઈ.એ.એસ. અધીકારી વર્ષ ૨૦૨૩ ની બેન્ચ રાજ્ય મહારાષ્ટ્રની હોવાનુ જણાવ્યું હતુ. પ્રાંત અધિકારી અને ફરીયાદીને જે ઓળખાણ આપેલ તે ખોટી હોવાનુ જણાતા ફરીવાર તેનુ નામ પૂછતા પોતે પોતાનુ નામ પ્રશાંત શાંતારામ કચવે હોવાનુ અને પોતે આઈ.એ.એસ. અધીકારી તરીકે ખોટો હોદ્દો ધારણ કરી પ્ર.નગર પોલીસ મથકમાં તેમજ સરકારી ગેસ્ટ હાઉસના મેનેજર જીગ્નેશ બાવડા ને પણ આઈ.એ.એસ. અધીકારી તરીકે ન હોવા છતા ખોટો હોદ્દો ધારણ કરી ગુન્હો કરેલ હોવાથી ફરીયાદ નોંધાવી હતી.બનાવ અંગેની ફરીયાદ પરથી પ્ર. નગર પોલીસે ગુનો નોંધી પીઆઈ એમ.ડી.મકવાણાની રાહબરીમાં પીએસઆઈ ડી. એસ.ગજેરા અને ટીમે તપાસ આદરી હતી. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે પકડાયેલ શખ્સ મહારાષ્ટ્રમાં ભેંસની દલાલીનો ધંધો કરતો હોવાનું સામે આવ્યું છે અને અહીં તે આઈએએસ અધિકારીની ઓળખ આપી પશુપાલકો પાસેથી મફતમાં ભેંસ ખરીદવાની પેરવીમાં હોવાનું પ્રાથમિક તરણો સામે આવ્યું છે. હાલ પોલીસે તેના રિમાન્ડ મેળવી વધુ પૂછતાછ હાથ ધરવાની તજવીજ આદરી છે.

# યુવતીના પર્સમાંથી નોકરાણીએ રૂ.૧.૧૯ લાખની મતા કાઢી લીધી

### ભાણેજની ખબર કાઢવા આવતા નોકરાણીએ કળા કરી : સોનાનો ચેઈન અને રોકડ સેરવી લીધી, ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ ખાતે માતા સાથે મામાની દીકરીનાં ઘરે આવેલી યુવતિના પર્સમાંથી રૂ. ૧.૧૯ લાખની કિંમતનો ચેઈન અને રોકડની ચોરી કરી લેવાઈ હતી. જૂનાગઢ યુવતી રાજકોટ ખાતે ભાણેજની ખબર પૂછવા આવતા અહીં તેમના ઘરમાં કામ કરતી નોકરાણીએ પર્સમાં હાથફેરો કરી લીધો હતો. જે મામલે યુવતીએ ગાંધીગ્રામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જૂનાગઢ નવી કલેક્ટર કચેરી પાસે શ્રીજી પાર્કમાં રહેતી ૨૯ વર્ષીય યુવતી સિધ્ધિબેન ભગવતીપ્રસાદ નિમાવતે નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે નીતાબેન નામની મહિલાનું નામ આપી જણાવ્યું હતુ કે, મારા મામાની દીકરી પ્રિતીબેન હર્ષદભાઈ કુબાવત રાજકોટ ખાતે રહે છે. પ્રિતિબેન કુબાવતને સંતાનમા બે દિકરીઓ હોય જેમા મોટી દીકરી વિધિબેન (ઉ.વ.૨૧)ને કિડનીની બિમારી હોય જેથી હુ તથા મારી માતા ઈન્દુમતીબેન રાજકોટ ખાતે મદદ અર્થે આવેલ હતા.

વધુમાં યુવતીએ ફરિયાદમાં જણાવ્યું હતુ કે, ગઈ તા.૧૮/૦૪/૨૦૨૬ ના રોજ હું તથા મારી માતા ઈન્દુમતીબેન સાથે મારા મામાની દીકરી પ્રિતીબેન હસમુખભાઈ કુબાવત (રહે- ડીવાઈન સીટી, માધાપર ચોકડી)ના ઘરે તેમની દીકરી વિધિની ખબર અંતર પૂછવા ગયેલ હતા. બાદ તા.૨૪/૦૪/૨૦૨૬ ના રોજ હું તથા મારા મમ્મી રાજકોટથી જુનાગઢ ખાતે અમારી ફોર વ્હીલ કારમાં પરત પહોંચ્યા હતા. જુનાગઢ જઈને મારા થેલા જેવાં પર્સ જેમા સોનાનો ચેઈન તથા રોકડા રુપિયા ૩૫૦૦ રાખેલા હતા. તે પર્સ જોતા જે તપાસ કરતા મને ખબર પડેલ કે કોઈ મારા થેલામાંથી સોનાનો ચેઈન અને રોકડમી ચોરી થઈ ગયેલ હતી. બાદ મને જાણવા મળેલ કે મારા બહેન પ્રિતિબેનના ઘરે કામ કરનાર નિતાબેને અગાઉ પ્રિતિના ઘરમા ચોરી કરેલ હતી. નિતાબેને ચોરીનો માલ-સામાન પરત આપેલ હોય જેથી મારી બહેન પ્રિતિએ કોઈ પોલીસ ફરીયાદ કરેલ નહીં.

જેથી સમગ્ર મામલે નીતાબેન સાથે વાત કરતા તેણે ચોરીની કબૂલાત આપી દીધી હતી. બાદ મારો ૧૦.૧૭૦ ગ્રામનો સોનાનો ચેઈન જેની કિંમત રૂ. ૧,૧૬,૪૯૧ અને રોકડ રૂ. ૩૫૦૦ મળી કુલ રૂ. ૧,૧૯,૯૯૧ ની મતાને બદલે નિતાબેને મને મારા ચેઈનની કિંમત પ્રમાણે દર મહીને ૫૦૦૦ લેખે આપવાનુ નક્કી કરેલ હતુ પરંતુ નિતાબેને કોઈ પણ રકમ નહિ આપતાં અંતે યુવતીએ ગાંધીગ્રામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# મેટોડા જીઆઈડીસી સ્થિત લીટલમેન ફેકટરીમાં મોડી રાત્રે ભીષણ આગ

### કોલ મળતા ફાયર બ્રિગેડનો કાફલો દોડ્યોઃ અઢી કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવાયોઃ સદનસીબએ જાનહાની ટળી

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલ મેટોડા જીઆઈડીસીમાં ગેટ નંબર એક પાસે લીટલમેન ભૂસા બોર્ડની ફેક્ટરીમાં રાત્રીના આગ લાગી હતી. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક દોડી ગયો હતો અને પાણીનો મારો ચલાવી અંદાજિત અઢી કલાકે આગ પર પર કાબુ મેળવ્યો હતો. ફાયરની ટીમે અહીં અંદાજિત ૧૦ થી ૧૫ લાખનો સામાન બચાવી લીધો હતો. જ્યારે ત્રણેક લાખ જેવું નુકસાન થયાનું જાણવા મળ્યું છે. સદભાગ્યે આગની આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી.

આગના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, મેટોડા જીઆઈડીસી ગેટ નંબર ૧ માં આવેલી લીટલમેન પ્રોડક્ટની ફેક્ટરીમાં ગઈકાલ રાત્રીના ૨:૪૫ વાગ્યા આસપાસ આગની ઘટના બની હતી. જે અંગે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયરની ટીમ તાકીદે અહીં પહોંચી હતી અહીં આવી જોતા કારખાનામાં આવેલા રબર બેલ્ટ એલિવેટરમાં આગ લાગી હતી જે અહીં આસપાસ પ્રસરી ગઈ હતી. ફાયર બ્રિગેડના સ્ટાફે અંદાજિત અઢી કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. આગની આ ઘટનામાં અહીં રહેલ ભુસા સહિતનો સામાન સળગીને ખાખ થઈ ગયો હતો જો કે. ફાયરના સ્ટાફે આજુબાજુના ફાઈબરના પતરમાં આગ વધુ ફેલાય તે પૂર્વે કાબૂ મેળવી લીધો હતો. જેના પગલે છૂટું ભૂસુ તથા તૈયાર માલ સહિત ૧૦ થી ૧૫ લાખનો સામાન બચાવી લીધો હતો.આગની આ ઘટનાની જાણ થતા ફેક્ટરીના માલિક રૂલિનભાઈ પરેશભાઈ ટોળીયા અહીં બનાવસ્થળે દોડી આવ્યા હતા તેમના જણાવ્યા મુજબ, આગની આ ઘટનામાં અંદાજિત ત્રણેક લાખ જેટલું નુકસાન થયું છે. જોકે આગ કયાં કારણોસર લાગી હતી તે હજુ જાણી શકાયું નથી. આગ ઓલવવાની આ કામગીરીમાં નાનામવા ફાયર સ્ટેશનના સ્ટેશન ઓફિસર એસ.આર. નડિયાપરા, તેજસભાઈ તથા સ્ટાફમાં હરીચંદ્રસિંહ જાડેજા, નવજીતસિંહ જાડેજા, પ્રદ્યુમનસિંહ, સિધ્ધરાજસિંહ સહિતના સાથે રહ્યા હતા.

#### કુવાડવા રોડ પર શહીદ ઉધમસિંહ ટાઉનશીપમાં કાળજુ કંપાવતી ઘટના

# અઢી વર્ષની બાળકી છઠ્ઠા માળેથી પટકાતા મોત, હત્યાની શંકાએ પોલીસ દોડતી થઈ

### ચાર ફૂટની દિવાલ પર અઢી વર્ષની બાળકી ચડી શકે નહિ, બી-ડિવિઝન પોલીસે ફોરેન્સિક પીએમ કરાવી તપાસ તેજ કરી

**બનાવ પહેલા પડોશીના ફૂલછોડના બે કુંડા કોઈએ નીચે ફેંકીયા, બાળકી તે જોઈ ગઈ હોય અને વિકૃત શખ્સે ફેંકી દીધી હોવાની પરિવારની આશંકા, વિંગમાં CCTV ન હોવાથી તપાસ પડકારરૂપ**

**અબતક, રાજકોટ**

શહેરના કુવાડવા રોડ પર ડી માર્ટ પાછળ આવેલી શહીદ ઉધમસિંહ ટાઉનશીપમાં રહેતા પરિવારની અઢી વર્ષની બાળકી પાંચમા માળેથી પડી જતા મોત નિપજયાના બનાવમાં બાળકીને ઉંચકીને નીચે ફેંકી દઈ હત્યા કરી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં શંકાસ્પદ જણાઈ રહ્યું છે. બનાવના પગલે પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે.વધુ વિગત મુજબ શહેરના કુવાડવા રોડ પર ડી-માર્ટ પાછળ શહીદ ઉધમસિંહ ટાઉનશીપમાં સી-વિંગમાં ફ્લેટ નં. ૫૦૪માં રહેતાં જગદીશભાઈ બાબુભાઈ પરસોડાની દોહીત્રી સ્નેહલ સંજયભાઈ સાકરીયા (ઉ.વ.૨.૫)નું પાંચમા માળેથી પટકાતા ગંભીર ઈજાઓ થઈ હતી. ઘટનાની જાણ પરિવાર અને સ્થાનિકોને થતા દોડી ગયા હતા અને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી પરંતુ ત્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવારમાં આક્રંદ સર્જાયો હતો. આ બનાવની જાણ બી ડિવિઝન પોલીસને થતા સ્ટાફ બનાવ સ્થળે અને હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું ફોરેન્સિક પીએમ કરાવ્યું હતું.બાળકી છઠા માળેથી નીચે પટકાઈ હતી એ દીવાલ ચાર ફૂટ જેટલી ઉંચી હોવાથી અઢી વર્ષની બાળકી ઉપર ચડી શકે નહિ આથી તેને કોઈએ ઉંચકી ને નીચે ફેંકી હોવાની શંકાના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.બનાવ અંગે બાળકીના નાના જગદીશભાઈ પરસોડાના જણાવ્યા મુજબ મારી દિકરી પૂનમબેન સંત કબીર રોડ રાજારામ સોસાયટી પાસેની શક્તિ સોસાયટીમાં સાસરે છે. તેણીના લગ્ન ત્રણ વર્ષ પહેલા સંજયભાઈ વશરામભાઈ સાકરીયા સાથે થયા છે. તેણીને સંતાનમાં એક દિકરી સ્નેહલ હતી. દીકરી જમાઈ વચ્ચે મનમેળ ન હોવાથી દીકરી એક વર્ષથી પુત્રી સ્નેહલ સાથે મારા ઘરે રહેતી હતી.જયારે દોહીત્રીનો બનાવ બન્યો એ પહેલા અમારી બાજુમાં રહેતા વર્ષાબેનના ફુલછોડના બે કુંડા કોઈએ નીચે ફેંકી દીધા હતાં. કદાચ દોહિત્રી આ જોઈ ગઈ હોય અને કોઈ વિકૃત શખસે તેને ઉઠાવી ને ફેંકી દીધી હોય તેમ લાગી રહ્યું છે.વિંગમાં કે આસપાસમાં સીસીટીવી કેમેરા પણ ન હોવાથી પોલીસ માટે પણ ઘટના પડકાર રૂપ બની છે. બી ડિવિઝન પોલીસે વિવિધ દિશામાં તપાસ યથાવત રાખી પુછપરછ હાથ ધરી છે.

# અટીકા ફાટક પાસે કારખાનેદારનો ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત

### આર્થિક ભીંસથી કંટાળીને જીવન ટૂંકાવ્યું હોવાનું તારણઃ માલવિયાનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી

**અબતક રાજકોટ**

શહેરની અટીકા રેલ્વે ફાટક પાસે સવારે ૮ વાગે રાજકોટ પોરબંદર જતી ટ્રેન હેઠળ પીપળીયા હોલ પાસે રહેતા કારખાનેદારે ઝંપલાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે ઘટનાની જાણ થતા માલવયા નગર પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકે આર્થિક ભીસથી કંટાળીને આપઘાત કર્યાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે

### નવા મકાનનું વાસ્તુ પૂજન પૂર્વે ઘરના મોભીએ પગલું ભરી લેતા પરિવારમાં ગમગીની છવાઈ

આ અંગે મળતી માહિતી મુજબ શહેરમાં દિવસે અને દિવસે આપઘાતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે પીપળીયા ઓલ પાસે રામેશ્વર મેન રોડ પર રહેતા શાંતિભાઈ મેઘજીભાઈ ચાવડા ઉંમર વર્ષ ૭૦ વર્ષીય વૃધ્ધએ આજે સવારે ૮ વાગ્યા આસપાસ અટીકા ફાટક પાસે રાજકોટ પોરબંદર જતી ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત દીધો હતો ઘટનાની જાણ થતા માલવિયાનગર પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને ફોરેન્સિક મળશે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકે આર્થિક ભીસથી કંટાળીને આપઘાત કર્યાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છેથોડા દિવસ પછી નવા મકાનમાં વાસ્તુ લેવાનું હતું મૃતક પોતે ખેતીના ઓજાર બનાવવાનું કારખાનું ધરાવતા હોય તેમજ સંતાનમાં ૨ પુત્ર ૧ પુત્રી ૪ ભાઈ ૧ બેન મોટાના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ હતી આ અંગે માલવિયા પોલીસ સ્ટેશનના પીએસઆઈ સિ.પી રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે

# સામું જોવા બાબતે ખોડિયાર માતાના ઓટા પર બેઠેલા યુવાન પર જીવલેણ હુમલો

### કુબલિયાપરામાં માસીયાઈ બહેનને ત્યાં જમવા ગયેલા મનીષ ઉર્ફે મનિયો રાઠોડ પર મહેશ સોલંકી, પુત્ર ટકો અને મામા કૃણાલ ઉર્ફે પબ્બોએ છરીના ઘા, તલવારનો ઉંધો ઘા માર્યો

### થોરાળા પોલીસે પિતા-પુત્ર સહિત ત્રણ સામે ગુનો નોંધી મહેશ સોલંકીને ઝડપી લીધો, બે આરોપીની શોધખોળ

**અબતક,રાજકોટ**

શહેરમાં કથળેલી કાયદો અને વ્યવસ્થાથી ખૂન ખૂનની કોશિશ લૂંટ અને મારામારી જેવા બનાવો શેર બજારના સેન્સેક્સની જેમ ઉછાળો જોવા મળ્યો છે.જેમા સામું જોવા જેવી નજીવી બાબતે યુવાન પર પિતા-પુત્ર સહિત ત્રણ શખસોએ તીક્ષણ હથિયાર વડે હુમલો કરી તેને ગંભીર ઈજા પહોંચાડી હતી. થોરાળા પોલીસે ગુનો નોંધી એક આરોપીને ઝડપી લીધો હતો જયારે બે આરોપીઓને ઝડપી લેવા શોધખોળ શરૂ કરી છે. વધુ વિગતો મુજબ, આજીડેમ ચોકડી પાસે યુવરાજનગર નજીક જીવરાજનગર મફતિયાપરામાં રહેતા મનીષ ઉર્ફે મનીયો મનસુખભાઈ રાઠોડ (ઉ.વ.30) નામના યુવાને નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કુબલીયાપરામાં રહેતા મહેશ જીતુભાઈ સોલંકી તેનો પુત્ર ટકો અને તેના મામા કૃણાલ ઉર્ફે પબ્બો દેવીપુજકના નામ આપ્યા છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે કુબલીયાપરામાં તેની માસીયાઇ બહેનના ઘરે જમવા ગયો હતો. દરમિયાન રાત્રીના ત્રણેક વાગ્યે આસપાસ તે તથા તેનો મિત્ર હસમુખ ઉર્ફે કાળુ મહેશભાઈ મકવાણા બંને અહીં કુબલીયાપરામાં ખોડીયાર માતાના મંદિરના ઓટા પર બેઠા હતા. દરમિયાન ટકો અને કૃણાલ ઉર્ફે પબ્બો બંને અહીંથી નીકળ્યા હતા અને યુવાને કહ્યું હતું કે, સામું કેમ જુઓ છો તેમ કહી બોલાચાલી કરવા લાગ્યો હતો. થોડીવાર બાદ મહેશ સોલંકી અને તેનો પુત્ર ટકો છરી સાથે તથા તેના મામા કૃણાલ ઉર્ફે પબ્બો તલવાર લઈને અહીં ધસી આવ્યો હતો. બાદમાં યુવાન પર આ ત્રણેય શખસોએ હુમલો કરી દીધો હતો જેમાં મહેશે યુવાને બાવળાના ભાગે છરીના જોરદાર ઘા ઝીંકી દીધા હતા તેમજ કૃણાલે યુવાનને તલવારનો ઊંધો ઘા મારી દીધો હતો. જ્યારે ટકાએ ઢીકાપાટુનો માર માર્યો હતો.

યુવાનનો મિત્ર હસમુખ છોડાવવા વચ્ચે પડતા તેને પણ આ શખસો માર મારવા લાગતા તે ભાગી ગયો હતો બાદમાં યુવાન પણ જેમ તેમ કરી અહીંથી ભાગી ગયો હતો. ત્યારબાદ પરિવારજનોને જાણ કરતા યુવકને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ગંભીર ઈજા થવા સબબ યુવાનને ઓપરેશન કરાવવું પડ્યું હતું. બાદમાં યુવકે ત્રણેય શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા થોરાળા પોલીસે ગુનો નોંધી પીએસઆઇ ડી.બી.કારેથા તથા ટીમે આરોપી મહેશ સોલંકીને ઝડપી લીધો હતો જયારે અન્ય આરોપીઓને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# એસઓજીનો સપાટોઃ ભગવતીપરા નજીક કારમાં ડ્રગ્સ સાથે બે મિત્રો ઝડપાયા

## ૧૮.૭૭ ગ્રામ મેફેડ્રોન મોબાઈલ, કાર અને રોકડ મળી ૬.૬૬ લાખનો મુદ્દામાલ કબજે

### અમદાવાદથી જથ્થો લાવી છૂટકમાં પડીકી બનાવી વેચાણ કરવાનો હતો પ્લાન

**અબતક, રાજકોટ**

શહેરના બેડીપરા ચોકડીથી ભગવતીપરા તરફના રસ્તે કારમાં મેફેડ્રોન ડ્રગ્સ સાથે મૂળ વેરાવળના વતની અને હાલ રાજકોટમાં રહેતા બે શખસોને એસઓજીએ ઝડપી રૂપિયા ૫૩,૩૧૦ ની કિંમતનું એમ.ડી. ડ્રગ્સ, મોબાઈલ અને કાર મળી રૂ. ૬.૬૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

બંને શખસોની પૂછતાછમા અમદાવાદથી તેઓ માદક પદાર્થનો જથ્થો લાવ્યાની કબુલાત આપી હતી અને અહીં છૂટકમાં વેચાણ કરે તે પૂર્વે જ પોલીસે બંનેને ઝડપી લીધા હતા. પ્રાપ્ત વિગતો મુજબ, નવરાત્રીના પર્વમાં યુવાધન નશાના રવાડે ના ચડે તથા નાર્કોટિક્સ પદાર્થોનું વેચાણ અટકાવવા શે નો ટુ ડ્રગ્સ મિશન અંતર્ગત કડક કાર્યવાહી કરવા શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલિકએ આપેલી સુચનાને પગલે ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ બી.બી.બસીયાના માર્ગદર્શન હેઠળ એસઓજી પીઆઈ એન.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ આર.કે. ગોહિલ તથા ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ ઝાલા, જયદીપસિંહ ચૌહાણ અને કોન્સ્ટેબલ યશપાલસિંહ ઝાલા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ના વતની અને હાલ જીવરાજ પાર્ક રહેતો ગૌરાંગ અશોક પરડવા અને નાના માવા મેઈન રોડ પર ગોલ્ડન પાર્ક હાસ્યના બિલ્ડીંગ માં રહેતો મૌલિક અશોક જેઠવા સહિત બંને શખ્સો એનડીપીએસના કેસમાં પોલીસ ચોપડે ચડી ચૂકેલો કારમાં બેડી ચોકડીથી ભગવતીપરા તરફના રસ્તે બાપાસીતારામ ટી સ્ટોલ પાસે આવવાના છે અને તેમના કબજામાં માદક પદાર્થનો જથ્થો છે જેથી આ હકીકતના આધારે પોલીસે અહીં વોચ ગોઠવી હતી. દરમિયાન અહીં બાપા સીતારામ ટી સ્ટોલ પાસે કાર નંબર જીજે ૫ જેક્યુ ૪૪૦૦ આવતા પોલીસે કાર કોર્ડન કરી કારમાં સવાર બની શખસોને નીચે ઉતારી તપાસ કરતા રૂપિયા ૫૩,૩૧૦ ની કિંમતનું ૧૮.૭૭ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું.પોલીસે બંને શખસો પાસેથી માદક પદાર્થનો જથ્થો મોબાઈલ ફોન, કાર અને રોકડ રૂપિયા સહિત રૂ. ૬,૬૬,૯૪૦ નો મુદ્દામાલ કબજે કરી બંને શખસો વિરુદ્ધ એનડીપીએસ એક્ટની કલમ હેઠળ ગુનો દાખલ કરાવ્યો હતો.પોલીસે વધુમાં જણાવ્યું હતું કે, આ બંને શખસો મિત્રો હોય ગૌરાંગ ઈન્સ્યોરન્સનું કામ કરે છે જ્યારે મૌલિક સામે ચાલુ વર્ષે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં એનડીપીએસનો ગુનો નોંધાઈ ચૂક્યો છે. બંને મિત્રો અમદાવાદથી માદક પદાર્થનો જથ્થો લાવ્યા હતા અને અહીં પડીકી બનાવી છૂટકમાં વેચાણ કરવાના હતા પરંતુ તે પૂર્વે પોલીસે બંનેને ઝડપી લીધા હતા.



આ કામગીરીમાં એસોજીના પીઆઈ એન.બી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર.કે.ગોહિલ તથા એએસઆઈ અરૂણભાઈ બાંભણિયા, હેડ કોન્સ્ટેબલ જયદીપસિંહ ચૌહાણ, ભૂપેન્દ્રસિંહ ઝાલા, કોન્સ્ટેબલ યશપાલસિંહ ઝાલા, મહાવીરસિંહ જાડેજા, નિર્મળસિંહ સાથે રહ્યા હતા. માદક પદાર્થના પ્રાથમિક પરીક્ષણ માટે એફએસએલ અધિકારી કે.એમ. તાવીયાની મદદ લેવામાં આવી હતી.

### માદક પદાર્થના ગુનામા મૌલિક દોઢ માસ પૂર્વે જ જેલમુકત થયો

ડ્રગ્સ સાથે ઝડપાયેલો મૌલિકને એપ્રીલ માસમાં પંચાયત ચોક પાસેથી ૪૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ સાથે ઝડપી લીધો હતો. જે અંગે ગુનો નોંધાયા બાદ આરોપી જેલહવાલે થયો હતો. જે કેસમાં આરોપી દોઢેક મહિના પહેલા જ જેલમુકત થયો હતો. બાદમાં તેણે ફરી વેપલો શરૂ કરી દીધો હતો. વેરાવળના મિત્રને તેની કાર સાથે લવાવાનું કહી બંને અમદાવાદથી માદક પદાર્થ લાવ્યા હતા.

તંત્રી લેખ

# રાજ્યપાલ એટલે બંધારણના રખેવાળ

ભારતીય લોકશાહી અને રાજદ્વારી વ્યવસ્થા માં રાજ્યપાલનું પદ માત્ર એક ઔપચારિક કે બંધારણીય વડા પુરતું મર્યાદિત નથી, પરંતુ તે કેન્દ્ર અને રાજ્યો વચ્ચેનો મહત્વપૂર્ણ સેતુ છે.નવા રાજ્યપાલોની નિમણૂક બ્રજ મોહન રામ ઓડિશા, ડૉ. સુધા યાદવ કર્ણાટિક, ડૉ. ધલસિંઘ બિસેન ઉત્તરાખંડ,અને દુષ્યંત ગૌતમને સિક્કિમતથા બે રાજ્યપાલોની બદલી કરી ઓમ પ્રકાશ માથુરને કેરળ અને રાજેન્દ્ર વિશ્વનાથને તમિલનાડુની જવાબદારી સોંપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ફેરબદલ અને નિમણૂકો બંધારણીય સુચારુ વહીવટ અને લોકતંત્રને વધુ મજબૂત કરવાની દિશામાં એક અગત્યનું કદમ છે.

રાજ્યપાલ એ રાજ્યના બંધારણીય રક્ષક તરીકે કાર્ય કરે છે. રાજ્યમાં બંધારણીય મર્યાદાઓનું પાલન થાય, શાસન વ્યવસ્થા કાયદા મુજબ ચાલે અને લોકશાહીના મૂલ્યો જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવાની પ્રાથમિક જવાબદારી રાજ્યપાલની હોય છે. જ્યારે કોઈ પણ રાજ્યમાં બંધારણીય સંકટ ઊભું થાય અથવા કાયદાકીય મંચ પર મતભેદો સર્જાય, ત્યારે રાજ્યપાલ તટસ્થ અને નિષ્પક્ષ ભૂમિકા ભજવીને લોકતંત્રની રખેવાળી કરે છે.

કોઈપણ દેશ કે રાજ્યની પ્રગતિ માટે સ્થિર વહીવટ અને બંધારણીય સુમેળ અનિવાર્ય છે. અનુભવી અને મુત્સદ્દી વ્યક્તિત્વોની રાજ્યપાલ તરીકે નિમણૂક થવાથી રાજ્યોના સુશાસન ને બળ મળે છે. જ્યારે કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સંબંધોને સંતુલિત રાખવાની વાત આવે ત્યારે રાજ્યપાલ પોતાની સદબુદ્ધિ, અનુભવ અને બંધારણીય સત્તાનો ઉપયોગ કરીને રાજ્યહિત અને રાષ્ટ્રહિત વચ્ચે સમન્વય સાધે છે.

રાજ્યપાલની યોગ્ય નિમણૂક અને તેમની સક્રિય તેમજ સંતુલિત ભૂમિકા ભારતીય લોકશાહીના મૂળિયાંને વધુ ઊંડા અને મજબૂત બનાવે છે. બદલાતા સમય સાથે બંધારણીય ગતિવિધિઓ અને લોકતંત્રના સંરક્ષણ માટે રાજ્યપાલનું પદ એક રખેવાળ તરીકે અત્યંત પ્રાસંગિક અને નિર્ણાયક બની રહે છે.

# હેમુ ગઢવી હોલ ખાતે કાલથી બે દિવસ રાજ્યકક્ષાનો 'વિજ્ઞાન નાટક મહોત્સવ'

## વિજ્ઞાન અને સમાજ'ની થીમ પર યોજાનાર આ મહોત્સવમા એઆઈ અને ઈ-વી જેવા ચાર વિષયો પર કૃતિઓ રજૂ થશે; વિજેતા ટીમ મુંબઈ ઝોનલ સ્પર્ધામાં ભાગ લેશે



**અબતક, રાજકોટ**

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ, ગુજરાત સરકાર દ્વારા નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ અંતર્ગત 'રાજ્યકક્ષાનો વિજ્ઞાન નાટક મહોત્સવ ૨૦૨૬-૨૭'નું કાલથી બે દિવસ હેમુ ગઢવી હોલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય હેઠળની નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ્સ દ્વારા આ આયોજનનું સંકલન કરાઈ રહ્યું છે. આ વર્ષે મહોત્સવની મુખ્ય થીમ 'વિજ્ઞાન અને સમાજ' રાખવામાં આવી છે, જેમાં 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ : મિત્ર, સાધન કે ખતરો?', 'ઈ.વી. : વે ફોરવર્ડ', 'ઈન્ટરસ્ટેલર હેબિટેટ્સ' તેમજ 'રીસ્ટોરિંગ ઓશન્સ - પ્રિઝર્વિંગ જનરેશન્સ' જેવા ચાર સમકાલીન વિષયો પર નાટકો રજૂ થશે.

ગુજરાતના તમામ જિલ્લાઓમાં તા. ૨૪ સપ્ટેમ્બરથી ૩ ઓક્ટોબર દરમિયાન યોજાયેલી જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં અંદાજે ૩૩૦ ટીમોએ ભાગ લીધો હતો. જેમાંથી વિજેતા બનેલી જિલ્લા દીઠ એક-એક ટીમ હવે રાજ્ય કક્ષાના આ મહોત્સવમાં ભાગ લઈને વૈજ્ઞાનિક સંકલ્પનાઓ તથા સામાજિક પડકારોને નાટ્યરૂપે રજૂ કરશે. વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, સર્જનાત્મકતા, તર્કશક્તિ, પ્રશ્ન પૂછવાની ક્ષમતા અને વિજ્ઞાન સંચારની કળાનો વિકાસ થાય તે આ મહોત્સવનો મુખ્ય હેતુ છે.

આ રાજ્ય કક્ષાની વિજેતા ટીમ ૨૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ મુંબઈ ખાતે યોજાનારી 'પશ્ચિમ ઝોનલ સાયન્સ ડ્રામા સ્પર્ધા'માં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. ત્યારબાદ, રાષ્ટ્રીય કક્ષાનો 'નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ' ૬ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ સાયન્સ સિટી, કોલકાતા ખાતે યોજાશે.

# શેઠ હાઈસ્કુલ ખાતે નવરાત્રી મહોત્સવ યોજાયો

## વેલડ્રેસ, પ્રિન્સ અને સારા પરફોર્મન્સને ઈનામો અપાયા: દાંડીયા રાસમાં છાત્રોની સ્માર્ટનેશ નીખરી ઉઠી




**અબતક, રાજકોટ**

પી એન્ડ ટી વી શેઠ હાઈસ્કૂલ ખાતે નવરાત્રિ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ માટે રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈનામ વિતરણમાં સોનલબેન સેલારા ચેરમેન- માધ્યમિક શિક્ષણ અને આનુસંગિક સમિતિ - રાજકોટ મહાનગર પાલિકા, અરૂણાબેન આડેસરા સભ્ય માધ્યમિક શિક્ષણ અને આનુસંગિક સમિતિ, કોર્પોરેટર વોર્ડ નંબર -૧૪, સમીરભાઈ ધડુક નાયબ કમિશનર રાજકોટ મહાનગરપાલિકા રાજીવભાઈ ગામેતી સહાયક કમિશનર રાજકોટ મહાનગરપાલિકા આશિષભાઈ પાઠક આચાર્ય એકનાથ રાનડે વિદ્યાલય, હિરેનભાઈ ફિન્ડોરિયા આચાર્ય, મુરલીધર વિદ્યામંદિર- મવડી હાજર રહ્યા હતા. સૌ પ્રથમ શાબ્દિક સ્વાગત ડો.વિમલકુમાર ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહેમાનોનું રૂમાલરૂપી પુષ્પ તથા પુસ્તક આપી સ્વાગત કરવામાં આવ્યું હતું તથા વિજેતા પ્રિન્સ, વેલ ડ્રેસ, વેલ પરફોર્મન્સ જેવા ઈનામો આપવામાં આવ્યા હતા. અંતમાં આભારવિધિ પ્રશાંતભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર ઈનામ વિતરણ કાર્યક્રમનું સંચાલન મનસુખભાઈ જારીયાએ કર્યું હતું. નિર્ણાયક તરીકે નીતાબેન વિરડા તથા શ્વેતાબેન પરમાર રહ્યા હતા. શિક્ષકો સર્વ નીતીનભાઈ ભૂત, સીમાબેન પટેલ, મીરાબેન સોરઠીયા, હેતલબેન પટેલ, જ્યોતિબેન નનેરા, રમેશભાઈ ઠુંગા, પિયુષભાઈ ભટ્ટે કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

માધ્યમિક વિભાગમાં પ્રિન્સમાં નાઈસ ઓડિયા, વેલ ડ્રેસમાં રૂદ્ર અગ્રાવત, વેલ પરફોર્મન્સમાં હાર્દિક કોબીયા પસંદગી પામ્યા હતા. ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રિન્સમાં અગ્રાવત ચિરાગ, વેલ ડ્રેસમાં રોનક ચુડાસમા, વેલ પરફોર્મન્સમાં મામેયા ધીડ પસંદગી પામ્યા હતા.

# સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ૨૫મીએ શરદોત્સવનું ભવ્ય આયોજન



## ૨૫મી એ બાલ ભવન ખાતે ઉત્કૃષ્ટ સિંગર અને ઓરકેસ્ટ્રા દ્વારા ખેલૈયાઓ તાલબદ્ધ ઝૂમશે, વિજેતાઓ માટે લાખેણા ઈનામોની વણઝાર

**અબતક, રાજકોટ**

સમસ્ત બ્રહ્મસમાજ, રાજકોટ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ શરદોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૨૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ યોજાનારા આ કાર્યક્રમમાં બાળાઓ અને મહિલાઓને ગરબા-રાસની રમઝટ સાથે ઉત્સવની મોજ માણવાની તક મળશે. આ કાર્યક્રમમાં ઉત્કૃષ્ટ સિંગર ગ્રુપ અને ઓર્કેસ્ટ્રના તાલે ગરબા-રાસનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે જ ખેલૈયાઓને પ્રોત્સાહિત કરવા માટે ઈનામોની વણઝાર પણ રાખવામાં આવી છે. સમગ્ર આયોજન સમસ્ત બ્રહ્મસમાજના અગ્રણીઓ કશ્યપ શુકલ તથા પ્રમુખ દર્શિત જાનીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત કાર્યક્રમમાં ઉપસ્થિત પરિવારો માટે સ્વાદિષ્ટ અલ્પાહારની અલગથી વ્યવસ્થા કરવામાં આવી છે. મહિલાઓ, દીકરીઓ અને પરિવારજનો ઉત્સવમાં નિર્ભયતાથી ભાગ લઈ શકે તે માટે સુરક્ષિત અને પારિવારિક વાતાવરણ ઊભું કરવા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. પાસ મેળવવા માટે જનાર્દનભાઈ આચાર્ય નં. ૯૮૨૪૨ ૧૪૦૨૧ નો સંપર્ક કરવાનો રહેશે. અબતક પ્રેસની શુભેચ્છા મુલાકાતે બ્રહ્મ સમાજના અગ્રણીઓ જનાર્દનભાઈ આચાર્ય, વિપુલ શુકલ, વિપુલ ભટ્ટ, ઉપપ્રમુખ નલિન જોશી, રાત્રી ભટ્ટ, વૈશાલી શુક્લ, નીલમ ભટ્ટ અને હેતલ જાનીએ રૂબરૂ માહિતી આપી.

# યુવા એડવોકેટ વૈભવ કુંડલિયાનો જન્મદિવસ



યુવા એડવોકેટ અને લોહાણા સમાજના યુવા અગ્રણી વૈભવ બી. કુંડલિયાનો આજે જન્મ દિવસ છે.યુવા એડવોકેટ તેમજ રઘુવંશી સમાજના અગ્રણી તેમજ લોહાણા જ્ઞાતિમાં પ્રતિષ્ઠિત કુટુંબ કુંડલિયા પરિવારના પુત્ર વૈભવ ભૂપતભાઈ કુંડલિયાનો આજે જન્મદિવસ હોય, તેઓ ૮ વર્ષથી સેશન્સ કોર્ટ તથા સિવિલ કોર્ટ ખાતે ધારાશાસ્ત્રી રાકેશભાઈ દોશી સાથે વકીલાત નો વ્યવસાય નો પ્રારંભ કર્યો હતો. હાલ સ્વતંત્ર પ્રેક્ટિસ ખાતે કરતા હોય. રાજકોટમાં દાણાપીઠ વિસ્તાર માં વેપારીઓને વકફ બોર્ડના નામની આડમાં દુકાન બળજબરીથી ખાલી કરાવવાના પ્રયાસોને નિષ્ફળ કરાવવામાં કાયદાકીય મદદ કરનાર તથા કબજો પરત અપાવનાર અને ન્યાય અપાવનાર, સ્વતંત્ર રીતે બચાવ પક્ષે ઘણા ફોજદારી , ચેક રિટર્ન, એન.ડી.પી.એસ. અને સિવિલ કેસોમાં પોતાનું સ્વતંત્ર પ્રતિનિધિત્વ કરી પોતાના અસીલોને અને સમાજના માણસોને ન્યાય અપાવે છે, લોહાણા સમાજમાં પોતાના તન, મન અને ધનથી સેવા આપે છે. તેઓને તેમના જન્મદિન નિમિત્તે તેમના વકીલ મિત્રો, કુટુંબીજનો તથા સમાજના આગેવાનો દ્વારા મો. નં. ૭૬૦૦૦૨ ૭૨૦૭૨ ઉપર શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે યુપીયુ આંતરરાષ્ટ્રીય પત્રલેખન સ્પર્ધાની વિજેતા મીરાનું કર્યુ સન્માન

## અમદાવાદની મહારાજા અગ્રસેન વિદ્યાલયની વિદ્યાર્થીની મીરા ઠક્કરને ૨૫,૦૦૦નો ચેક અર્પણ કરીને બહુમાનિત કરાઈ




**અબતક, રાજકોટ**

ડાક ટિકિટો કોઈપણ રાષ્ટ્રની સભ્યતા, સંસ્કૃતિ અને વિરાસતની વાહક છે. સોશિયલ મીડિયાના આ યુગમાં યુવા પેઢીને ફિલેટલી (ડાક ટિકિટોનો સંગ્રહ) તથા પત્રલેખન જેવી પ્રવૃત્તિઓ સાથે જોડીને વધુ સર્જનાત્મક બનાવી શકાય છે. આ વિચારો ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે ૧૨ ઑક્ટોબરના રોજ અમદાવાદ ખાતે 'રાષ્ટ્રીય ડાક સપ્તાહ' અંતર્ગત આયોજિત 'ફન વિથ ફિલેટલી દિવસ'ના કાર્યક્રમમાં વ્યક્ત કર્યા. યુનિવર્સલ પોસ્ટલ યુનિયન આંતરરાષ્ટ્રીય પત્રલેખન સ્પર્ધા-૨૦૨૬માં ગુજરાત પરિમંડળમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર અમદાવાદ સ્થિત મહારાજા અગ્રસેન વિદ્યાલયની ધોરણ-૮ની વિદ્યાર્થિની મીરા પી. ઠક્કરને પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે રૂ.૨૫,૦૦૦ની રકમનો ચેક અને પ્રશસ્તિપત્ર અર્પણ કરીને સન્માનિત કરી. 'ડિજિટલ દુનિયામાં માનવીય જોડાણ શા માટે મહત્ત્વનું છે' વિષય પર આયોજિત આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ગુજરાત પરિમંડળની વિવિધ શાળાઓના કુલ ૧,૭૯૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં અમદાવાદ સ્થિત મહારાજા અગ્રસેન વિદ્યાલયની વિદ્યાર્થિની મીરા પી. ઠક્કરે પ્રથમ સ્થાન, વડોદરા સ્થિત ભારતીય વિદ્યા ભવનની વી. એમ. પબ્લિક સ્કૂલની વિદ્યાર્થિની કેશવી ડી. જોશીએ દ્વિતીય સ્થાન અને પાટણ સ્થિત સરિયદ કુમાર પ્રાથમિક શાળાના વિદ્યાર્થી દીક્ષિત ટી. રબારીએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ પ્રસંગે યુપીયુ આંતરરાષ્ટ્રીય પત્રલેખન સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિની મીરા પી. ઠક્કરના પિતા ડો.પાર્થિવ કનુભાઈ ઠક્કર અને માતા ડો.મિત્તલ પાર્થિવ ઠક્કર પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

# વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિન નિમિત્તે વોકહાર્ટ હોસ્પિટલનાં મનોચિકિત્સક ડો.વસુંધરા સાંગવાનનો પ્રેરક સંદેશ



**અબતક, રાજકોટ**

માનસિક સ્વાસ્થ્ય આપણા આરોગ્ય, કાર્યક્ષમતા અને જીવનની ગુણવત્તાનો મહત્વપૂર્ણ આધાર છે. છતાં સામાજિક કલંક, ગેરસમજ અને મદદ લેવામાં સંકોચને કારણે અનેક લોકો માનસિક તકલીફો મૌન રહીને સહન કરે છે. વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ-૨૦૨૬ અને માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ સપ્તાહ નિમિત્તે એન. એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ, રાજકોટનાં કન્સલ્ટન્ટ મનોચિકિત્સક ડો. વસુંધરા સાંગવાન એ માનસિક સમસ્યાઓને સમજણ અને સંવેદનશીલતા સાથે સ્વીકારી સમયસર સારવાર મેળવવા અપીલ કરી છે. ડો. સાંગવાનના જણાવ્યા અનુસાર, ડિપ્રેશન અને ચિંતા જેવાં લક્ષણોની વહેલી ઓળખ તથા વૈજ્ઞાનિક પુરાવા આધારિત સારવારથી સ્વસ્થ થવાની પ્રક્રિયા, રોજિંદી કાર્યક્ષમતા અને લાંબા ગાળાનાં પરિણામોમાં નોંધપાત્ર સુધારો થઈ શકે છે. તેથી માનસિક તકલીફોને છુપાવવા કે અવગણવાને બદલે તેના વિશે વાત કરવી જરૂરી છે. ઊંઘ ઓછી થવી, મન ઉદાસ રહેવું, ચિંતા વધવી, વર્તનમાં અસામાન્ય ફેરફાર થવો, એકાગ્રતા ઘટવી કે રોજિંદાં કામ કરવામાં મુશ્કેલી પડવી જેવાં લક્ષણોને અવગણવાં ન જોઈએ, આવી તકલીફો સતત રહે અથવા દૈનિક જીવનને અસર કરવા લાગે ત્યારે માનસિક આરોગ્યના નિષ્ણાતની સલાહ લેવી જરૂરી છે.

# ગુજરાત ફર્સ્ટ ન્યુઝના એસોસીએટ એડિટર ધર્મેશભાઈ વૈદ્યનો જન્મદિન



છેલ્લા ૩૯ વર્ષ થી મીડીયા સાથે સંકળાયેલા અને હાલ ગુજરાત ફર્સ્ટ ન્યુઝ સાથે સંકળાયેલ ધર્મેશભાઈ વૈદ્ય નો આજે ૬૧ મો જન્મદિવસ, ધર્મેશભાઈ વૈદ્ય નો જન્મ પ્રભાસ પાટણ (સોમનાથ) ખાતે તા.૧૩.૧૦.૧૯૬૪ના રોજ થયેલ અભ્યાસ બાદ પત્રકારત્વની લાઈન પકડી ૩૦ વર્ષથી અનેક ન્યુઝ અખબાર અને ચેનલમાં કામગીરી કરી રહ્યો છે. તેઓને મીડીયામિત્રો તથા મિત્ર મંડળ તરફથી જન્મદિવસ ખૂબ ખૂબ શુભેચ્છાઓ મળી રહી છે તેમનો મોબાઈલ નં. ૯૮૨૫૬૬૯૨૯૮ છે.

# જાણીતા કલાકાર નિખિલ ભાવસારનો જન્મદિવસ



રાજકોટના સુપ્રસિદ્ધ અને બહુમુખી પ્રતિભા ધરાવતા પોટ્રેટ આર્ટિસ્ટ નિખિલ ભાવસારનો આજે જન્મદિવસ છે. પોતાની અદભુત અને જીવંત ચિત્રકળાથી માત્ર રાજકોટ જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં આગવી ઓળખ ઊભી કરનાર નિખિલ ભાવસારને આજે તેમના જન્મદિવસે વિવિધ ક્ષેત્રના મહાનુભાવો, કલાપ્રેમીઓ અને મિત્રવર્તુળ તરફથી સ્નેહપૂર્વકની શુભકામનાઓ મળી રહી છે. મહાનુભાવોને ક્લાત્મક ભેટ અર્પણ કરવાની અનોખી શૈલીના ચિત્રકાર નિખિલ ભાવસાર તેમની રિયલિસ્ટિક અને ભાવવાહી પોટ્રેટ આર્ટ માટે જાણીતા છે. તેમણે રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અને કળા ક્ષેત્રની અનેક નામાંકિત હસ્તીઓના ચિત્રો પોતાના હાથે તૈયાર કરી, તેમની રૂબરૂ મુલાકાત લઈને પ્રેમપૂર્વક ભેટ આપ્યા છે. આ ઉપરાંત, અનેક સ્નેહીજનો અને નાગરિકોના જન્મદિવસે પણ તેઓ પોતાની કળા દ્વારા અનોખી યાદગાર ભેટ અર્પણ કરતા રહ્યા છે. આજે જન્મ દિવસ અવસરે તેમના મો. ન. +૯૧ ૮૪૮૮૮ ૯૫૮૮૧ શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# MBBSમાં ગોલ્ડ મેડલ મેળવી ડાભી દર્શિલે નાડોદા રાજપૂત સમાજનું ગૌરવ વધાર્યું



ડાભી દર્શિલ નિલેશભાઈએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના ૬૧મા વાર્ષિક પદવીદાન સમારોહમાં MBBSના અંતિમવર્ષમાં(જનરલ મેડિસિન)શિક્ષણ મંત્રી તથા રાજ્યપાલશ્રી ના શુભ હસ્તે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને પરિવાર અને નાડોદા રાજપૂત સમાજનું નામ રોશન કર્યુ છે. તેમની આ અભૂતપૂર્વ સિદ્ધિ બદલ પરિવારજનો અને સમાજના આગેવાનોએ હાર્દિક અભિનંદન પાઠવી શુભેચ્છાઓ વ્યક્ત કરી છે. વર્ષોની સખત મહેનત, સમર્પણ અને રાત-દિવસના અભ્યાસનું આ ગૌરવપૂર્ણ પરિણામ છે. ડો. દર્શિલ ભવિષ્યમાં પણ આવી જ સફળતાઓ પ્રાપ્ત કરે અને ડોક્ટર તરીકે દર્દીઓની નિષ્ઠાપૂર્વક સેવા કરી સમાજમાં યોગદાન આપે તેવી માતાજી અને ભગવાનને પ્રાર્થના સાથે પરિવારજનો તથા સમાજે તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી છે.

# અબતકના રિપોર્ટર કથન પ્રજાપતિનો આજે જન્મદિવસ



ઉત્સાહી અને આશાસ્પદ રિપોર્ટર કથન પ્રજાપતિનો આજે ૨૦મો જન્મદિવસ છે. પત્રકારત્વના ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ ઊભી કરનાર કથન પ્રજાપતિ આજે જીવનના ૨૦ વર્ષ પૂર્ણ કરી ૨૧મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. 'અબતક' મીડિયા પરિવારમાં તેમની નિષ્ઠાવાન કામગીરી અને પત્રકારત્વ પ્રત્યેનું સમર્પણ હંમેશાં સરાહનીય રહ્યું છે.

પત્રકારત્વની સાથે સાથે તેઓ દેશસેવા અને શિસ્તના માર્ગે પણ અગ્રેસર રહ્યા છે. તેમણે નેશનલ કૅડેટ કૉર માં તેમને સિનિયર અેલ્ડર ઓફિસર તરીકે ઉત્કૃષ્ટ સેવાઓ આપીને નેતૃત્વ, શિસ્ત અને દેશભક્તિના ઉત્તમ ગુણો કેળવ્યા છે. સેના પ્રત્યેનો આ જ લગાવ તેમને ભારતીય સેના તરફ આગળ ધપાવી રહ્યો છે.

તેઓ ભારતીય સેના (આર્મી) માં અધિકારી તરીકે જોડાઈને માતૃભૂમિની સેવા કરવાના દ્રઢ સંકલ્પ સાથે સંયુક્ત સંરક્ષણ સેવા પરીક્ષાની તીવ્ર તૈયારીઓ કરી રહ્યા છે.કથન પ્રજાપતિને તેમના ૨૦મા જન્મદિવસ નિમિત્તે 'અબતક' પરિવાર, સ્નેહીજનો, મિત્રો અને શુભચિંતકો તરફથી હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

# કેન્સર જેવી આવશ્યક દવાઓમાં નફાની મર્યાદા 30% કરાશે

## આનાથી માત્ર દવાઓના ભાવમાં ૭૦% સુધીનો ઘટાડો નહીં થાય, પણ દેશના મધ્યમ અને જરૂરિયાતમંદ દર્દીઓને વાર્ષિક અંદાજે ૨,૫૦૦ કરોડની આર્થિક રાહત પણ મળશે

**અબતક, નવી દિલ્હી**

કેન્સર જેવું ગંભીર નામ સાંભળતા જ દર્દીઓ અને તેમના પરિવારોની માનસિક સ્થિતિ સાથે આર્થિક સ્થિતિ પણ હચમચી જાય છે. આ ભયાનક બીમારી સામેની લડાઈમાં સૌથી મોટો પડકાર જો કોઈ હોય, તો તે છે અત્યંત મોંઘી દવાઓ અને તેની બેફામ કિંમતો. પરંતુ હવે લાખો કેન્સરના દર્દીઓ માટે એક મોટી આશા અને રાહતનું કિરણ જાગ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા નોન-શિડ્યુલ્ડ કેન્સર વિરોધી દવાઓ પર 30% ટ્રેડ માર્જિન કેપ લાગુ કરવાનો એક ઐતિહાસિક અને આવકારદાયક નિર્ણય લેવામાં આવ્યો છે.

ફાર્મા માર્કેટમાં ચાલતી મનસ્વી નફાખોરી અને વચેટિયાઓની લૂંટ પર લગામ કસતી આ પહેલથી માત્ર દવાઓના મહત્તમ રિટેલ ભાવમાં ૭૦% સુધીનો ઘટાડો જ નહીં થાય, પણ દેશના મધ્યમ અને જરૂરિયાતમંદ દર્દીઓને વાર્ષિક અંદાજે ૨,૫૦૦ કરોડની માતબર આર્થિક રાહત પણ મળશે. આ ક્રાંતિકારી પગલું ભારતીય સ્વાસ્થ્ય ક્ષેત્રે દર્દી-કેન્દ્રીય અભિગમ અને પારદર્શિતા તરફનું એક મોટું ડગલું સાબિત થઈ રહ્યું છે.

દેશમાં કેન્સરની દવાઓનું બજાર આશરે ૧૨,૫૦૦ કરોડનું છે, જેમાં શિડ્યુલ્ડ દવાઓ સિવાયનો મોટો હિસ્સો નોન-શિડ્યુલ્ડ દવાઓનો છે. આ નિયમ બ્રાન્ડેડ અને જેનેરિક, આયાતી અને સ્થાનિક તેમજ પેટન્ટ અને નોન-પેટન્ટ તમામ પ્રકારની નોન-શિડ્યુલ્ડ કેન્સર એનપીપીએના વિશ્લેષણમાં એ વાત સામે આવી હતી કે નોન-શિડ્યુલ્ડ કેન્સરની દવાઓ પર સરેરાશ ૧૭૦% અને કેટલાક કિસ્સાઓમાં તો ૭૦૦% સુધીનું અતિશય ટ્રેડ માર્જિન વસૂલવામાં આવતું હતું.

રિટેલ ફાર્મસીઓ, હોસ્પિટલો અને ઈ-ફાર્મસીઓમાં દવાઓના ભાવ અને ડિસ્કાઉન્ટમાં ખૂબ જ મોટી અસમાનતા જોવા મળતી હતી. સુપ્રીમ કોર્ટે કેન્સરની દવાઓની ઊંચી અને બેફામ કિંમતો સામે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટે એવો પણ મુદ્દો ઉઠાવ્યો હતો કે જે દવા આશરે ૨,૭૦૦ માં પડે છે તે રિટેલર્સ દ્વારા ૨૭,૦૦૦ ના એમ આરપી પર વેચવામાં આવે છે. આ તમામ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને સરકારે ‘‘અસાધારણ સંજોગો‘‘ હેઠળ ડ્રગ પ્રાઈસ કંટ્રોલ ઓર્ડરની કલમ-૧૯ નો ઉપયોગ કર્યો છે.

સરકારનો આ 30% ટ્રેડ માર્જિન કેપનો નિર્ણય પબ્લિક હેલ્થ અને માનવતાના દૃષ્ટિકોણથી એક માર્ગદર્શક અને આવકારદાયક પગલું છે. આનાથી માત્ર દર્દીઓના ખિસ્સા પરનો આર્થિક બોજ જ હળવો નહીં થાય, પરંતુ ફાર્મા સેક્ટરમાં પારદર્શિતા આવશે અને ન્યાયી મૂલ્ય નક્કી કરવાની દિશામાં એક મોટું પરિવર્તન આવશે.

# સંતોષીનગરમાં ગેસ સિલિન્ડરના ગેરકાયદે ગોડાઉન પર દરોડો: ૨૦૮ સિલિન્ડર જપ્ત

## ૨૦૮ ગેસ સિલિન્ડર કિંમત રૂ. ૩.૧૩ લાખ જયારે ગેરકાયદેસર હેરાફેરી માટે વપરાતા વાહનોની રૂ. ૧.૬૦ લાખ સહિત કુલ રૂ.૪.૭૩ લાખનો મુદામાલ સીઝ કરાયો

**અબતક, રાજકોટ**

શહેરના રેલનગર વિસ્તારમાં આવેલા સંતોષીનગરમાં ગેસ સિલિન્ડરોનો અનધિકૃત અને જોખમી સંગ્રહ કરવામાં આવતો હોવાની બાતમીના આધારે જિલ્લા તંત્ર દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. જિલ્લા પુરવઠા અધિકારીના માર્ગદર્શન હેઠળ મામલતદાર રાજકોટ શહેર અને જિલ્લા પુરવઠા અધિકારીની કચેરીના પુરવઠા નિરીક્ષકોની સંયુકત ટીમે સંતોષીનગરમાં અમૃત પ્લસ પાર્ટી પ્લોટની સામે આવેલા એક શંકાસ્પદ ગેસ સિલિન્ડર ગોડાઉન પર દરોડો પાડ્યો હતો.ગોડાઉન સંચાલકો દ્વારા





ગેસ સિલિન્ડરના સંગ્રહ માટે અત્યંત જરૂરી એવું એક્સપ્લોઝિવ લાઈસન્સ તેમજ ફાયર સેફ્ટી એન.ઓ.સી. રજૂ કરવામાં આવ્યા ન હતા. સ્થળ પરથી ગેસ સિલિન્ડરમાંથી અન્ય સિલિન્ડરમાં ગેસ રિફિલિંગ કરવા માટે વપરાતા પાઈપ, વાલ્વ અને અન્ય સાધનો મળી આવ્યા હતા.સિલિન્ડરનો સ્ટોક, તેનું વિતરણ અને ખરીદી અંગેનું કોઈ અધિકૃત રજિસ્ટર કે બિલ તપાસ ટીમ સમક્ષ રજૂ કરી શકાયું ન હતું.તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી કડક કાર્યવાહીમાં ભરેલા તથા ખાલી એમ કુલ મળીને ૨૦૮ ગેસ સિલિન્ડર જપ્ત કરવામાં આવ્યા છે.જેની કિંમત રૂ. ૩,૧૩,૪૪૦ જયારે ગેરકાયદેસર હેરાફેરી માટે વપરાતા અંદાજિત રૂ. ૧,૬૦,૦૦૦ ની કિંમતના બે વાહનો સહિત કુલ મુદ્દામાલ રૂ. ૪,૭૩,૪૪૦નો જપ્ત કરવામાં આવ્યો છે.

# ધમાલપર ગામે બે દિવસથી ગુમ પ્રૌઢનું વીજ કરંટ લગતા મોત

## સોખડા ગામ પાસે વાડી વિસ્તારમાંથી કોહવાયેલ ગયેલી હાલતમાં મૃતદેહ મળ્યો : પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું

### કુવાડવા પોલીસે મૃતદેહને ફોરેન્સિક પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી

**અબતક રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ ધમલપર સોખડા પાસે સ્મશાનની બાજુમાં વીજ શોક લાગતા પડી ગયેલ ૪૫ વર્ષીય પ્રૌઢને તાત્કાલિક ૧૦૮ ની ટીમને જાણ કરી હતી

જેથી હાજર તબીબે ઘટના સ્થળપર મૃત જાહેર કર્યા હતા ઘટનાની જાણ થતા કુવાડવા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક બે દિવસથી ઘરેથી ગુમ થયેલ હોય તેમજ વીજ શોક લાગતા મોત થયાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે

આ અંગે મળતી માહિતી મુજબ શહેરની ભાગોળે આવેલ ધમલપર ગામે રહેતા વિનોદભાઈ કેશાભાઈ ધોળકિયા ઉંમર વર્ષ ૪૫ વર્ષ વર્ષીય પ્રૌઢનો મૃતદેહ ગત રાત્રે સોખડા ગામ પાસે સ્મશાનની બાજુમાં વીજ શોક લાગેલ હાલતમાં પડેલ હોય જેની જાણ પરિવારને થતા તાત્કાલિક ૧૦૮ ની ટીમને જાણ કરવામાં આવી હતી ટીમના તબીબે પ્રૌઢને મૃત જાહેર કર્યા હતા ઘટનાને પગલે કુવાડવા પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને ફોરેન્સિક પીએમ અર્થ ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક છેલ્લા બે દિવસથી ગુમ હોય તેમ જ માનસિક તકલીફ હોવાનું જાણવા મળ્યું છે તેમજ વીજ શોક લાગતા તેમનું મૃત્યુ થયાનું પ્રાથમિક જાણવા મળ્યું છે આ અંગે કુવાડવા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વિપુલભાઈ ગોહેલ વધુ તપાસ ચલાવી રહ્યા છે

# સરકારી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકોની આંતરિક બદલી દિવાળી વેકેશનમાં થશે

## ભરતી રેશિયો જાળવવા જિલ્લા અરસ-પરસ બદલી પર હાલ પૂરતી રોક

**અબતક, રાજકોટ**

રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા મુખ્ય શિક્ષકોની જિલ્લા આંતરિક અને જિલ્લા અરસ-પરસ બદલી અંગે શિક્ષણ વિભાગ દ્વારા આદેશ બહાર પાડવામાં આવ્યો છે. જે અનુસાર, સરકારી પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકોની જિલ્લા આંતરિક અને અરસ-પરસ બદલી કેમ્પ આગામી દિવાળી વેકેશન દરમિયાન ઓફલાઈન પદ્ધતિથી યોજવાનો નિર્ણય લેવાયો છે, જેનું વિગતવાર શિડ્યુલ ટૂંક સમયમાં જાહેર થશે. ભરતી રેશિયો જાળવવા અને સેમી-ડાયરેક્ટ ભરતી પર અસર ન પડે તે માટે જિલ્લા અરસ-પરસ બદલી હાલ પૂરતી મોકૂફ રખાઈ છે. વધુમાં, પારદર્શિતા માટે આ બદલીઓમાં કોઈ વેટિંગ લિસ્ટ રાખવામાં આવશે નહીં.પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામકને પાઠવવામાં આવેલા આ પત્ર અનુસાર, સરકારી પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકોની જિલ્લા આંતરિક બદલીઓ તેમજ બદલી નિયમો મુજબની જિલ્લા આંતરિક અરસ-પરસ બદલીઓ વર્ષ ૨૦૨૬ના આગામી દિવાળી વેકેશન દરમિયાન યોજવામાં આવશે. આ સમગ્ર બદલી પ્રક્રિયા ઓફલાઈન મોડથી કરવામાં આવશે. આ કેમ્પ માટેની ચોક્કસ તારીખો અને વિગતવાર શિડ્યુલ ટૂંક સમયમાં જ પ્રાથમિક શિક્ષણ કચેરી દ્વારા જાહેર કરવામાં આવશે.પરિપત્રમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે, જો મુખ્ય શિક્ષકની એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં અરસ-પરસ બદલી કરવામાં આવે અને સીધી ભરતીથી નિમાયેલ મુખ્ય શિક્ષકની સામે પ્રમોશનથી નિમાયેલા મુખ્ય શિક્ષકની અરસ-પરસ બદલી થાય, તો બંને જિલ્લાઓમાં નિયત થયેલ ભરતી રેશિયો પર અસર પડવાની સંભાવના રહેલી છે. આ ઉપરાંત, હાલમાં ચાલતી સેમી-ડાયરેક્ટ ભરતી પ્રક્રિયા અંતર્ગત સંખ્યામાં ફેરફાર થવાની શક્યતા પણ છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, જિલ્લા અરસ-પરસ બદલીની મંજૂરી હાલ પૂરતી ન આપવા અને આગામી જિલ્લાફેર બદલી કેમ્પ સમયે જ આપવા હિતાવહ હોવાનું જણાવાયું છે.

# હુડકો ચોકડી પાસે મામૂલી ટક્કર બાદ ‘‘જોઈને ચલાવ’’ કહેતા કારચાલકે બાઈક ચાલકને બે લાફા ઝીંકયા

## કોઠારિયા રોડ પર ખોડિયાર ટેકરી સામે સર્વિસ રોડ પર કાર બાઈકના સાઈલેન્સર સાથે અડી જતા બાઈક ચાલકે ટકોર કરતા અક્રમ બ્લોચ ઉશ્કેરાયો, છરી લઈ ‘‘પૂરો કરી નાખવો છે‘‘ કહી દોડ્યો

**અબતક,રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર આવેલ હુડકો ચોકડી પાસે કાર અને બાઈક વચ્ચે મામૂલી ટક્કર બાદ બાઈક ચાલકે કાર જોઈને ચલાવવાનું કહેતા કારચાલક ઉશ્કેરાયો હતો. યુવાનને બે ફડાકા ઝીંકી દીધા હતા. બાદમાં કારમાંથી છરી કાઢી યુવાનને મારવા દોડયો હતો. બાદમાં જાનથી મારી નાખવાની ધમકી આપ્યા અંગે યુવકની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે ગુનો નોંધ્યો છે. વધુ વિગત મુજબ કોઠારીયા રોડ પર હુડકો ચોકડી પાસે જુના ગણેશનગર સોસાયટી શેરી નંબર ૧૦ માં રહેતા નિકુંજ વીરજીભાઈ સાપરીયા (ઉ.વ. ૨૪) નામના યુવાને આરોપી તરીકે અક્રમ બ્લોચ સામે માર મારી આ અંગેની આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, આજરોજ સવારના ૮:૩૦ વાગ્યા આસપાસ તે બાઈક લઈ મોરબી રોડ પર સાઈટની કામગીરી ચાલુ હોય જેથી નવનીત હોલ પાસે રહેતા તેના કારીગરને લેવા માટે જતો હતો. ૯:૪૫ વાગ્યા આસપાસ હુડકો ચોકડીથી આગળ ખોડિયાર ટેકરી સામે સર્વિસ રોડ પર પહોંચતા તેને અહીંથી વળવું હોય જેથી બાઈક વાળતો હતો. દરમિયાન ગોંડલ ચોકડી તરફથી આવતી કાર યુવાનના બાઈકના સાયલેન્સર સાથે અડી જતા તેનું બાઈક થોડું નીચે નમી ગયું હતું. આથી તેણે કારના બોનેટ પર હાથ રાખી કારચાલકને જોઈને ચલાવવાનું કહેતા કારચાલક નીચે ઉતર્યો હતો અને યુવાન પણ નીચે ઉતરતા કારચાલકે યુવાન પાસે આવી કે મારી ગાડીના બોનેટ પર હાથ રાખીને તેમ કહી તેને બે ફડાકા મારી દીધા હતા. ગાળો આપી ઝપાઝપી કરવા લાગ્યો હતો. યુવાને ગાળો બોલવાની ના પાડતા કારમાંથી છરી લઈ કહેવા લાગ્યો હતો કે આજે તો તને પુરો જ કરી નાખવો છે તેમ કહી મારવા જતા યુવાન હટી ગયો હતો જેથી તેને છરી વાગી ન હતી. દરમિયાન અહીં ટ્રાફિકજામ થઈ જતા છરી પરત કારમાં મૂકી દીધી હતી. યુવાને ૧૧૨ માં ફોન કર્યો હતો અને કારના નંબર જીજે ૩ એલઆર ૧૩૦૭ નોંધી લીધા હતા. બાદમાં પોલીસની ગાડી આવી જતા બંનેને અહીંથી આજીડેમ પોલીસ સ્ટેશન લઈ ગયા હતા કારચાલકનુ નામ પૂછતા તેણે પોતાનું નામ અક્રમ બ્લોચ હોવાનું જણાવ્યું હતું બાદમાં આ અંગે યુવાને આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે જે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# બહાર આવ ફાતડા, મમરા ભરી દઈશ, છરી પોરવી દઈશ કહી ગોંડલમાં યુવાનને ધમકી

## ગુંદાસરાની હરસિદ્ધિ સોસાયટીનો બનાવઃ ઘર નજીક સોપારી ફેંકી જનાર શખ્સને ટપારતા બે શખ્સોએ ધસી આવી ખેલ નાખ્યા

**અબતક, રાજકોટ**

ગોંડલના ગુંદાસરામાં રહેતા યુવાનને પાડોશમાં રહેતા શખ્સોએ ખૂનની ધમકી આપી હતી. ઘર નજીક સોપારી ફેંકનારને ટપારવા ગયેલા યુવાનને બે શખ્સોએ ઘર બહાર ધસી આવી બહાર નીકળ ફાતળા, શેરી કોઈના બાપની નથી, ખીલી મારી લેજે, મમરા ભરી દઈશ, છરી પરોવી દઈશ કહી ધમકી આપી હતી. સમગ્ર મામલે યુવાનની ફરીયાદ પરથી ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધ્યો હતો.

ગોંડલના ગુંદાસરામાં હરસિદ્ધિ સોસાયટી શેરી નં.-૨ માં રહેતા ૩૮ વર્ષીય યુવાન મયુરધ્વજસિંહ અનિરુદ્ધસિંહ જાડેજાએ આરોપી તરીકે અહીં તેમની જ સોસાયટીમાં રહેતા સહદેવસિંહ કનુભા વાઢેર અને વિક્રમસિંહ ગુલાબસિંહ જાડેજાનું નામ આપી જણાવ્યું હતું કે, હુ ઘરેથી રોલ કટીંગનુ કામ કરુ છુ. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૧/૦૯/૨૦૨૬ ના રોજ રાત્રે અગીયાર વાગ્યે હુ મારા ઘરે ગોઠવેલા કેમેરાનું લાઈવ ફૂટેજ જોતો હતો. તે વખતે મે જોયેલ કે, મારા ઘરની સામેના ભાગે શેરીમાં રહેતા ઘનશ્યામસિંહ કનુભા વાઢેર નામનો શખ્સ મોટર સાયકલ લઈ મારા ઘર નજીક ચોકમા ઉભો રહેલ અને પછી ચારેય તરફ જોઈ પાછળના ખીસ્સામાથી કાઈક વસ્તુ કાઢીને મારા ઘરના ખુણા નજીક નાખીને જતો રહેલ હતો. બાદ તા.૧૨/૦૯/૨૦૨૬ ના રોજ સવારે આઠ વાગ્યે મે મારા ઘર નજીક જોયેલ તો કંઈ જોવા મળેલ નહીં. તા. ૧૩/૦૯/૨૦૨૬ ના રોજ સવારે સાડા આઠ વાગ્યે ઘનશ્યામસિંહ કનુભા વાઢેર મારા ઘર નજીક નીકળતા મે તેને ઉભો રાખી પુછેલ કે, બે દીવસ પહેલા રાત્રે તમે મારા ઘર નજીક શું નાંખેલ? તો તેણે મને કહેલ ’મે સોપારી નાંખેલ છે. તો મે તેને કહેલ કે અમારા ઘર નજીક શા માટે નાખેલ છે, આ સોપારી નાંખવાની જગ્યા છે. બાદ ઘનશ્યામસિંહ જતાં રહેલ હતા. બાદ નવ વાગ્યે ઘનશ્યામસિંહનો નાનોભાઈ સહદેવસિંહ કનુભા વાઢેર મારા ઘરે આવેલ અને જોરથી રાડ પાડીને કહેલ કે, બહાર નીકળ ફાતળા. હુ મારા ઘરમાથી બહાર નીકળી પૂછેલું કે, શુ તકલીફ છે?તો તેણે મને કહેલ કે સોપારી નાંખેલ હતી, તારાથી થાય તે કરી લે, શેરી કોઈના બાપની નથી, ખીલી મારી લેજે, મમરા ભરી દઈશ કહી એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને છરી પરોવી દઈશ તેમ કહીને ધમકી આપેલ હતી. બાદ સહદેવસિંહના ઘરના સભ્યો અને મારા ઘરની સામે રહેતા વીક્રમસસિંહ ગુલાબસિંહ મારા પીતાના ઘરે જઈ મારા પીતાને બહાર બોલાવી કહેલ કે, મયુરસિંહને સમજાવી દેજો, નહીંતર પતાવી દેશુ, ટાંટીયા ભાંગી નાંખશુ તેવી ધમકી આપેલ હતી.

સમગ્ર મામલે યુવાનની ફરિયાદ પરથી ગોંડલ તાલુકા પોલીસે બે શખ્સો સામે ગુનો નોંધ્યો હતો.

# રેલનગરમાં અમૂલ્ય પ્લોટ પાસે કારની ઠોકરે માસુમ બાળકનું મોત

## પ્રદ્યુમનગર પોલીસે વધુ તપાસ હાથ ધરીઃ પરિવારમાં શોકનું મોજુ ફરીવળ્યુ

**અબતક , રાજકોટ**

શહેરના રેલ નગરમાં પાંચ વર્ષે માસુમ બાળક રમતી વેળાએ પૂરપાટ ઝડપે આવતા કાર ચાલકે અડફેટે લેતા તાત્કાલીક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર મળે તે પહેલા તબીબે માસુમ બાળકને મૃત જાહેર કર્યો હતો ઘટનાની જાણ થતા પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મળતી માહિતી મુજબ શહેરમાં દિવસે અને દિવસે અકસ્માતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે રેલ નગરમાં અમૂલ્ય પ્લોટ પાસે રહેતા યુવરાજ વિક્રમભાઈ બિલપાસ ઉમર વર્ષ ૫ વર્ષીય માસુમ બાળક ગઈ કાલે સાંજે સાઈટ પર રમી રહ્યો હતો ત્યારે પૂરપાટ ઝડપે આવી કારે માસુમને અડફેટે લીધો હતો જેથી માથાના ભાગે ગંભીર ઈજા થતા તાત્કાલિક સારવાર આવશે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર મળે તે પહેલા જ માસુમ બાળકો દમ તોડતા પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો અંગે પ્રદ્યુમન નગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# પ્રધાનમંત્રી ધન ધાન્ય કૃષિ યોજનામાં કચ્છ, દાહોદ અને છોટાઉદેપુર જિલ્લો રાષ્ટ્રીય સ્તરે ઝળકયાં

## કચ્છને બેટર ગવર્નન્સ અને સર્વિસ ડિલેવરી માટે તથા દાહોદ અને છોટાઉદેપુરને ઈમ્પ્રુવિંગ ઈરિગેશન ઈન્ફાસ્ટ્રક્ચરમાં ઉત્કૃષ્ટ કામગીરી માટે મળ્યું સન્માન




**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કૃષિ ક્ષેત્રે વિકાસની પ્રબળ ક્ષમતા ધરાવતા હોવા છતાં, ઉત્પાદકતા અને આર્થિક વિકાસની દ્રષ્ટિએ પાછળ રહેલા અને ઓછી ઉત્પાદકતા, મધ્યમ પાક સઘનતા (ક્રોપ ઈન્ટેન્સિટી) અને સરેરાશથી ઓછા ધિરાણના માપદંડો ધરાવતા ૧૦૦ જિલ્લાઓને આવરી લેવા ૨૦૨૫માં શરૂ કરાવેલી પ્રધાનમંત્રી ધન ધાન્ય કૃષિ યોજનાનું સફળ એક વર્ષ ૧૨ ઓક્ટોબરના રોજ પૂર્ણ થયું છે. આ યોજનાના અમલીકરણના પ્રથમ વર્ષમાં દેશના જે જિલ્લાઓએ નોંધપાત્ર પ્રગતિ કરી છે તેને સન્માનિત કરવા માટે નવી દિલ્હીમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા આયોજિત કાર્યક્રમમાં ગુજરાતના ૩ જિલ્લાઓને શ્રેષ્ઠતા માટેનું સન્માન મળ્યું છે. કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે કચ્છ જિલ્લાને બેટર ગવર્નન્સ અને સર્વિસ ડિલેવરી માટે તથા દાહોદ અને છોટાઉદેપુરને ઈમ્પ્રુવિંગ ઈરિગેશન ઈન્ફાસ્ટ્રક્ચરમાં ઉત્કૃષ્ટ કામગીરી માટેનું સન્માન એનાયત કર્યુ હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ગૌરવ સન્માન મેળવવા માટે કચ્છ, દાહોદ અને છોટાઉદેપુર જિલ્લાના વહીવટી તંત્ર અને કૃષિ વિભાગના અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

છોટાઉદેપુર અને દાહોદ જેવા પહાડી અને આદિવાસી વિસ્તાર ધરાવતા જિલ્લામાં ખેતીના સસ્ટેનેબલ ડેવપમેન્ટ માટે સિંચાઈ સુવિધાઓનું વિશિષ્ટ મહત્વ રહેલું છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સિંચાઈ ક્ષમતામાં વધારો કરવા, માળખાકીય સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવા તથા ખેડૂતો સુધી પૂરતા પ્રમાણમાં પાણી પહોંચાડવા માટે સફળ સઘન પ્રયાસો કરીને ખેતી માટે જરૂરી પાણીની ઉપલબ્ધિ વધારવામાં આવતાં આ જિલ્લાઓમાં કૃષિ ઉત્પાદકતા અને ઉત્પાદનમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. પ્રધાનમંત્રી ધન ધાન્ય કૃષિ યોજનામાં જે છ મુખ્ય ઉદ્દેશ્યોમાં શ્રેષ્ઠ કામગીરી બદલ ૧૮ જિલ્લાઓને સન્માનિત કરવામાં આવ્યા છે તેમાં કૃષિ ઉત્પાદકતામાં વધારો; પાક વૈવિધ્યકરણ અને ટકાઉ કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન, લણણી પછીની સંગ્રહ ક્ષમતામાં વધારો; સિંચાઈ માળખાગત સુવિધાઓમાં સુધારો તેમજ ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની કૃષિ ધિરાણની સુલભતામાં વધારો તથા સુચારું વહીવટ અને સર્વિસ ડિલિવરીનો સમાવેશ થાય છે.

વડાપ્રધાનએ આ પ્રધાનમંત્રી ધન ધાન્ય કૃષિ યોજના ૧૨ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ દેશના ૧૦૦ એગ્રિકલ્ચર એસ્પિરેશનલ જિલ્લાઓ માટે રૂ.૨૪,૦૦૦ કરોડના ખર્ચે શરૂ કરી હતી. જેમાં ગુજરાતના ૪ જિલ્લા કચ્છ, દાહોદ, છોટાઉદેપુર અને પંચમહાલનો સમાવેશ થાય છે.

# ગોંડલ યાર્ડના વેપારીના માતાના ક્રેડિટ કાર્ડમાંથી રૂ.૧.૯૯ લાખની ઉઠાંતરી

## ક્રેડિટ કાર્ડના હેલ્થ ઈન્સ્યોરન્સ પેટે દર મહિને ચાર હજાર કપાત થશે, બંધ કરવા એચડીએફસી બેંકની વેબસાઈટમાં લોગીન કરાવી બે કટકે નાણાં ખંખેર્યા: પોલીસે ગુનો નોંધી તપાસ આદરી

**અબતક, રાજકોટ**

ગોંડલ માર્કેટિંગ યાર્ડના વેપારીના માતાના ક્રેડિટકાર્ડમાંથી સાયબર માફિયાઓએ રૂ. ૧.૯૯ લાખ ઉપાડી લીધા હતા. સાયબર ચાંચીયાએ ફોન કરી એચડીએફસી બેંકના ક્રેડિટ કાર્ડ વિભાગના કર્મચારીની ઓળખ આપી ક્રેડિટ કાર્ડનું હેલ્થ ઈન્સ્યોરન્સ ચાલુ થઈ ગયેલ છે, દર મહિને ચાર હજારનો ચાર્જ લાગશે. જે ઈન્સ્યોરન્સ બંધ કરવા માટે એચડીએફસી બેંકની વેબસાઈટમાં લોગીન કરાવી નાણાં ખંખેરી લેવામાં આવ્યા હતા. સમગ્ર મામલે ગોંડલ બી પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

ગોંડલના ગુંદાળા રોડ પર ગણેશનગર-૨ શેરી નં.-૩ માં રહેતા ૨૨ વર્ષીય યુવાન મીતભાઈ ઓધવજીભાઈ બાલધાએ આરોપી તરીકે એચડીએફસી બેંકના ક્રેડિટ કાર્ડ ડિપાર્ટમેન્ટના કર્મચારીની ઓળખ આપનાર શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, હું ગોંડલ નવા માર્કેટીંગ યાર્ડમાં બાલધા ટ્રેડર્સ નામે પેઢી ધરાવી વેપાર કરુ છું. ગઈ તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ બપોરના આશરે સાડા અગીયાર વાગ્યે હું મારા ઘરે હાજર હતો. ત્યારે મારા કાકી રેખાબેન દીલીપભાઈ બાલધાના મોબાઈલ નંબર પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવેલ હતો. જે ફોન ઉપાડતા સામેવાળા શખ્સે હિન્દી ભાષામાં મારા કાકી રેખાબેનને જણાવેલ કે, હું એચડીએફસી બેંક પીકસલ પ્લે ક્રેડિટકાર્ડ ડિપાર્ટમેન્ટમાંથી બોલું છું તમે બેંકનું જે ક્રેડીટ કાર્ડ વાપરો છો તેમા તમને કોઈ પ્રોબ્લમ હોય તો જણાવવા કહેલ હતું. જેથી મારા કાકી રેખાબેનને આ બાબતે વધુ કોઈ માહીતી ન હોય જેથી તેમણે મને વાત કરવા જણાવ્યુ હતું. જેથી મે વાત કરતા સામાવાળા શખ્સે જણાવેલ કે, ક્રેડીડ કાર્ડમાં હેલ્થ ઈન્સ્યોરન્સનું ઓટો પેમેન્ટ ચાલુ થઈ ગયેલ છે. જેથી મે તેને જણાવેલ કે ક્રેડીટ કાર્ડ મારી માતા રતનબેન ઓધવજીભાઈ બાલધાના નામે છે અને તેમા મોબાઈલ નંબર મારા કાકી રેખાબેન દીલીપભાઈ બાલધાનો રજીસ્ટર કરેલ છે. જેથી સામાવાળાએ કહેલ કે, તમારે ક્રેડિડ કાર્ડનું હેલ્થ ઈન્સ્યોરન્સ ચાલુ રાખવું હોય તો દર મહીને ચાર હજાર રૂપીયાનો ચાર્જ લાગશે. જેથી મે જણાવેલ કે, ક્રેડીટ કાર્ડ મારી માતા રતનબેનને લાઈફ ટાઈમ ફ્રી મળેલ છે જેમા અમારે કોઈ હેલ્થ ઈન્સ્યુરન્સની જરૂર નથી. જેથી સામાવાળાએ બેંકની વેબસાઈટ પર લોગીન કરી વેરીફીકેસન કરવા જણાવેલ હતું. બાદ મે સામાવાળાના જણાવ્યા અનુસાર મે ગુગલમાં જઈ એચડીએફસી બેંકની વેબસાઈટ ખોલી મારા કાકીનો નંબર નાખતા વેબસાઈટનું પેજ આપોઆપ લોડ થવા લાગેલ હતું. બાદ કાકી રેખાબેનના મોબાઈલમાં ઓટીપી આવેલ હતો. જે ઓટીપીમે ફોન કરનાર શખ્સ કે અન્ય કોઈને આપેલ ન હતો. થોડીવાર બાદ મારા કાકીના મોબાઈલ નંબર પર ટેક્સ્ટ મેસેજ આવવા લાગેલ હતા. જે મેસેજમાં મારા માતામાં ક્રેડિટ કાર્ડમાંથી રૂ. ૯૭,૮૫૦ નું ટ્રાન્ઝેક્શન થયાનું જણાવવામાં આવેલ હતું. જેથી હું ગભરાઈ ગયેલ હતો અને ઈન્ટરનેટ બંધ કરી દેવાથી ફ્રોડ નહિ થાય તેવું વિચારી નેટ બંધ કરી દીધેલ હતું. થોડીવારમા મોબાઈલમાં બીજો ઓટીપી આવેલ અને ત્યારબાદ વધુ રૂ.૧,૦૧,૯૭૦ નું ટ્રાન્ઝેક્શન થયાનો મેસેજ આવેલ હતો. જેથી મે તુરંત મોબાઈલમાં એચડીએડસી પે ઝેડએપ નામની એપમાં જઈ તમામ ટ્રાન્જેકસન તથા ક્રેડીટ કાર્ડ બ્લોક કરી દીધેલ હતું. બાદ મે એચડીએફસી બેંકમાં જઈ બનાવની જાણ કરી ક્રેડિટ કાર્ડ બ્લોક કરાવી નાખેલ હતું. બેંકમાંથી મણને જાણવા મળેલ કે, મારી માતાના ક્રેડિટ કાર્ડમાંથી કુલ રૂ. ૧,૯૯,૮૨૦ ઉપડી ગયેલ છે. જે બાબતે યુવાને સાયબર હેલ્પલાઈન નંબર પર અરજી કરી હતી. જે અરજીના આધારે ગોંડલ બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

## ગોંડલના ભગવતપરાના કરિયાણાના વેપારીનો મોબાઈલ હેક કરી એક લાખ ઉપાડી લેવાયા

### ગોંડલના ભગવતપરામાં રહેતા કરિયાણાના વેપારી પણ સાયબર ફ્રોડનો શિકાર બન્યા હતા વેપારીનો મોબાઈલ ફોન હેક કરી બેંક ખાતામાંથી રૂ.૧ લાખ ટ્રાન્સફર કરી લેવામાં આવેલ હતા

ગોંડલના ભગવતપરા શેરી નં.-૨૫/૧૬ માં રહેતા ૪૬ વર્ષીય કરિયાણા વેપારી દીપકભાઈ ટપુભાઈ સોંદરવાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું ઘરેથી જ વીજય પ્રોવીજન નામની કરીયાણાની દુકાન ચલાવી વેપાર કરુ છુ. હું બેંક ઓફ બરોડામાં એકાઉન્ટ ધરાવું છું અને કરીયાણાની દુકાન લે-વેચ માટે આ એકાઉન્ટનું ગુગલ પે વાપરુ છુ. ગઈ તા. ૧૦/૧૦/૨૦૨૬ ના રોજ મારો દીકરો અમદાવાદ અભ્યાસ કરતો હોય જેથી સાંજના આઠ વાગ્યે તેને ગુગલ પે કરવા માટે રૂ. ૩ હજાર નાખતા રૂપીયા ગયેલ નહી. જેથી મે મારું એકાઉન્ટ ખોલી બેલેન્સ જોતા માત્ર ૧ હજાર રૂપીયાનું બેલેન્સ હતુ. જેથી મે ગુગલ પે ખોલી સ્ટેટમેન્ટ જોતા રૂ. ૯૯ હજાર એક અજાણ્યા યુપીઆઈ નંબરમાં ટ્રાન્સફર થયાનું જોવા મળેલ હતું તથા રૂ. ૧ હજાર એમેજોન પેય ગીફ્ટ કાર્ડમાં ટ્રાન્જેકશન થયેલ હતું. જેથી મને યાદ આવેલ કે સવારના પોણા બાર વાગ્યે મારા મોબાઈલ ફોનની ડીસ્પલે અચાનક બંધ થઈ ગયેલ હતી. જે બાદ પાંચ મિનિટ પછી મોબાઈલ ફરી ચાલુ થઈ ગયેલ હતો. જેથી સાયબર માફિયાઓએ મોબાઈલ ફોન હેક કરી બે કટકે રૂ ૧ લાખ ટ્રાન્સફર કરી લીધાની જાણ થતાં વેપારીએ ગોંડલ સીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# હળવદમાં જૂથ અથડામણમાં ૩ આરોપીઓની ધરપકડ

## સાઈડ આપવા બાબતે થયેલી બોલાચાલી બાદ મોરબી ચોકડી પાસે હુમલો; પોલીસની સમયસૂચકથી મોટી ઘટના ઘટી





**અબતક, ઋષી મહેતા**

હળવદના લક્ષ્મીનારાયણ ચોક અને મોરબી ચોકડી ખાતે વાહનની સાઈડ આપવા બાબતે શરૂ થયેલી બોલાચાલી બાદ જૂથ અથડામણની ઘટના બની હતી. બનાવના પગલે પોલીસે અલગ-અલગ ત્રણ ગુના નોંધી કુલ ૨૫ આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરી છે. જેમાં હથિયારો સાથે એકત્ર થવાના ગુનામાં ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

હળવદમાં તા. ૧૧/૧૦/૨૦૨૬ના રોજ સાંજે આશરે ૪:૩૦ વાગ્યે લક્ષ્મીનારાયણ ચોક ખાતે થાર કારના ચાલક અને મોટરસાઈકલ ચાલક વચ્ચે વાહનની સાઈડ આપવા બાબતે બોલાચાલી અને ઝપાઝપી થઈ હતી. આ દરમિયાન અલગ-અલગ સમુદાયના લોકો એકઠા થયા હતા. જોકે, થાર કાર ચાલક ત્યાંથી નીકળી ગયો હતો. ત્યારબાદ થાર કાર ચાલક સામંત ભરવાડ પોતાના સાગરીતો સાથે થાર અને સ્વિફ્ટ કારમાં મોરબી ચોકડી પાસે પહોંચ્યો હતો. ત્યાં અગાઉના ઝઘડાના ખારને લઈને મુસ્લિમ સમુદાયના કેટલાક લોકો સાથે લાકડાના ધોકા અને લોખંડના પાઈપ વડે હુમલો કરી મારામારી કરવામાં આવી હતી.

પોલીસે ત્રણ અલગ-અલગ ગુના નોંધ્યા છે. જેમાં હળવદના લક્ષ્મીનારાયણ ચોક ખાતે બનેલા બનાવમાં એ પાર્ટ ગુ.ર.નં. ૦૯૯૧/૨૦૨૬ હેઠળ છ આરોપીઓ સામે ગુનો નોંધાયો છે. મોરબી ચોકડી ખાતે થયેલી મારામારીના બનાવમાં એ પાર્ટ ગુ.ર.નં. ૦૯૯૩/૨૦૨૬ હેઠળ આઠ આરોપીઓ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જ્યારે હથિયારો સાથે વાહનોમાં આવી ગંભીર ગુનો કરવાની તૈયારીમાં હોવાના બનાવમાં એ પાર્ટ ગુ.ર.નં. ૦૯૯૨/૨૦૨૬ હેઠળ ૧૧ આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. આ પૈકી આસીફ અબ્દુલભાઈ ભટ્ટી (રહે. મોટા ફળિયા, હળવદ), શહેજાન રજાકભાઈ ભટ્ટી (રહે. જંગરીવાસ, હળવદ) અને મહમદહનીફ અબુભાઈ ભટ્ટી (રહે. કુંભાર દરવાજા, હળવદ)ની પોલીસે ધરપકડ કરી છે.

# સંતોના સંગથી વ્યક્તિમાં શ્રદ્ધા દ્રઢ બને છે અને ભગવાનમાં અનુરાગ કરાવે છે: ભાઈશ્રી રમેશભાઈ ઓઝા



**અબતક,રાજકોટ**

રામચરિત માનસના અનુષ્ઠાનના બીજા દિવસના પ્રારંભ પૂર્વે ભાઈશ્રી એ જણાવ્યું એક આપણે સૌ આ શારદીય નવરાત્રિ અંતર્ગત ૪૫મુ શ્રી રામચરિત માનસ અનુષ્ઠાન ખુબ શ્રદ્ધા અને ભકિતભાવથી કરી રહ્યા છીએ. અને અપરાહ્ન સત્રમાં પૂજ્ય ભક્તમાલીજીના શ્રીમુખેથી શ્રીનાભાદાસજીકૃત અને પ્રિયદાસજીએ જેના પર ટીકા લખી છે એવી ભક્તમાલ કથા જેનાથી ભગવાનની પણ શોભા વધી છે એવા એક-એક સંતચરિત્રની કથાનો આપણે લાભ લઈ રહ્યા છીએ. ગૌસ્વામી તુલસીદાસજીએ પણ રામચરિતમાનસમાં એ જ કહ્યું છે મુજબ શ્રદ્ધા હોય, સંતોનો સંગ હોય અને શ્રીમાદ્ભાગવત અનુસાર જો કોઈ વ્યક્તિમાં શ્રદ્ધા ન હોય તો સંતોના સંગથી શ્રદ્ધા બને છે. અને ધીમે ધીમે સંતોના અનુગ્રહથી જ શ્રીરઘુનાથજીના ચરણોમાં અનુરાગ થાય છે. તો જે શ્રીરામચરિત માણસની ત્રણ શર્તો છે જેવી કે વાંચન, શ્રવણ અને સમજણની આ ત્રણેયની પૂર્તિ સંતોના કૃપાપ્રસાદથી શક્ય બને છે. ભાઈશ્રીએ પોતાનો અનુભવ વ્યકત કરતા જણાવ્યું કે મને કોઈ પૂછે આટલા વર્ષોની યાત્રામાં તમને શું પ્રાપ્ત થયું ? તો હું જ કહું કે મને સંતોનો પ્રેમ ખુબ મળ્યો છે. એ જ મોટી સંપત્તિ અને ઉપલબ્ધિ છે. આ રીતે પૂજ્ય ભાઈશ્રીએ ભાવ વ્યકત કરીને શ્રીરામચરિત માનસ પાઠનો પ્રારંભ કરાવ્યો હતો. આજે શ્રીરામચરિત માનસ પાઠમાં શ્રીરામચંદ્ર ભગવાનના જન્મોત્સવ પ્રસંગને આનંદ અને ઉત્સાહસભર ઉજવવામાં આવ્યો હતો.

# પેટ્રોલ પંપ પર બબાલ: યુવાનને કર્મચારીએ ગાળો આપી ધારિયું બતાવી જાનથી મારવાની ધમકી આપી

## લોઠડાનો કુલદીપ બારડ અને બનેવી પેટ્રોલ પંપે ગયા ત્યારે ફીલરમેન મજાક કરતો હતો ત્યારે નીતિને આવી ''તારા જેટલાને બોલાવી લે'' કહી ધારિયું કાઢ્યું

### ''તારે સવારે દુકાન ખોલવી છે ને?'' કહી ધમકી આપી, બાઈક લઈ યુવાનના ઘર સુધી આંટાફેરા કર્યા

**અબતક,રાજકોટ**

કોટડા તાલુકાના નારણકા ગામે પંપે પેટ્રોલી ભરાવવા ગયેલા યુવાનને અહીં કામ કરતા શખસે ગાળો આપી ધારીયુ લઈ ધમકી આપી હતી. બાદમાં યુવાનના ઘર પાસે પણ આંટફેરા કર્યા હતાં. જે અંગે યુવાનની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે ગુનો નોંધ્યો છે.

મૂળ માળીયાહાટીનાના પાણકુવાના વતની અને હાલ લોઠડા ગામે શિવ કોમ્પલેક્ષમાં રહેતા કુલદીપ જગમાલભાઈ બારડ (ઉ.વ.૨૩) દ્વારા આજીડેમ પોલીસ સ્ટેશનમાં નારણકા ગામે રહેતા નીતિન કિશોરભાઈ વાળા સામે હથિયાર બતાવી ધમકી આપી આ અંગેની ફરિયાદ નોંધાવવામાં આવેલી છે.ગઈ તા. ૬- ૧૦ ના સમી સાંજના યુવાન અને તેના બનેવી અક્ષયભાઈ બંને લોઠડા ગામથી નારણકા ગામ બાજુ મધુવન કાંટાની સામે આવેલા પ્રિન્સા પેટ્રોલ પંપ ખાતે પેટ્રોલ ભરવા ગયા હતા. ત્યારે પેટ્રોલ ભરાવતી વખતે ફીલરમેન મજાક મસ્તી કરતો હતો તે વખતે એક શખસે યુવાન પાસે આવી ગાળાગાળી કરવા લાગ્યો હતો. જેથી યુવાનના બનેવી અક્ષયગાળો કેમ આપો છો પૂછતા યુવાન સામે આંગળી ચીંધી હું તમને નથી આપતો આને ગાળો આપુ છું તેમ કહી યુવાને કહેવા લાગ્યો હતો કે, તારા જેટલાને બોલાવવા હોય એને બોલાવી લ્યો એમ કહી પેટ્રોલ પંપની ઓફિસ પાછળથી ધારીયુ લઈ આવી ગાળાગાળી કરી આજે તો તને જાનથી મારી નાખવો છે તેમ કહેવા લાગ્યો હતો અને કહ્યું હતું કે, હું તને ઓળખું છું મારું ઘર ચાર કિલોમીટર દૂર છે અને તું ૧૦૦ કિલોમીટર કાપીને આવ્યો છે. તારે સવારે દુકાન ખોલવી છે ને? દરમિયાન અહીં લોકો એકત્ર થઈ જતા યુવાન અહીંથી પેટ્રોલ ભરાવી ઘરે પહોંચી ગયો હતો.

ત્યારબાદ આ શખસ તેમનો પીછો કરી બાઈક લઈ અહીં આવ્યો હતો અને એક બે વખત ઘર સામે અવરજવર પણ કરી હતી. બાદમાં યુવાનને જાણવા મળ્યું હતું કે, આ શખસનું નામ નીતિન વાળા છે જેથી જે તે સમયે પોલીસ સ્ટેશનમાં અરજી આપ્યા બાદ આ અંગે ફરિયાદ નોંધાવી છે.

# હળવદના ચંદ્રગઢ ગામે યુવાનની બોથડ પદાર્થના ઘા ઝીંકી હત્યા

## અનીલ જાદવ મોડી સાંજે વાડીએથી ઘરે ન ફરતા પરિવારજનો શોધવા ગયા ત્યારે મકાન સામે માથુ ફાટેલી હાલતમાં મળ્યા



**અબ તક મોરબી ઋષિ મહેતા**

હળવદ તાલુકાના ચંદ્રગઢ ગામે યુવાનની હત્યાની ઘટના સામે આવતાં ચકચાર મચી ગઈ છે. અજાણ્યા શખ્સે યુવાનના માથાના ભાગે બોથડ પદાર્થના ઘા ઝીંકી તેની હત્યા કરી હોવાનું પ્રાથમિક વિગતોમાં સામે આવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ચંદ્રગઢ ગામના અનીલ રામજીભાઈ જાદવ (ઉંમર ૨૭ વર્ષ) મોડી સાંજ સુધી વાડીએથી ઘરે પરત ફર્યા ન હતા. જેથી પરિવારજનો તેમને શોધવા માટે વાડીએ પહોંચ્યા હતા. જ્યાં અનીલભાઈનો મૃતદેહ મળી આવતાં પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.રાતના સવા નવેક વાગ્યાના વખતે મોટાભાઈ રામજીભાઈ ફોન આવેલ અને વાત કરેલ વાડીએ આવેલ મકાનની સામે પુત્ર અનીલ લોહી લુહાણ હાલતમાં પડેલ છે અને હલન ચલન કરતો નથી તેટલી વાત કરી ચાલુ ફોન દરમ્યાન મારા ભાઈ રામજીભાઈનો સામે થી અવાજ આવતો બંધ થઈ ગયેલ જેથી હું તથા દીકરો સુરેશ સાથે

### ઘટનાની જાણ થતા ડીવાયએસપી, એલસીબી, અને હળવદ પીઆઈ સહિતનો કાફલો દોડી ગયો, આરોપીની શોધખોળ

રામજીભાઈની વાડીએ ગયેલ જ્યાં રામજીભાઈ બેભાન હાલતમાં પડેલ હતા અને ત્યાં મકાનની સામે મારો ભત્રીજો જમીન ઉપર લોહી લુહાણ હાલતમાં પડેલ હતો અને માથાના ઉપરનો ભાગ ફાટી ગયેલ હતો જેથી મેં મારા ભત્રીજા હસમુખભાઈ જાદવ, જેરામભાઈ તથા પોપટભાઈ ડાયાભાઈનાઓને ફોન કરી જાણ કરેલ અને ૧૧૨ માં પોલીસને ફોન કરી જાણ કરેલ. આ વખતે રામજીભાઈને મારા ભાણા લાલજીભાઈ મોરી તથા સવજીભાઈ મકવાણા તથા પુત્ર સુરેશ સારવાર માટે લઈ ગયેલ હતા.ઘટનાની જાણ થતાં ડીવાયએસપી, એલસીબી અને હળવદ પોલીસ સ્ટેશનના પીઆઈ સહિતની પોલીસ ટીમ મોડી રાત્રે ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહને હળવદ સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી.યુવાનની હત્યા કોણે અને ક્યા કારણોસર કરી તે અંગે અનેક સવાલો ઊભા થયા છે. હાલ પોલીસ દ્વારા હત્યાનો ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી આરોપીને શોધવા તેમજ હત્યા પાછળનું કારણ જાણવા તપાસ શરૂ કરવામાં આવી છે.

# સરકારી વકીલ ઉજ્જવલ નિકમના જીવન પર બનતી ફિલ્મ ''પ્રહાર''ની ટીમે મોહન ભાગવત સાથે મૂલાકાત કરી



**અબતક, રાજકોટ**

દેશના જાણીતા વરિષ્ઠ સરકારી વકીલ ઉજ્જવલ નિકમના જીવનચરિત્ર પર આધારિત નિર્મિત થઈ રહેલી આગામી ફિલ્મ ''પ્રહાર''ની ટીમ હાલ નાગપુરના પ્રવાસે છે આ ફિલ્મના નિર્માતા-નિર્દેશક દિનેશ વિજાન, ખુદ ઉજ્જવલ નિકમ અને અનિકેત નિકમ સહિત ફિલ્મ સાથે જોડાયેલ વિશેષ સભ્યોએ આરએસએસના વડા મોહન ભાગવતની મુલાકાત લીધી હતી આ પ્રવાસ દરમિયાન ફિલ્મની સમગ્ર ટીમે ડો. હેડગેવાર સ્મારક સમિતિ પરિસર, રેશિમબાગ ખાતે આવેલા સ્મૃતિ મંદિરમાં જઈને દર્શન કર્યા હતા અને ડો. હેડગેવારને પુષ્પાંજલિ અર્પિત કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

(પહેલા પાનાનું ચાલુ)

**ઘઉં...**

ભાવમાં મોટો ઉછાળો નહીં આવે તેવો અંદાજ છે. ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા પાસે હાલમાં નિયમનકારી બફર સ્ટોક કરતાં લગભગ બમણો જથ્થો ઉપલબ્ધ છે, જે કિંમતોને નિયંત્રણમાં રાખશે. આ સરપ્લસ સ્ટોકને કારણે જ ભારતે ઘઉંની નિકાસ પરનો ચાર વર્ષ જૂનો પ્રતિબંધ હટાવીને ૩ લાખ ટન ઘઉંની નિકાસની મંજૂરી આપી છે તેમજ બજારમાં પુરવઠો જાળવી રાખવા એફસીઆઈ દ્વારા ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ ૨૦૨૬નું પ્રથમ ટેન્ડર પણ બહાર પાડવામાં આવ્યું છે.

(ચોથા પાનાનું ચાલુ)

**સોનમ ગરબા**

તાલબદ્ધ રજૂઆત સાથે ભવ્ય આયોજન રાસોત્સવને આગવી ઓળખ આપી રહ્યું છે. પ્રથમ બે દિવસમાં મળેલા પ્રતિસાદથી આયોજકોમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બીજા નોરતે ખેલૈયાઓ વચ્ચે શ્રેષ્ઠ પ્રદર્શન કરવાની સ્પર્ધા જામી હતી. પ્રિન્સ, પ્રિન્સેસ અને વેલડ્રેસ કેટેગરીમાં ખેલૈયાઓએ પોતાની કળા અને પરંપરાગત પોશાકથી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. સ્પર્ધાના અંતે વિવિધ કેટેગરીના વિજેતાઓનાં નામ જાહેર કરવામાં આવ્યાં હતાં અને તેમને મહાનુભાવોના હસ્તે લાખેણાં ઈનામો એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

**નાગરિક સહકારી બેંક**

ધોળકીયા (ઈન્ચાર્જ વાઈસ ચેરમેન), ડિરેકટરગણમાંથી અશોકભાઈ ગાંધી, નવીનભાઈ પટેલ, ચિરાગભાઈ રાજકોટીયા, સીએ. ભૌમિકભાઈ શાહ, સીએ. બ્રિજેશભાઈ મલકાણ, બોર્ડ ઓફ મેનેજમેન્ટમાંથી હંસરાજભાઈ ગજેરા (વાઈસ ચેરમેન), વિજયભાઈ કોઠારી (સદસ્ય), નીતિનભાઈ મણીયાર (સદસ્ય), શાખા વિકાસ સમિતિના સદસ્યો અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પ માટે શ્રીમદ્ રાજચંદ્ર ગ્રુપના વિનયભાઈ જસાણી, ડો.આત્મનભાઈ કથીરીયા તેમજ સીવીલ હોસ્પીટલના ડો.માનસભાઈ ત્રિવેદી અને સમગ્ર ટીમનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો. આવી જ રીતે, બહારગામમાં અમદાવાદ શાખામાં વડીલ ડિરેકટર સુરેન્દ્રભાઈ પટેલ, મોરબી શાખામાં ડિરેકટર દીપકભાઈ બકરાણીયા, ધોરાજી શાખામાં ડિરેકટર લલિતભાઈ વોરા, જામનગર શાખામાં ડિરેકટર હસમુખભાઈ હિંડોચા, ગાંધીનગર શાખામાં કો-ઓપ્ટ ડિરેક્ટર હરેશભાઈ ઠક્કર, જસદણ શાખામાં કો-ઓપ્ટ ડિરેક્ટર શૈલેષભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

(૧૧માં પાનાનું ચાલુ)

**ગોપી રાસોત્સવ...**

છે.આ રાસોત્સવને સફળ બનાવવા માટે સરગમ પરિવારના માર્ગદર્શક અને કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા તથા પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ મૌલેશ ઉકાણી, ભરતભાઈ સોલંકી, રાજભા ગોહિલ, મનસુખભાઈ ધંધુકિયા, રમેશભાઈ કબરી, દીપકભાઈ શાહ, જગદીશભાઈ કિયાડા, જયસુખભાઈ ડાભી, રાજેન્દ્રભાઈ ચેઠ, સુરેશભાઈ દેત્રોજા, કૌશિકભાઈ વ્યાસ અને કનૈયાલાલ ગજેરા સહિતના કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

લેડીઝ કલબના ડો. ચંદાબેન શાહ, નિલુબેન મહેતા, જસુમતીબેન વસાણી, ડો. માલાબેન કુંડલિયા, અલકાબેન કામદાર, છાયાબેન દવે, ગીતાબેન હીરાણી, જયશ્રીબેન વ્યાસ, સુધાબેન દોશી, હેતલબેન થડેશ્વર, બિનાબેન અનડકટ અને ડો. અલકાબેન ધામેલિયા સહિતની બહેનો પણ આયોજનને સફળ બનાવવા સક્રિય યોગદાન આપી રહી છે.

**સહિયર...**

ઉદય લાલસેતા, હાર્દિક પરમાર, અભીજીત શુકલ, હેતલ શુકલ, રાજેશ ડાંગર, મયુર વેકરીયા, મિલન દેસાઈ અને ધર્મેશ પંડયાએ વિજેતાઓની પસંદગી કરી હતી. સિનિયર કેટેગરીમાં પ્રિન્સ તરીકે પાર્થ વાઢેર, ધ્રુવ કારેલીયા, જીત પાલા, અને અર્જુન આહિક ચૂંટાયા હતા; જ્યારે પ્રિન્સેસ તરીકે માહી કોટક, પલ રાદડીયા, મૈત્રી પટોરીયા, અને ઉર્વિશા રાઠોડ વિજેતા બન્યા હતા. જુનિયર કેટેગરીમાં મંથન ગર, પ્રિન્સ સોમૈયા, અને અક્ષીત રાઠોડ તેમજ જેશીકા સરવૈયા, ક્રિષ્ના ખોખર, અને દૃષ્ટિ બુસા વિજેતા જાહેર થયા હતા.

વિજેતાઓને પી.આઈ.આર.જી. બારોટ, રવિરાજસિંહ જાડેજા, પિયુષભાઈ રૈયાણી, દિવ્યરાજસિંહ જાડેજા, સત્યજીતસિંહ જેઠવા, રાહુલસિંહ ઝાલા, દીપકભાઈ પટેલ, જેન્તીભાઈ ઝાલા, કરન આયનાણી, પુનિત ઓબેરોય (બેઈ પ્રોડકશન ઈન્ચાર્જ), શકિતસિંહ ગોહિલ, ભગીરથભાઈ લોખીલ, દોલતસિંહ ડોડીયા, મેઘરાજસિંહ જાડેજા, રાજેશભાઈ કાનાણી, કિશનભાઈ સોલંકી અને ભાર્ગવ મહેતાના હસ્તે ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, માતાજીના સ્વરૂપ જેવા વેશભૂષામાં આવેલી એક બાળકીને ચંદુભા પરમાર તથા પિયુષભાઈ રૈયાણી દ્વારા રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. તેજસ આજરોજ સહિયાર રાસોત્સવમાં 'વૃંદાવન થીમ રાસ'નું વિશેષ આયોજન કરવામાં આવશે.

(છેલ્લા પાનાનું ચાલુ)

**કોંગ્રેસ...**

અપક્ષ ઉમેદવાર મતદારોનો વિશ્વાસ જીવતામાં સફળ રહ્યા છે. કોંગ્રેસને છેક મતદાનના દિવસ સુધી અવઢવમાં રહેવાની સ્થિતિ નડી ગઈ છે. જ્યારે પાટનગર ફતેહ કરવાનો આપનો ઈરાદો અને પન્નો બન્ને ટુંકા પડ્યા છે. જેના કારણે ભાજપનો ભગવો લહેરાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ચુંટણીમાં ગાંધીનગર મહાનગરપાલિકામાં ૪૪ માંથી ૪૧ બેઠકો જીતી સત્તારૂઢ થયું હતું. પરિણામ બાદ કોંગ્રેસના ૩ પૈકી બે કોર્પોરેટરોએ ભાજપનો કેસરિયો ખેસ ધારણ કરી લેતા ભાજપના કોર્પોરેટરોની સંખ્યા ૪૩ થઈ જવા પામી હતી. ગત એપ્રિલ માસમાં યોજાયેલી રાજ્યની નવરચીત ૯ મહાનગરપાલિકા અને અમદાવાદ સહિતની ૬ મહાનગરપાલિકા સહિત કુલ ૧૫ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપનો શાનદાર વિજય થયો છે. ગાંધીનગર મહાપાલિકા પણ જાળવી રાખવામાં સત્તાધારી પક્ષ સફળ રહ્યું છે. પાટનગર જીતવા માટે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ પુરુ જોર લગાવ્યું હતું. શહેરી મતદારોમાં ભાજપનું પ્રભુત્વ યથાવત રહેવા પામ્યું છે. બેઠકોમાં ચોક્કસ ઘટાડો થયો છે. પરંતુ ભાજપ રાજધાની જીતવામાં સફળ રહ્યું છે. ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીના આડે હવે એક વર્ષ જેટલો સમય બાકી છે. ત્યારે ગાંધીનગર મહાપાલિકાની ચૂંટણીના પરિણામો તમામ રાજકીય પક્ષો માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે. સત્તાના સેમિફાઈનલ સમા જંગમાં ભાજપને શાનદાર સફળતા મળી છે.

**તાપમાન...**

ભુજનું તાપમાન ૩૮.૨ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૪.૬ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૫.૫ ડિગ્રી, કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૩૭.૫ ડિગ્રી રહેવા પામ્યું હતું. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં ભાવનગરનું તાપમાન ૩૬ ડિગ્રી, દેવભૂમિ દ્વારકાનું તાપમાન ૩૧.૪ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૧.૩ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૮.૬ ડિગ્રી, રાજકોટનું તાપમાન સૌથી વધુ ૩૯.૮ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૮.૨ ડિગ્રી, દિવનું તાપમાન ૩૫.૮ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૩૭.૮ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૬.૬ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૩૭.૫ ડિગ્રી નોંધાયું હતું. સુર્યોદય અને સુર્યાસ્તના સમયમાં શિયાળાની અસર દેખાવા માંડી છે. પરંતુ તાપમાનનો પારો ઉનાળાની માફક ઉંચો જોવા મળી રહ્યો છે.

**વધુ એક લોથ ઢળી...**

મળીને આ હત્યાકાંડ આચર્યો છે. હત્યાની ક્રૂર ઘટનાને અંજામ આપ્યા બાદ ચારેય નરાધમો અંધારાનો લાભ લઈને બાઈક પર ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા.ઘટનાની જાણ થતાં જ શહેર પોલીસ તંત્ર દોડતું થઈ ગયું હતું. સ્થાનિક તાલુકા પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ અને એલસીબી સહિતનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ફરાર થઈ ગયેલા કુખ્યાત રાધે, અનિલ ઉર્ફે કાનો અને તેના સાગરીતોને ઝડપી પાડવા માટે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ :** મુળ ભાલસર હાલ રાજકોટ નિવાસી જયાબેન મનસુખભાઈ રાયચુરા (ઉ.વ.૭૬) તે સ્વ. મનસુખભાઈ રાયચુરાના પત્ની તથા સ્વ. દેવચંદભાઈ જેરામભાઈ ધનેશાના પુત્રી તે ચંદ્રેશભાઈ (લાલાભાઈ) રાયચુરાના માતા તથા હસમુખભાઈ, ભરતભાઈ, રમેશભાઈ, ચંદ્રકાન્તભાઈ, જયંતિભાઈ, જગદીશભાઈ રાયચુરાના કાકી તેમજ હિરેનભાઈ અને અશ્વિનભાઈ રાયચુરાના મોટા બા તા. ૧૧ના રોજ અવસાન પામેલ છે. તેમનું બેસણું તથા પિયરપક્ષની સાદડી તા. ૧૫ ના રોજ ગુરૂવારે સાંજે ૪ થી ૬ વાગ્યે જી-૭૦૪, પંડિત દિન દયાળ નગર, રંગોલી પાર્ક હાઉસીંગ બોર્ડ ક્વાર્ટર, કટારિયા ચોકડી પાસે કાલાવડ રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# નોરતામાં પાણીકાપની ભેટ: આજે વોર્ડ નં.૪ના કાલે વોર્ડ નં.૫ના લોકો રહેશે તરસ્યા

## લાઈન લીકેજના કારણે સામાકાંઠાના બે વોર્ડના લાખો લોકોને પાણી નહીં મળે

**અબતક, રાજકોટ**

નવલા નોરતામાં કોર્પોરેશન દ્વારા શહેરીજનોને પાણીકાપની ભેટ આપવામાં આવી છે આજથી બે દિવસ સામા કાઠા વિસ્તારના વોર્ડ નં. ૪ અને ૫ માં પાણી વિતરણ બંધ રાખવામાં આવશે.

કોર્પોરેશનની વોટર વર્કસ શાખાના સુત્રોના જણાવ્યાનુસાર આજી ફિલ્ટર પ્લાન્ટથી ગ્રીનલેન્ડ પમ્પીંગ સ્ટેશન તરફની ૯૦૦ મી.મી. રાઈઝીંગ મેઈન લાઈનમાં રાંદરડાના નાળા પાસે લાઈન લીકેજ થયેલ હોવાથી જરૂરી લાઈન રીપેરીંગની કામગીરી માટે આજે મંગળવારના રોજ ગ્રીનલેન્ડ હેડવર્ક આધારિત વોર્ડ નં. ૪ પાર્ટ તથા તા. ૧૪ ને બુધવારના રોજ ગ્રીનલેન્ડ હેડવર્ક આધારિત વોર્ડ નં. ૫ પાર્ટના વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેશે.

આજે વોર્ડ નં. ૪ ના હેડવર્કસને લાગુ વિસ્તાર મીરા પાર્ક ૧,ચિત્રકૂટ પાર્ક, વૃંદાવન વિલા ૧-૨-૩, ડી માર્ટ, વિઝન સ્કુલ, શાંતિ સદન કોમ્પ્લેક્ષ,જય શકિત પાર્ક, વૃંદાવન પાર્ક ૧,વૃંદાવન પાર્ક ૨,વૃંદાવન પાર્ક ૩, નરશી મેહતા આવાસ, ગણેશ કોમ્પ્લેક્ષ, ઉધમસિંહ આવાસ,મધુવન પાર્ક, પંચવટી પાર્ક, ગોકુલ ધામ રેસીડેનસી, તુલસીપાર્ક, શીવધારા સોસાયટી, ગુરૂદેવ પાર્ક ૧ તથા ૨(૫૦ ફુટ રોડ), લક્ષ્મણ પાર્ક, અંબિકા પાર્ક, શિવ પરા, ગુરુદેવ પાર્ક ગેઈટ ૧ તથા ૨ (કુવાડવા રોડ), એલ જી પાર્ક, ચિત્રકૂટ પાર્ક, સોમનાથ રીયલ હોમ, નિત્યમ વિલા,ભોલેનાથ રેસીડેનસી,શિવ શકિત પાર્ક, શ્રીનાથ પાર્ક, રાજનગર, શિવ રંજની, અંબિકા પાર્ક,રામ પાર્ક, કસ્તુરી, કિંજલ પાર્ક, ચામુંડા સોસાયટી, ભગવતી પાર્ક, આર જે ટી, તીર્થ, રોહિદાસ પરા, શાનદાર રેસીડેનસી ૧ તથા ૨, હરિદર્શન, શ્રી બંગલો, લોકમાન્ય તિલક આવાસ, આર્ય કૃતિ, ખોડીયાર પાર્ક, રઘુવીર પાર્ક, સતનામ પાર્ક, સત્યમ પાર્ક, પંચરત્ન,જમના પાર્ક, રામાણી પાર્ક, ગંગા પાર્ક,સુખ દેવ પાર્ક, જલારામ પાર્ક, અક્ષર પાર્ક, આર કે ડ્રીમલેન્ડ ૧તથા ૨, વાલ્મીકી પાર્ક, શિવમ પાર્ક, હરસિધ્ધિ પાર્ક, તિરુપતિ પાર્ક, બાલાજી પાર્ક, ગણેશ પાર્ક ૧તથા૨, સરદાર પટેલ પાર્ક,અમૃત પાર્ક, શ્રી પાર્ક, ગાંધી વસાહત, ચામડિયા પરા, ગણેશ નગર, લાતી પ્લોટ,ગાયત્રી ધામ,શિવાજી પાર્ક, શિવાજી પાર્ક મફતિયાપરા,ભરવાડ વાસ, શિવાલય પાર્ક, સાહેબ પાર્ક,ખોડલ ધામ સોસાયટી ,ખોડલ રાજ રીયલ હોમ, રાધે રેસિડન્સી, નોવા, નક્ષત્ર, ખોડલ,શિવમ પાર્ક ૧૨, ખોડલ પાર્ક, ઓસ્કાર સિટી, દેવલોક પાર્ક, જ્યારે આવતી કાલે વોર્ડ નં. ૫ ના અલકા પાર્ક, ભગીરથ સોસા., ગાંધી સ્મૃતિ સોસા-૧-૨, ગ્રામલક્ષ્મી સોસા., = ગ્રીનગોલ્ડન પાર્ક, ગુજરાત સોસા., ગુલાબવાડી, હનુમાનપરા, હરિદ્વાર પાર્ક, ખોડીયાર પાર્ક, કોહિનૂર પાર્ક, એલ.પી.પાર્ક, લાખેશ્વર સોસા., લાલપરી મફતીયાપરા, માલધારી સોસા., માંન્છાનગર ખાડો, મનહર સોસા., મણીનગર, માર્કેટિંગ યાર્ડ હુડકો ક્વાર્ટર, મારૂતીનગર-૧-૨-૩, મીરાપાર્ક, નારાયણ નગર, નરસિંહનગર, નવાગામ આવાસયોજના, નવાગામ શક્તિ સોસા. ૫૬ન્યુ, ન્યુ ગાંધી સ્મૃતિ સોસા., ન્યુ શક્તિ સોસા., પટેલ પાર્ક, પેડક સંસ્થા, પ્રજાપતિ નગર, રામપાર્ક, રાધેપર્ક, રઘુવીર પાર્ક, રણછોડનગર, રણછોડવાડી-૧-૨, રત્નદીપ સોસા., સદગુરુ રણછોડનગર, સંતકબીર સોસા., સરદાર પટેલ કોલોની, સેટેલાઈટ પાર્ક, શિવમનગર, શિવનગર, શિવ સૃષ્ટી સોસા.-૧-૨-૩, શ્રીરામ સોસા., શ્યામપાર્ક, સિધ્ધીવિનાયક સોસા., સીતારામનગર, વ્રજભુમી માલધારી સોસા., વલ્લભનગર, વાલ્મીકી આવાસ યોજના, રુન્દાવન સોસા., ઝરીયા સોસાયટીમાં પાણી વિતરણ બંધ રાખવામાં આવશે.

# યુવક મહોત્સવમાં કણસાગરા કોલેજની વિદ્યાર્થિનીઓએ વિવિધ સ્પર્ધાઓ જીતી ઝળહળતી સફળતા મેળવી

## એકાંકી, સમૂહ ગીત, વેસ્ટર્ન વોકલ, સોલો અને ભજનની સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ કોલેજ પરિવાર દ્વારા અભિનંદન પાઠવાયા



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, '૫૪મા હીરક સ્પંદન યુવક મહોત્સવ-૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ યુથ ફેસ્ટિવલમાં વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને સર્જનાત્મકતાની ભાવના તેમજ સાંસ્કૃતિક મૂલ્યોનો વિકાસ થાય તેવા હેતુથી વિવિધ પ્રતિયોગિતાઓનું આયોજન કરાયું હતું. જેમાં શ્રીમતી કે. એસ. એન. કણસાગરા મહિલા કોલેજની વિદ્યાર્થીની બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની અદ્ભુત પ્રતિભા પ્રદર્શિત કરી હતી.ટીમ ભાવના, શારીરિક સ્ફૂર્તિ, ઉત્કૃષ્ટ સંકલન અને અદમ્ય ઉત્સાહ સાથે કણસાગરા મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓએ વિવિધ ક્ષેત્રે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી કોલેજનું નામ રોશન કર્યું છે.પ્રાપ્ત કરેલ સિદ્ધિઓઃ એકાંકી પ્રથમ નંબર, સમૂહ ગીત પ્રથમ નંબર, વેસ્ટર્ન વોકલ પ્રથમ નંબર, સોલો સ્પર્ધા પ્રથમ નંબર, ભજન સ્પર્ધાઃ તૃતીય નંબર. આ શાનદાર સફળતા બદલ કોલેજ પરિવાર દ્વારા તમામ વિજેતા વિદ્યાર્થીનીઓને ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવવામાં આવી છે.આ સમગ્ર કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ ડો. સ્નેહલ પલાણના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# ટેકાના ભાવે બાજરી, જુગાર, રાગી અને મકાઈની ખરીદી કરાશે

## ૩૧ ઓક્ટોબર સુધી વીસીઈ મારફત ઓનલાઈન નોંધણી કરાવી શકાશે

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા ખરીફ માર્કેટિંગ સિઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત ખેડૂતો પાસેથી લઘુતમ ટેકાના ભાવે ડાંગર, મકાઈ, બાજરી, જુવાર તથા રાગીની સીધી ખરીદી કરવામાં આવશે. ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ. મારફતે ખરીદી હાથ ધરાશે.

ભારત સરકાર દ્વારા નક્કી કરાયેલા ટેકાના ભાવ મુજબ ડાંગર (કોમન) રૂ. ૨૪૪૧ પ્રતિ ક્વિન્ટલ, ડાંગર (ગ્રેડ-એ) રૂ. ૨૪૬૧, મકાઈ રૂ. ૨૪૧૦, બાજરી રૂ. ૨૯૦૦ પ્રતિ ક્વિન્ટલ ભાવ નક્કી કરાયા છે. ઉપરાંત જુવાર(હાઈબ્રિડ) રુ. ૪૦૨૩ , જુવાર (માલદંડી) રૂ.૪૦૭૩ પ્રતિ ક્વિન્ટલ તથા રાગી માટે રૂ. ૫૨૦૫ પ્રતિ ક્વિન્ટલ (ઉપરાંત ત્રણેયમાં વધારાનું બોનસ રૂ. ૩૦૦ પ્રતિ ક્વિ.) નિયત કરવામાં આવ્યું છે.

ટેકાના ભાવે પાક વેચવા ઈચ્છતા ખેડૂતોએ સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ વી.સી.ઈ. મારફતે ૩૧ ઓક્ટોબર સુધીમાં ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે. આ નોંધણી ખેડૂતોના બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા થશે. ડાંગર, મકાઈ, જુવા, બાજરી અને રાગીની ખરીદી તા. ૧૬ નવેમ્બર થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૭ સુધી કરવામાં આવશે. ખેડૂતોએ નોંધણી સમયે આધારકાર્ડની નકલ, અધતન ગામ નમૂનો, પાકની વાવણી અંગેની જરૂરી વિગતો તથા બેંક ખાતાની વિગતો દર્શાવતી પાસબુકની નકલ/કેન્સલ ચેક સાથે રાખવાનો રહેશે. પાક ટેકાના ભાવે વેચવા ઈચ્છતા ખેડૂતોને સંબંધિત ગ્રામ પંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા અપીલ કરવામાં આવી છે.

નોંધણી કરાવનાર ખેડૂતોને ખરીદી અંગેની જાણ એસએમએસ મારફતે કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતોએ પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન બાદ જ ખરીદી કરવામાં આવશે.

નોંધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧ ૭૧૭૧૮ અને ૮૫૧૧૧ ૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવા રાજ્ય નાગરિક પૂરવઠા નિગમ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# રાષ્ટ્રીય કક્ષાની ફિઝિક્સ પ્રોજેક્ટ સ્પર્ધામાં પ્રીમિયર સ્કૂલના બે વિદ્યાર્થીઓએ મેળવી સિદ્ધિ

## જતન ત્રિવેદી અને દ્વિત ઘોડાસરાએ 'એરબેગ અને સ્વચાલિત બ્રેકિંગ સિસ્ટમ'ના નવીન પ્રોજેક્ટ માટે તૃતીય ઈનામ મેળવ્યું

**અબતક રાજકોટ**

રાજકોટની પ્રીમિયર સ્કૂલના બે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ જતન ત્રિવેદી અને દ્વિત ઘોડાસરાએ રાષ્ટ્રીય કક્ષાની ફિઝિક્સ પ્રોજેક્ટ પ્રદર્શન સ્પર્ધામાં તૃતીય ઈનામ પ્રાપ્ત કરીને શાળા અને રાજકોટનું ગૌરવ વધાર્યું છે. બંને વિદ્યાર્થીઓએ 'એરબેગ અને તેની સાથે સંકલિત સ્વચાલિત બ્રેકિંગ સિસ્ટમ' વિષય પર નવીન પ્રોજેક્ટ રજૂ કરીને પોતાની વૈજ્ઞાનિક સમજ, સર્જનાત્મકતા અને સંશોધનક્ષમતાનો પરિચય આપ્યો હતો. ઈન્ડિયન એસોસિએશન ઑફ ફિઝિક્સ ટીચર્સ (IAPT) દ્વારા આયોજિત નેશનલ કોન્ફરન્સ ઑફ ઈનોવેટિવ એક્સપેરિમેન્ટ્સ ઈન ફિઝિક્સ (NCIEP) અંતર્ગત ફિઝિક્સ પ્રોજેક્ટ પ્રદર્શનનું આયોજન નોઈડાની એમિટી યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય કક્ષાના આયોજનમાં દેશભરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ પોતાના વૈજ્ઞાનિક પ્રોજેક્ટ્સ રજૂ કરીને પ્રતિભા દર્શાવી હતી.

સ્પર્ધાના પ્રથમ તબક્કામાં વિદ્યાર્થીઓએ પોતાના પ્રોજેક્ટની સૈદ્ધાંતિક માહિતી અને ચાર્ટ ઈમેઈલ મારફતે મોકલ્યા હતા. દેશભરમાંથી પ્રાપ્ત થયેલી અનેક એન્ટ્રીઓમાંથી પસંદગી પ્રક્રિયા બાદ માત્ર ૨૩ વિદ્યાર્થીઓને પોતાના પ્રોજેક્ટનું પ્રત્યક્ષ પ્રસ્તુતીકરણ કરવા માટે એમિટી યુનિવર્સિટી, નોઈડા ખાતે આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ પસંદગી પામેલા વિદ્યાર્થીઓમાં પ્રીમિયર સ્કૂલના જતન ત્રિવેદી અને દ્વિત ઘોડાસરાનો પણ સમાવેશ



થયો હતો. બંને વિદ્યાર્થીઓએ 'એરબેગ અને તેની સાથે સંકલિત સ્વચાલિત બ્રેકિંગ સિસ્ટમ' વિષય પર પોતાનો પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. વાહનચાલકો અને મુસાફરોની સુરક્ષા સાથે સંકળાયેલા આ વિષયની નવીનતા તથા પ્રસ્તુતિને બિરદાવવામાં આવી હતી. પરિણામે બંને વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય કક્ષાએ તૃતીય ઈનામ મેળવી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી હતી. દેશભરમાંથી પસંદગી પામેલા ૨૩ પ્રોજેક્ટ્સમાં સ્થાન મેળવવું અને ત્યારબાદ તૃતીય ઈનામ પ્રાપ્ત કરવું એ બંને વિદ્યાર્થીઓની મહેનત, વૈજ્ઞાનિક અભિગમ અને નવીન વિચારોને પ્રયોગાત્મક સ્વરૂપ આપવાની ક્ષમતાનું પ્રતિબિંબ છે.

# સરસ્વતી શિશુમંદિરમાં નવરાત્રીની રંગારંગ ઉજવણી



## વિદ્યાર્થીઓ, વાલીઓ અને ટ્રસ્ટ પરિવારના ૩૫૦૦ જેટલા સભ્યોએ માતાજીની કરી આરાધના

**અબતક, રાજકોટ**

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન તેમજ સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ રાજકોટ સંચાલિત સરસ્વતી શિશુમંદિરમાં નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સરસ્વતી શિશુમંદિરના ત્રણેય સંકુલો મારૂતિનગર, રણછોડનગર અને નવા થોરાળા વિભાગ દ્વારા માતૃશક્તિના મહિમાને ઉજાગર કરતા સાંસ્કૃતિક રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાંસ્કૃતિક રાસ-ગરબાની શરૂઆત શાળાના ચેરમેન અપૂર્વભાઈ મણીઆર, મેનેજિંગ ટ્રસ્ટી ડો. બળવંત જાની, ટ્રસ્ટીઓ અનિલ કિંગર, પલ્લવી દોશી, ખંતિલભાઈ મહેતા, સમીર પંડિત, રક્ષિત પટેલ દ્વારા સપરિવાર ઉપસ્થિત રહીને મા અંબાની આરતી-સ્તુતિ દ્વારા કરાવવામાં આવી હતી. માતાજીની આરતી-સ્તુતિ બાદ સરસ્વતી શિશુમંદિર પરિવારના ત્રણેય વિભાગના આશરે ૩૫૦૦ જેટલા સભ્યોએ પોતપોતાના સ્થાન પર પરંપરાગત વસ્ત્રોમાં ગરબી, ગરબા, દાંડિયા રાસની રંગત સાથે નવરાત્રી પર્વની રંગારંગ ઉજવણી કરી હતી.

## શહેરના 'લાયન મેન' તરીકે જાણીતા વન્યજીવ તસવીરકાર તપન શેઠને આંતરરાષ્ટ્રીય એવોર્ડ એનાયત

### 'જાપાનીઝ સ્નો મંકી'ની સર્જનાત્મક તસવીર માટે સીએના ફોટોગ્રાફી એવોર્ડથી સન્માનીત કરાયા

**અબતક,રાજકોટ**

ગીરના સિંહોની ફોટોગ્રાફીથી 'લાયન મેન' તરીકે વિશ્વભરમાં ખ્યાતિ મેળવનાર રાજકોટના જાણીતા વન્યજીવ તસવીરકાર તપન શેઠને વધુ એક પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. તેમની આ સિદ્ધિ રાજકોટ અને ગુજરાત માટે ગૌરવની બાબત છે. સીએના ફોટોગ્રાફી એવોર્ડ એ ફોટોગ્રાફી ક્ષેત્રે વિશ્વમાં ખુબજ પ્રચલીત અને પ્રતિષ્ઠિત સન્માન છે. તાજેતરમાં ઈટાલીના સિએના શહેરમાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય સિએના ફોટોગ્રાફી એવોર્ડમાં વિશ્વભરમાંથી પ્રાપ્ત થયેલી ૫,૦૦૦ થી વધુ તસવીરોમાંથી તપન શેઠની 'જાપાનીઝ સ્નો મંકી'ની તસવીર ક્રિએટિવ વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી કેટેગરીમાં હાઈલી કમેન્ડેડ તરીકે વિજેતા જાહેર થઈ હતી. જાપાનના જિગોકુદાની (Jigokudani) ખાતે તેમણે



પોતાના કેમેરામાં કેદ કરેલી આ અનોખી અને સર્જનાત્મક તસવીર માટે તેમને પુરસ્કાર સમારંભમાં ખાસ આમંત્રિત કરવામાં આવ્યા હતા. ઈટાલીમાં આ સન્માન સ્વીકારી તેમણે આંતરરાષ્ટ્રીય સ્તરે રાજકોટ અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

# વોર્ડ નં.૧૮માં રૂ.૫.૫૪ કરોડના વિકાસ કામોનું કરાયું ખાતમુહુર્ત



**અબતક,રાજકોટ**

વોર્ડ નં.૧૮માં કોઠારિયામાં રૂ.૫.૫૪ કરોડના ખર્ચે કેસરી નંદન પાસે બોકસ કલ્વર્ટ બનાવવાના કામનું ખાતમુહુર્ત તેમજ રૂ.૧.૦૪ કરોડના ખર્ચે શ્યામ-સુંદર બંગ્લોઝ પાસે નવનિર્મિત જાહેર ગાર્ડન ખાતમુહુર્ત કરવામાં આવ્યું.આ કાર્યક્રમમાં ધારાસભ્ય ભાનુબેન બાબરિયા, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, શાસકપક્ષ દંડક સંજયસિંહ રાણા, બાગ બગીચા અને ઝૂ સમિતિના ચેરમેન રક્ષિતભાઈ કલોલા, બાંધકામ સમિતિના ચેરમેન અશ્વિનભાઈ ભોરણીયા તેમજ વોર્ડ નં.૧૮ના કોર્પોરેટરઓ ભારતીબેન પરસાણા દક્ષાબેન વાઘેલા, સંજયભાઈ સાગઠિયા, શહેર ભાજપ સંગઠનના હોદેદારો, કાર્યકર્તાઓ તેમજ બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પાથરણાવાળાઓના ત્રાસમાંથી છોડાવો: લાખાજીરાજ રોડના વેપારીઓની આજીજી

## મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા ગેરહાજર હોય દુકાનની ચાવી સોંપવાનો કાર્યક્રમ રદ કરાયોઃ મેયર ડો. નેહલ શુક્લ સમક્ષ કરાઈ રજૂઆત

### દબાણ હટાવ ડ્રાઈવ વધુ કડક બનાવવાની મેયરની ખાતરી





તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

શહેરની મુખ્ય બજાર એવી લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ સહિતની માર્કેટમાં પાર્ટ પાથરણાવાળા દબાણના કારણે વેપારીઓ ત્રાહીમામ પોકારી ગયા છે. નવરાત્રી અને દિવાળીના તહેવારમાં દબાણ કર્તાઓનો ત્રાસ વધી જાય છે. પાથરણાવાળાના ત્રાસમાંથી મુક્તિ અપાવવાની માંગ સાથે આજે લાખાજીરાજ રોડના વેપારીઓએ કોર્પોરેશન કચેરીમાં ધામા નાખ્યા હતાં. પોતાની દુકાનની ચાવી મ્યુનિસિપલ કમિશનરને સોંપવાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો જો કે તુષાર સુમેરા ગેરહાજર હોવાના કારણે આ કાર્યક્રમ મોકુફ રાખી મેયર ડો. નેહલ શુક્લ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. દબાણહટાવ ડ્રાઈવ વધુ વેગવાન બનાવવાની ખાતરી મેયર દ્વારા આપવામાં આવી છે. લાખાજીરાજ રોડ ઓલ મર્ચન્ટ એસોસીએશન દ્વારા આજે ફેરીઆઓ અને પાથરણાવાળાઓના દબાણના પ્રશ્ને મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાને દુકાનની ચાવી આપી દેવાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો. જો કે કમિશનરની ગેરહાજરી હોવાના કારણે આ કાર્યક્રમ રદ કરવામાં આવ્યો હતો. વેપારીઓ દ્વારા મેયર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. દુકાનની અંદર ગ્રાહક તો ઠીક ખુદ દુકાનના માલીક પણ પ્રવેશી ન શકે તેટલી હદે દબાણો હોય છે. જેના કારણે ધંધા-રોજગાર કરવા મુશ્કેલ બની ગયા છે. અવાર નવાર રજૂઆત કરવા છતાં કોર્પોરેશન દ્વારા પ્રશ્નની ગંભીરતાને ધ્યાનમાં રાખી કોઈ પગલા લેવામાં આવતા ન હોવાનો બળાપો પણ વેપારીઓએ ઠાલવ્યો હતો. વેપારીઓની રજૂઆત સાંભળી મેયરે એવુ જણાવ્યું હતુ કે, તમે વેપારીઓ જ નક્કી કરીને આવો કે કઈ રીતની કામગીરી કરવી તેને ધ્યાનામં રાખી કોર્પોરેશન દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. વેપારીઓએ પોતાની દુકાન પાસેની ફુટપાથ પર એક ફૂટ જગ્યા પર પુતળા રાખવાની અને રોડ પર એક થી દોઢ ફુટની રેલીંગ રાખવાની છુટ આપવા પણ રજૂઆત કરી હતી. જેના જવાબમાં મેયરે કહ્યું હતુ કે, દબાણ હટાવ કામગીરીમાં નિયમો બધા માટે એક સરખા જ હોય તેમાં કોઈ છુટછાટ આપવામાં આવશે નહીં વેપારીઓને પાટ પાથરણાવાળાઓનો કોઈ કનડગત ન રહે તે રીતે કાર્યવાહી કરવાની મેયરે ખાતરી આપી છે.

# તહેવારોમાં જ ખાદ્યતેલ સળગ્યું: સીંગતેલમાં રૂ.૭૦ અને કપાસિયા-સનફ્લાવરમાં રૂ.૨૫નો વધારો

## સિંગતેલના ડબ્બાનો ભાવ રૂ.૩,૦૫૦ જયારે કપાસિયા તેલના ૧૫ કિલો ડબ્બાના ભાવ રૂ.૨,૬૭૦ થી રૂ.૨,૭૦૦ની સપાટીએ પહોંચ્યો



**અબતક, રાજકોટ**

આગામી દિવાળીના તહેવારોને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારો માટે માઠા સમાચાર સામે આવ્યા છે. રસોડાના મુખ્ય ખર્ચ સમાન ખાદ્યતેલના બજારમાં તેજીનો ટોન સતત યથાવત જોવા મળી રહ્યો છે. તહેવારોની મોસમમાં ફરસાણ અને મીઠાઈની ખરીદી વધતાં સિંગતેલ, કપાસિયા, પામોલીન તેમજ સોયાબીન સહિતના તમામ તેલના ભાવમાં એકાએક મોટો ઉછાળો નોંધાયો છે. સિંગતેલના ડબ્બામાં સીધો રૂપિયા ૭૦ નો વધારો થતાં ડબ્બાનો ભાવ રૂપિયા ૩,૦૫૦ ની સપાટીએ પહોંચી ગયો છે.

### મગફળીનો મોટો જથ્થો સરકારી એજન્સીઓ પાસે હોવાથી ભાવ હજુ વધશે: મનીષભાઈ(ગીતા ઓઈલ મીલ)

રાજકોટ ગીતા ઓઈલ મીલના મનીષભાઈએ ''અબતક'' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, કપાસના કાચા માલની સપ્લાયમાં પણ અડચણો આવી છે. બજારના નિષ્ણાતોના મતે, મગફળીનો મોટો જથ્થો સરકારી એજન્સીઓ (જેમ કે નાફેડ) પાસે હોવાથી અને ઓપન માર્કેટમાં ઉનાળુ આવક મર્યાદિત હોવાથી સિંગતેલ અને કપાસિયા તેલના ભાવ ઊંચા જઈ રહ્યા છે.જ્યાં સુધી આંતરરાષ્ટ્રીય સ્તરે યુદ્ધની સ્થિતિ શાંત નહીં થાય અને વૈશ્વિક દરિયાઈ માર્ગો સુરક્ષિત નહીં થાય, ત્યાં સુધી ખાદ્યતેલોના ભાવમાં મોટી રાહત મળવાની શક્યતા ઓછી છે. જો સ્થાનિક સ્તરે નવી મગફળી અને કપાસની આવક વધશે, તો જ થોડો ઘટાડો જોવા મળી શકે છે.

ખાદ્યતેલ બજારમાં વિવિધ તેલના નવા ભાવ સિંગતેલના ૧૫ કિલોના ડબ્બામાં ₹૭૦ નો વધારો થતાં ભાવ ₹૨,૯૫૦ થી વધીને ₹૩,૦૫૦ સુધી પહોંચી ગયો છે.સૌથી વધુ વપરાતા કપાસિયા તેલના ૧૫ કિલો ડબ્બાના ભાવમાં ₹૨૫ નો વધારો નોંધાતાં નવો ભાવ ₹૨,૬૭૦ થી ₹૨,૭૦૦ ની સપાટીએ પહોંચ્યો છે.સનફલાવર તેલના ભાવમાં પણ ડબ્બે ₹૨૫ નો વધારો થયો છે, જયારે પામોલીન અને સોયાબીન તેલમાં પણ મજબૂત તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ઓઈલ મિલરો અને માર્કેટ યાર્ડના વેપારીઓના જણાવ્યા અનુસાર ભાવ વધારા પાછળના મુખ્ય કારણો માર્કેટ યાર્ડ્સમાં જૂની મગફળીની આવક નહિવત થઈ ગઈ છે, જેના કારણે પીલાણ માટે પૂરતો જથ્થો ઉપલબ્ધ નથી. દિવાળીના તહેવારોને કારણે ખાદ્યતેલની માગમાં અચાનક મોટો ઉછાળો આવ્યો છે.ગત મહિને સિંગતેલ અને કપાસિયા તેલમાં ₹૧૫૦ થી ₹૨૦૦ નો નોંધપાત્ર ઘટાડો થયો હતો, પરંતુ તહેવારોની ખરીદી નીકળતાં બજાર ફરી ગરમ થઈ ગયું છે.

જ્યાં સુધી માર્કેટ યાર્ડોમાં નવી મગફળીની વિપુલ પ્રમાણમાં આવક શરૂ નહીં થાય ત્યાં સુધી એટલે કે દિવાળી સુધી તેલના ભાવ ઊંચી સપાટી પર જ રહેવાની શક્યતા છે. ખેડૂતો તરફથી નવા પાકની પૂરતી આવક શરૂ થયા બાદ જ ખાદ્યતેલના ભાવમાં સામાન્ય ઘટાડો જોવા મળી શકે છે. હાલના તબક્કે તહેવારો ટાણે જ તેલના ભાવ વધતાં ગૃહિણીઓનું માસિક બજેટ ખોરવાઈ ગયું છે.

# કર્ણાટક, ઉત્તરાખંડ, સિક્કિમ અને ઓડિશાના નવા રાજ્યપાલની નિમણૂંક કરતા રાષ્ટ્રપતિ

## કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ અર્લેકરને તમિલનાડુ ટ્રાન્સફર કરાયા: સિક્કિમના ઓમપ્રકાશ માથુરને સોંપાયો કેરળનો પદભાર

**અબતક, રાજકોટ**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ દ્વારા દેશના ચાર મુખ્ય રાજ્યોમાં નવા રાજ્યપાલોની નિમણૂક તેમજ બે રાજ્યોના રાજ્યપાલોની ફેરબદલી અંગેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ ભવન દ્વારા બહાર પાડવામાં આવેલા અધિકૃત આદેશ અનુસાર, વિવિધ પૃષ્ઠભૂમિ ધરાવતા અગ્રણી નેતાઓને આ પ્રશાસનિક અને બંધારણીય જવાબદારીઓ સોંપવામાં આવી છે.



નવી નિમણૂકો અંતર્ગત, હરિયાણાના પૂર્વ સાંસદ અને ૧૯૯૯ના કારગિલ યુદ્ધમાં શહીદ થયેલા બીએસએફના ડેપ્યુટી કમાન્ડન્ટ સુખબીર યાદવના ધર્મપત્ની સુધા યાદવને કર્ણાટકના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, મધ્યપ્રદેશના ભોયાર પવાર સમુદાયના પૂર્વ સાંસદ ઢાલસિંહ બિસેનને ઉત્તરાખંડના રાજ્યપાલ પદે નિયુક્ત કરાયા છે.

દલિત અને સામાજિક પ્રતિનિધિત્વની દ્રષ્ટિએ, જાટવ સમુદાયના પૂર્વ સાંસદ દુષ્યંત ગૌતમને સિક્કિમના નવા રાજ્યપાલ તરીકેની જવાબદારી સોંપાઈ છે, જ્યારે ધોબી સમુદાય સાથે સંબંધ ધરાવતા પૂર્વ સાંસદ બ્રજમોહન રામને ઓડિશાના રાજ્યપાલ પદે નિયુક્ત કરવામાં આવ્યા છે.

નવી નિમણૂકો સાથે જ બે રાજ્યોના વર્તમાન રાજ્યપાલોના કાર્યક્ષેત્રમાં ફેરબદલી કરવામાં આવી છે. સત્તાવાર માહિતી મુજબ, કેરળના વર્તમાન રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ અર્લેકરની બદલી કરીને તેમને તમિલનાડુ મોકલવામાં આવ્યા છે, જ્યારે સિક્કિમના રાજ્યપાલ ઓમપ્રકાશ માથુરને હવે કેરળના રાજ્યપાલ તરીકેનો પદભાર સોંપવામાં આવ્યો છે.

# હુથીઓએ સાઉદી અરેબિયાને ઘેર્યું: સાઉદી પ્રિન્સ એક જગ્યાએથી બીજી જગ્યાએ સંતાઈ રહ્યા છે

## ૨૦૧૫ના યમન યુદ્ધની આગ ફરી ભડકી: ઈરાન સમર્થિત હુથીઓ સામે સાઉદીએ અમેરિકા પાસે માંગી સીધી લશ્કરી મદદ

**અબતક, રાજકોટ**

ઈરાન સાથે જોડાયેલા વ્યાપક યુદ્ધ અને મિડલ ઈસ્ટમાં વધતા તણાવ વચ્ચે યમનના હુથી વિદ્રોહીઓએ સાઉદી અરેબિયા પર ઘાતક હુમલાઓ તેજ કર્યા છે.હુથી વિદ્રોહીઓના સતત વધતા મિસાઈલ અને ડ્રોન હુમલાના જોખમને પગલે સાઉદી અરેબિયાના ૪૧ વર્ષીય ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન કડક સુરક્ષા ધરાવતા અને ભૂગર્ભ બંકરોથી સજ્જ જુદા જુદા રાજમહેલો વચ્ચે સતત સ્થળ બદલીને આશરો લેવા મજબૂર બન્યા છે. વિશિષ્ટ પસંદગી પામેલી કમાન્ડો સુરક્ષા ટીમની દેખરેખ હેઠળ તેમની મુવમેન્ટ રાખવામાં આવી રહી છે.

સાઉદી અરેબિયા પોતાની મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આર્થિક સંપત્તિઓને હુથીઓના વધુ હુમલાઓથી બચાવવા માટે સખત સંઘર્ષ કરી રહ્યું છે. તાજેતરમાં જ રિયાધના કિંગ ખાલેદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હુથીઓની મિસાઈલ ત્રાટકતાં ઓછામાં ઓછા ૧૨ લોકોના મોત થયા છે અને સેંકડો લોકો ગંભીર રીતે ઘવાયા છે, જે ઈરાન યુદ્ધ સાથે જોડાયેલા સંઘર્ષમાં ગલ્ફ સહયોગીઓ પરનો સૌથી ઘાતક હુમલામાંથી એક છે. હુથી વિદ્રોહીઓ અત્યાર સુધીમાં રિયાધ એરપોર્ટ પર ઓછામાં ઓછા ચાર વખત હુમલા કરી ચૂક્યા છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૫માં ક્રાઉન પ્રિન્સે આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત યમન સરકારના સમર્થનમાં સાઉદી સેનાને યમન ગૃહયુદ્ધમાં ઉતારી હતી, જેના જવાબમાં હુથીઓએ સાઉદીના તેલ મથકો અને રિયાધ જેવા શહેરોને નિશાન બનાવવાનું શરૂ કર્યું હતું. વર્ષ ૨૦૨૨માં બંને પક્ષો વચ્ચે યુદ્ધવિરામ થયો હતો, પરંતુ તાજેતરમાં ઈરાન સાથેનો તણાવ વધતાં ફરી હિંસા ભડકી ઉઠી છે.

સાઉદી અરેબિયા પોતાના વિશાળ ભૂભાગ પર હવાઈ સુરક્ષા પૂરી પાડવામાં પડકારોનો સામનો કરી રહ્યું હોવાથી, તેણે રાજમહેલો અને ઉર્જા મથકોની સુરક્ષા માટે એર ડિફેન્સ બેટરીઓને ખાસ ખસેડવી પડી છે. આ પરિસ્થિતિ વચ્ચે સાઉદી અરેબિયા હુથીઓ સામે અમેરિકા પાસેથી વધુ સીધી લશ્કરી ભૂમિકાની માંગ કરી રહ્યું છે. વોશિંગ્ટન અત્યાર સુધી સાઉદી સેનાને ઈન્ટેલિજન્સ શેરિંગ, ટાર્ગેટ આઈડેન્ટિફિકેશન અને પ્લાનિંગમાં મદદ કરી રહ્યું હતું, પરંતુ સીધા લશ્કરી હુમલાઓથી દૂર રહ્યું હતું. જોકે, રિયાધ એરપોર્ટ પરના ઘાતક હુમલા બાદ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે જાહેરાત કરી છે કે તેઓ હુથી વિદ્રોહીઓ સામે સીધી લશ્કરી કાર્યવાહી કરવાનો વિચાર કરી રહ્યા છે.

અમેરિકાના આ યુદ્ધમાં સીધા પ્રવેશથી મિડલ ઈસ્ટનો સંઘર્ષ વધુ વિસ્ફોટક બની શકે છે અને વૈશ્વિક શિપિંગ રૂટ માટે મોટું જોખમ ઊભું થઈ શકે છે. હુથી વિદ્રોહીઓ લાલ સમુદ્રને અડેન નૌકાધામ સાથે જોડતી વ્યૂહાત્મક 'બાબ અલ-મંદેબ' સામુદ્રધુની પર દરિયાઈ વાહનવ્યવહાર ખોરવવાનો પ્રયાસ કરી શકે છે, જેના પર તેમણે વિતેલા મહિને જ કબ્જો જમાવ્યો હતો. ઈરાન દ્વારા હોર્મુઝ સામુદ્રધુની બ્લોક કરવાના પ્રયાસોથી પહેલાથી જ વૈશ્વિક તેલ પુરવઠો ખોરવાયો છે, ત્યારે યુદ્ધ પહેલા વિશ્વના ક્વાર્ટર (૨૦% જેટલા તેલનો વપરાશ જે માર્ગેથી થતો હતો તે બાબ અલ-મંદેબ પર જળમાર્ગ બંધ થવાથી વૈશ્વિક સ્તરે ભયંકર તેલ સંકટ ઘેરાવાની ભીતિ સર્જાઈ છે.

# તંત્રની લાલિયાવાડી : ગરબા આયોજકે સમયસર અરજી કરવા છતાં મંજૂરી ન આપતા હાઈકોર્ટે સમન્સ પાઠવ્યું

## અરજી પર સત્તાવાર નિર્ણય કે મંજૂરી ન મળવા છતાં આયોજકે પાસ વેચી દીધા જેથી કાર્યક્રમ રદ થાય કે હોબાળો થાય તેવી પૂરી સંભાવના હતી

**અબતક અમદાવાદ**

ગુજરાતમાં નવરાત્રી મહોત્સવનો ઉત્સાહ પૂરબહારમાં ખીલ્યો છે અને ખેલૈયાઓમાં ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે, ત્યારે વહીવટી તંત્રની લાપરવાહીનો એક ગંભીર મામલો ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચ્યો છે. કલોલ ખાતે યોજાનારા ગરબા આયોજન માટે નિયમ મુજબ અગાઉથી અરજી કરવા છતાં અને આયોજકે પાસનું વેચાણ કરી દીધું હોવા છતાં તંત્ર દ્વારા સમયસર પરવાનગી ન આપવામાં આવતા હાઈકોર્ટે કલોલના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ પર લાલ આંખ કરી છે. ન્યાયમૂર્તિએ આ મામલે કડક રૂખ અપનાવતા જવાબદાર અધિકારીને તમામ રેકોર્ડ સાથે કોર્ટમાં હાજર રહેવા સમન્સ પાઠવ્યું છે.આયોજક સાગર પારેખ દ્વારા ૨૮ સપ્ટેમ્બરના રોજ કલોલ ખાતે ૧૧ થી ૨૦ ઓકટોબર દરમિયાન યોજાનારા નવરાત્રી ગરબા આયોજન માટે મામલતદાર સમક્ષ મંજૂરી અર્થે અરજી કરવામાં આવી હતી. ગુજરાત પોલીસ એકટ હેઠળની આ અરજી એસડીપીઓ દ્વારા ૧ ઓકટોબરે અભિપ્રાય માટે સાંતેજ પોલીસ ઈન્સ્પેકટરને મોકલવામાં આવી હતી. અરજી પર કોઈ સત્તાવાર નિર્ણય કે મંજૂરી ન મળવા છતાં આયોજકે પાસ વેચી દીધા હતા, જેથી કાર્યક્રમ રદ થાય કે હોબાળો થાય તેવી પૂરી સંભાવના હતી.સોમવારે તાકીદની સુનાવણી દરમિયાન સરકારી વકીલે બે દિવસનો સમય માંગ્યો હતો, પરંતુ હાઈકોર્ટે મામલાની ગંભીરતા સમજીને એસડીએમને તમામ રેકોર્ડ સાથે કોર્ટમાં હાજર રહેવા તાકીદ કરી છે.આ પ્રકરણ માત્ર કલોલના એક ગરબા આયોજન પૂરતું સીમિત નથી, પરંતુ તે સમગ્ર વહીવટી તંત્રની કાર્યશૈલી પર મોટો પ્રશ્નાર્થ ચિન્હ મૂકે છે. ન્યાયપાલિકા દ્વારા લેવાયેલ આ કડક પગલું એ વાતની પ્રતીતિ કરાવે છે કે ઉત્સવો અને લોકભાવના સાથે જોડાયેલી બાબતોમાં પ્રશાસને અડચણરૂપ બનવાને બદલે સમયસર અને સકારાત્મક અભિગમ અપનાવવો જ જોઈએ.

## આઈટીઆઈમાં પીપીપી મોડલ ''જમાવટ'' કરશે

# સુરતમાં પાંચ આઈટીઆઈમાં સ્કીલ ડેવલપ કરવા 'નિપ્પોન સ્ટીલ' યોગદાન આપશે

## પીએમ-સેતુ યોજના હેઠળ રૂ. ૨૪૦ કરોડના ખર્ચે સુરતની પાંચ આઈટીઆઈમાં મોડર્ન વર્કશોપ અને પ્રેક્ટિકલ ટ્રેનિંગ અપાશે

**અબતક, રાજકોટ**

દેશમાં કૌશલ્ય વિકાસ અને ઔદ્યોગિક તાલીમને આધુનિક યુગ મુજબ સુસંગત બનાવવાના ભાગરૂપે પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ (પીપીપી) મોડલ હેઠળ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્દ્રીય કૌશલ્ય વિકાસ મંત્રાલય દ્વારા દેશની નવ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઈટીઆઈ) ના રૂ. ૪૪૦ કરોડના કાયાકલ્પ અને આધુનિકીકરણની જવાબદારી 'આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા'ને સોંપવામાં આવી છે. આ યોજના અંતર્ગત ગુજરાતના સુરત ખાતે આવેલી ૫ આઈટીઆઈ અને આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે આવેલી ૪ આઈટીઆઈનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેનાથી સ્થાનિક યુવાનો માટે ઉચ્ચ સ્તરીય સ્કીલ ડેવલપમેન્ટના દ્વાર ખુલશે.પીએમ-સેતુ પહેલ હેઠળ આકાર પામી રહેલા આ પ્રોજેક્ટ માટે કૌશલ્ય વિકાસ મંત્રાલય દ્વારા શેરહોલ્ડર્સ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. કુલ રૂ. ૪૪૦ કરોડના બજેટમાંથી સુરતની પાંચ આઈટીઆઈના આધુનિકીકરણ માટે રૂ. ૨૪૦ કરોડ અને વિશાખાપટ્ટનમની ચાર આઈટીઆઈ માટે રૂ. ૨૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ સંસ્થાઓનું સંચાલન સ્પેસિફિક પર્પઝ વ્હીકલ દ્વારા કરવામાં આવશે, જેમાં નિપ્પોન સ્ટીલ ૫૧ ટકા હિસ્સેદારી ધરાવશે, જ્યારે કેન્દ્ર અને સંબંધિત રાજ્ય સરકારો પ્રત્યેક ૨૪.૫ ટકા ઈક્વિટી શેર ધરાવશે. નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા આ સ્કીલ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનું અમલીકરણ 'ન્યૂ એજ મેકર્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી' ની ભાગીદારીમાં કરશે.

સ્કીલ ડેવલપમેન્ટ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરતાં, આ નવી યોજના હેઠળ આઈટીઆઈમાં પરંપરાગત અભ્યાસક્રમોના સ્થાને નવતર કોર્સ દાખલ કરવામાં આવશે અને વર્તમાન અભ્યાસક્રમોમાં વ્યાપક સુધારો કરાશે. યુવાનોને ઉદ્યોગોની વર્તમાન જરૂરિયાતો મુજબ તૈયાર કરવા માટે આઈટીઆઈમાં અદ્યતન ટેકનોલોજીવાળી વર્કશોપ્સ, મોડર્ન લેબોરેટરીઝ અને સિદ્ધાંતો કરતાં વધુ પ્રેક્ટિકલ તાલીમ આપવા પર ભાર મુકાશે. ઉદ્યોગજગત સાથે સીધા જોડાણના કારણે તાલીમાર્થીઓને ઉચ્ચ કક્ષાની ઔદ્યોગિક તાલીમ મળશે, જેનાથી તેમની રોજગારક્ષમતામાં ધરખમ વધારો થશે.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૬૦,૦૦૦ કરોડના ભંડોળ સાથે શરૂ કરાયેલી 'પીએમ-સેતુ' યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય દેશભરની ૧,૦૦૦ સરકારી આઈટીઆઈ અને ૫ નેશનલ સ્કિલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ્સને અપગ્રેડ કરવાનો છે. આ વિશાળ યોજનાના ફંડિંગમાં કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૩૦,૦૦૦ કરોડ, વિવિધ રાજ્ય સરકારો દ્વારા રૂ. ૨૦,૦૦૦ કરોડ અને ખાનગી ઔદ્યોગિક ક્ષેત્ર (ઈન્ડસ્ટ્રી) દ્વારા રૂ. ૧૦,૦૦૦ કરોડનું યોગદાન આપવામાં આવી રહ્યું છે. આ પીપીપી મોડલ દ્વારા દેશના યુવાનો માટે કૌશલ્ય વર્ધન અને રોજગારીની નવી તકો ઉભી થશે.

# એચડીએફસી બેંકનું 'ફેસ્ટિવ ટ્રીટ્સ ૨૦૨૬' કેમ્પેઈન: તહેવારોની ખરીદી પર ગ્રાહકોને મળશે રૂ.૭૦,૦૦૦ સુધીની બચત

## 'ટ્રીટ ઓલ યોર હાર્ટ' થીમ સાથે ૧૦,૦૦૦થી વધુ આકર્ષક ઓફર્સ, અગ્રણી બ્રાન્ડ્સ પર ડિસ્કાઉન્ટ તેમજ લોન અને બેંકિંગ સુવિધાઓની ભેટ

**અબતક, રાજકોટ**

એચડીએફસી બેંક દ્વારા તહેવારોની સીઝનને ધ્યાનમાં રાખીને પોતાના વાર્ષિક ઉત્સવ 'ફેસ્ટિવ ટ્રીટ્સ ૨૦૨૬' કેમ્પેઈનની જાહેરાત કરવામાં આવી છે. આ વર્ષે કેમ્પેઈનની થીમ 'ટ્રીટ ઓલ યોર હાર્ટ' રાખવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત ગ્રાહકોને ક્રેડિટ કાર્ડ્સ, ડેબિટ કાર્ડ્સ તેમજ ઈઝીઈએમઆઈ દ્વારા વિવિધ કેટેગરીમાં તહેવારોની ખરીદી પર રૂ. ૭૦,૦૦૦ સુધીની બચત કરવાની તક મળશે. દેશભરમાં શરૂ થયેલું આ કેમ્પેઈન દિવાળીના તહેવાર સાથે સંપન્ન થશે.

આ કેમ્પેઈન હેઠળ બેંકે ૧૦,૦૦૦થી વધુ ઓફર્સ રજૂ કરી છે, જે એપેરલ, ઈલેક્ટ્રોનિક્સ, ટ્રાવેલ, હોમ ડેકોર અને જ્વેલરી જેવી વિવિધ શ્રેણીઓમાં લાગુ પડશે. આ માટે એલજી ઈલેક્ટ્રોનિક્સ, ગૂગલ પિક્સલ, સેમસંગ, વનપ્લસ, વિજય સેલ્સ, ક્રોમા, રિલાયન્સ ડિજિટલ, મેકમાયટ્રિપ, મિન્ત્રા, રિલાયન્સ સેન્ટ્રો, વર્લ્ડ ઓફ ટાઈટન, રોયલઓક, હોન્ડા, જીઆરટી જ્વેલર્સ અને જોયઆલુક્કાસ જેવી અગ્રણી બ્રાન્ડ્સ સાથે સહભાગીદારી કરવામાં આવી છે. તદુપરાંત, બેંકે વર્ચ્યુઅલ માસ્ટરકલાસ દ્વારા દિવાળીની તૈયારી, નિવૃત્તિ આયોજન અને રજાઓની બચત અંગે માર્ગદર્શન આપવા માટે જાણીતા સેલિબ્રિટીઝ અને ઈન્ફલુએન્સર્સ સાથે પણ જોડાણ કર્યું છે.

લોન પ્રોડક્ટ્સ અને બેંકિંગ સુવિધાઓ અંગે વાત કરીએ તો, બેંકે એક્સપ્રેસ પર્સનલ લોન, એક્સપ્રેસ કાર લોન, હોમ લોન, ગોલ્ડ લોન અને અન્ય વાહન લોન પર આકર્ષક વ્યાજદરો સાથે ઝડપી મંજૂરીની સુવિધા આપી છે. સમગ્ર પરિવાર અને વેપારીઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિઝન પ્લસ+ કરન્ટ એકાઉન્ટ્સ, સ્પેશિયલ સેવિંગ્સ એકાઉન્ટ્સ, બિઝનેસ લોન, બિઝનેસ ક્રેડિટ કાર્ડ્સ, ઓવરડ્રાફ્ટની સુવિધાઓ અને વિવિધ પેમેન્ટ સોલ્યુશન્સ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

એચડીએફસી બેંકના ચીફ માર્કેટિંગ ઓફિસર અને ગ્રુપ હેડ રવિ સન્થાનમે જણાવ્યું હતું કે, તહેવારોની સીઝન લાખો પરિવારો માટે આનંદ અને નવી શરૂઆતનો અવસર છે. અગ્રણી બ્રાન્ડ્સની આકર્ષક ડિસ્કાઉન્ટ ઓફર્સને ઈઝીઈએમઆઈ અને એક્સપ્રેસ લોન જેવી સરળ ધિરાણ સુવિધાઓ સાથે જોડીને ગ્રાહકો માટે ખરીદી વધુ સુલભ બનાવવામાં આવી છે, જેથી ગ્રાહકો સમજદારીપૂર્વક બચત કરીને ધામધૂમથી તહેવારોની ઉજવણી કરી શકે.

# પૂર્વ સાંસદ રામ મોકરિયાની પ્રભારી તરૂણ ચુઘની આત્મીય મુલાકાત

## વિદ્યાર્થી પરિષદના દિવસોના સંસ્મરણો તાજા કરી, મિત્રતા અને સંગઠનની સફર વાગોળી

**અબતક, રાજકોટ**



ભારતીય જનતા પાર્ટીના સંગઠનને જીવન સમર્પિત કરનારા બે વરિષ્ઠ નેતાઓ વચ્ચેની એક આત્મીય અને સંસ્મરણસભર મુલાકાત ગઈકાલે ગાંધીનગર સ્થિત ભાજપના પ્રદેશ કાર્યાલય 'કમલમ' ખાતે યોજાઈ હતી. પૂર્વ સંસદસભ્ય રામભાઈ મોકરીયા અને ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી તથા રાજ્યસભા સાંસદ તરૂણ ચુઘજી રૂબરૂ મળ્યા હતા.

આ મુલાકાત માત્ર વર્તમાન રાજકીય અને સંગઠનાત્મક પરિપ્રેક્ષ્ય પૂરતી મર્યાદિત ન રહી, પરંતુ બંને નેતાઓને તેમના અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના સંઘર્ષમય વિદ્યાર્થી જીવનના દિવસોમાં પાછા લઈ ગઈ હતી. બંને નેતાઓએ વિદ્યાર્થી પરિષદમાં સાથે કામ કરેલા સમયના અનેક સંસ્મરણો વાગોળ્યા હતા અને તે સમયના સંગઠનાત્મક અનુભવો, પ્રવાસો, કાર્યકર્તાઓ સાથેના સંબંધો તથા વિચારધારાત્મક સંઘર્ષોની યાદોને આત્મીયતાપૂર્વક તાજી કરી હતી. કમલમ ખાતેની આ મુલાકાતે એક તરફ ભાજપના બે અનુભવી સંગઠનકારોની જૂની મિત્રતાને ફરી જીવંત કરી હતી, તો બીજી તરફ નવી પેઢીના કાર્યકર્તાઓ માટે પણ આ સંદેશ આપ્યો હતો કે વિચારધારા પ્રત્યેની નિષ્ઠા, સંગઠન પ્રત્યેની અખંડ પ્રતિબદ્ધતા અને કાર્યકર્તાઓ સાથેનો આત્મીય સંબંધ જ લાંબા રાજકીય જીવનની સાચી મૂડી છે.

## સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે બે દિવસ થનગનાટ નવરાત્રી મહોત્સવ

**અબતક, રાજકોટ**

વિસનગર સ્થિત સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા શારદીય નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે ભકિત, પરંપરા અને યુવા ઉત્સાહના સંગમ સમાન નવરાત્રી મહોત્સવ થનગનાટ-૨૦૨૬ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. યુવા ઉત્સાહ અને પરંપરાગત ગરબાના રંગે રંગાયેલા આ ભવ્ય નવરાત્રી મહોત્સવનું આયોજન તા. ૧૬ અને ૧૭ ઓકટોબર, ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું છે. ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને મૂલ્યો સાથે જોડવાનો તેમજ પરંપરાગત ગરબાની સમૃદ્ધ વિરાસતને પ્રોત્સાહન આપવાનો છે. સાથે જ, વિદ્યાર્થીઓમાં એકતા અને સાંસ્કૃતિક ભાવનાને મજબૂત બનાવવાનો પણ આ મહોત્સવનો ઉદ્દેશ્ય છે.

નવરાત્રી મહોત્સવના પ્રથમ દિવસે, તા. ૧૬ ઓક્ટોબરના રોજ, જાણીતા ગાયક મીત જૈન તથા બીજા દિવસે, તા. ૧૭ ઓક્ટોબરના રોજ, લોકપ્રિય ગાયક કિર્તિ સાગઠિયા પોતાની સુમધુર ગરબા પ્રસ્તુતિઓથી ખેલૈયાઓને ગરબાના તાલે ઝૂમવા પ્રેરિત કરશે.

# સંસ્કૃતિ - પરંપરાની જયોત પ્રજવલિત રાખતો ધોળકિયા સ્કૂલ્સનો પ્રાચીન નવરાત્રી મહોત્સવ

## ૩૦૦થી વધુ બાળાઓએ દુર્ગા સ્વરૂપે પ્રાચીન રાસ-ગરબાની મનમોહક પ્રસ્તુતિ કરી; ચોટીલાના ડાકલા, મોગલ રાસ, મોર બની થનગાટ કરે અને તલવારબાજીના અદ્ભુત પ્રદર્શનથી ચાચર ચોક ભક્તિરસમાં તરબોળ

**અબતક, રાજકોટ**

કુમકુમના પગલાં પડ્યાં... માડીના હેત ઢળ્યાં... જોવા લોકો ટોળે વળ્યાં રે...ના ભાવ સાથે રાજકોટની ધોળકિયા સ્કૂલ્સના પ્રાચીન નવરાત્રી મહોત્સવમાં શ્રદ્ધા, શક્તિ અને સંસ્કૃતિનો અદભુત સંગમ જોવા મળી રહ્યો છે. આધુનિકતાની આંધી વચ્ચે પ્રાચીન સંસ્કૃતિ અને પરંપરાની જયોતને પ્રજવલિત રાખવાના હેતુથી યોજાતા આ મહોત્સવને માણવા મોટી સંખ્યામાં નગરજનો ઉમટી પડ્યા હતા. અંબા આરાધના, મા ખમ્મા ખોડલ ખમકારી અને મા મોગલ રમે જેવી પ્રસ્તુતિઓ વિશેષ





આકર્ષણનું કેન્દ્ર બની હતી.

આસો સુદ એકમથી નોમ સુધી ચાલતા નવરાત્રી પર્વમાં મા નવદુર્ગાની આરાધના સાથે શક્તિપૂજાનું વિશેષ મહાત્મ્ય છે. આ પર્વની પરંપરાને જીવંત રાખવા ધોળકિયા સ્કૂલ્સ દ્વારા દર વર્ષે પ્રાચીન રાસ-ગરબાનું વિશિષ્ટ આયોજન કરવામાં આવે છે. ચોટીલાના ડાકલા અને મોગલ રાસ જેવા પરંપરાગત ગરબાઓને નવી પેઢી સુધી પહોંચાડવાના પ્રયાસરૂપે અહીં વિવિધ પ્રાચીન ગરબાઓની ભાવસભર રજૂઆત કરવામાં આવે છે.

નવરાત્રી મહોત્સવમાં નવરંગી ચૂંદડી, મોર બની થનગાટ કરે સહિતના મનમોહક ગરબાઓએ ઉપસ્થિત દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. શિવાજીના હાલરડાની પ્રસ્તુતિ દરમિયાન બાળાઓએ તલવાર સાથે અદ્ભુત કૌશલ્ય અને શૌર્યનું પ્રદર્શન કરીને સૌને આશ્ચર્યચકિત કર્યા હતા.

દરરોજ અંદાજે ૧૪થી ૧૫ પ્રાચીન રાસ-ગરબાની પ્રસ્તુતિ દ્વારા ૩૦૦થી વધુ બાળાઓ ચાચર ચોકને ભક્તિરસથી તરબોળ કરે છે.

# ગોપી રાસોત્સવમાં 'માડી તારા મંદિરિયામાં'ના સૂર સાથે બહેનો ગરબે રમી



## સરગમ ચિલ્ડ્રન કલબના બાળ રાસોત્સવમાં બાળકોની અવનવી વેશભૂષા આકર્ષણનું કેન્દ્ર બની

રાજકોટની ડી.એચ. કોલેજના મેદાનમાં સરગમ ચિલ્ડ્રન કલબ દ્વારા આયોજિત બાળ રાસોત્સવમાં મોટી સંખ્યામાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. નવરાત્રીને આવકારવા બાળકોએ અવનવી પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈને ગરબાની રમઝટ બોલાવી હતી. વિવિધ ગ્રુપમાં બાળકોએ પોતાની કળા અને પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. રાસોત્સવમાં બાળકોને પ્રોત્સાહિત કરવા આકર્ષક ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહેમાનોની ઉપસ્થિતિ અને નિર્ણાયકોના માર્ગદર્શન વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમને સફળ બનાવવા સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ કલબના સભ્યો અને કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

## ડી.એચ. કોલેજના મેદાનમાં માત્ર મહિલાઓ માટે યોજાતા રાસોત્સવમાં ભક્તિ, પરંપરા અને સંગીતનો ત્રિવેણી સંગમ; વિજેતા બહેનો પર લાખેણાં ઈનામોની વર્ષા



**અબતક, રાજકોટ**

રાજકોટમાં માત્ર મહિલાઓ માટે યોજાતા સરગમ પરિવાર પ્રેરિત લેડીઝ કલબના ગોપી રાસોત્સવમાં બહેનોનો ઉત્સાહ છલકાઈ રહ્યો છે. ડો. યાજ્ઞિક રોડ પર આવેલી ડી.એચ. કોલેજના મેદાનમાં યોજાતા આ રાસોત્સવમાં મોટી સંખ્યામાં બહેનો માતાજીની આરાધના કર્યા બાદ પરંપરાગત ગરબાની ધૂન પર મન મૂકીને રાસ રમી રહી છે. બીજી તરફ, બહેનોના ગરબાની રમઝટ નિહાળવા માટે પણ મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા છે.

ગોપી રાસોત્સવમાં દરરોજ વિવિધ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહી બહેનોને પ્રોત્સાહિત કરી રહ્યા છે. અહીં પ્રિન્સેસ, વેલ ડ્રેસ સહિતની વિવિધ કેટેગરીમાં વિજેતા બનતી બહેનોને લાખેણાં ઈનામો આપવામાં આવે છે. જાણીતા ગાયકોના સૂરીલા અવાજે રાસોત્સવના પ્રથમ બે દિવસમાં જ ખેલૈયા બહેનો અને દર્શકોની વાહવાહી મેળવી છે. સંપૂર્ણ પારિવારિક વાતાવરણમાં યોજાતા આ રાસોત્સવને અગાઉથી જ શ્રેષ્ઠ રાસોત્સવનું બિરુદ મળી ચૂક્યું

(અનુ. આઠમા પાને)

# "સહિયર"માં ખેલૈયાઓએ ડાકલા - ટીમલીના તાલે ગરબાની રમઝટ બોલાવી

## પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ ઉપસ્થિત રહી આયોજનને બિરદાવ્યું; આજે 'વૃંદાવન થીમ રાસ'ની રમઝટ જામશે

**અબતક, રાજકોટ**

સહિયાર કલબ દ્વારા આયોજિત રાસોત્સવના બીજા નોરતે મા આદ્યશક્તિની આરતી સાથે ગરબા મહોત્સવનો પ્રારંભ થયો હતો. આ રાસોત્સવમાં ડાકલા, ટીમલી અને ધમાલના તાલે ખેલૈયાઓ પૂર બહારમાં ખીલી ઉઠ્યા હતા અને ભારે જોશ સાથે ગરબે ઘૂમ્યા હતા. પ્રથમ દોરમાં લોકગાયક પૂનમ ગોંડલીયાએ રાસવારી ગરબા, પ્રાચીન લોકગીતો અને ગુરુદેવની ધૂનથી ખેલૈયાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. ત્યારબાદ બીજા દોરમાં 'ગરબા કિંગ' તરીકે જાણીતા ગાયક રાહુલ મહેતાએ કચ્છી છલડો અને





રામાપીરનો હેલો ગાઈને ભારે રમઝટ બોલાવી હતી.

આ રાસોત્સવમાં પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સહિયાર કલબના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા અને તેમની ટીમને ઉત્કૃષ્ટ આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત, પી.સી.બી. પી.આઈ મેહુલ ગોંડલીયા, સ્પેશિયલ બ્રાંચ પી.આઈ. પ્રશાંત ગોંડલીયા તેમજ સી.આઈ.ડી. પી.આઈ.આર.જી. બારોટ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

રાસોત્સવમાં કોમ્પિટીશન રાઉન્ડ બાદ નિર્ણાયકો અભિષેક શુકલા, કુશલ બુંદેલા,

(અનુ. આઠમા પાને)

# યુનિટી ફાઉન્ડેશન આયોજિત ગરબીમાં બાળાઓએ લોક સંસ્કૃતિ અને સંસ્કારોની કરાવી ઝાંખી

## ચેરમેન ડો. ભરતભાઈ બોઘરાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા રાસ મહોત્સવમાં બાળાઓની કલાત્મક પ્રસ્તુતિએ લોકવારસો ઉજાગર કર્યો




**અબતક, રાજકોટ**

યુનિટી ફાઉન્ડેશન દ્વારા આયોજિત મહોત્સવમાં બાળાઓ દ્વારા પ્રસ્તુત કરાતી પરંપરાગત ગરબી આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બની છે. નાની વયની દીકરીઓ દ્વારા રજૂ કરવામાં આવતી ગરબીના વિવિધ તાલ, લયબદ્ધ ચાલ અને મુદ્રાઓમાં જોવા મળતી અદ્ભુત શિસ્ત અને એકાગ્રતાએ ઉપસ્થિત દર્શકોને મંત્રમુગ્ધ કર્યા છે. સમૂહમાં લયબદ્ધ રીતે રજૂ થતી આ ગરબીએ પ્રાચીન લોકસંસ્કૃતિની ભવ્યતાને પુનઃ જીવંત કરી છે.

આજના આધુનિક યુગમાં નવી પેઢી પોતાની મૂળ લોકપરંપરા અને સંસ્કારોથી જોડાયેલી રહે તેવા હેતુથી આ વિશિષ્ટ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ ગરબી માત્ર નૃત્ય કે મનોરંજનનું માધ્યમ ન બની રહેતા, બાળાઓમાં આત્મવિશ્વાસ, ટીમવર્ક અને શિસ્ત જેવા ગુણોનું સિંચન કરવાનું માધ્યમ બની રહી છે.

સંસ્થા દ્વારા નવી પેઢી સુધી સાંસ્કૃતિક વારસો પહોંચાડવાના આ પ્રયાસને સ્થાનિકો તરફથી ભારે આવકાર અને સરાહના મળી રહી છે.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે યુનિટી ફાઉન્ડેશનના ચેરમેન ભરતભાઈ બોઘરા, પ્રમુખ હરેશભાઈ કાનાણી, ઉપપ્રમુખ વિજય તોગડિયા (એડવોકેટ) અને ટ્રસ્ટી જિજ્ઞેશ કિયાડા સહિતના હોદ્દેદારો જહેમત ઉઠાવી રહ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ મહોત્સવમાં ધાર્મિક આરાધનાની સાથે સામાજિક એકતા અને સંસ્કાર સિંચનનો સુંદર સમન્વય જોવા મળી રહ્યો છે.

# કલબ યુવીમાં ઉમિયા માતાજીની આરતી સાથે ગરબાની રંગત જામી

## ખોડલધામનાં સંગઠન અધ્યક્ષા અનારબેન પટેલ સહિત સમાજ શ્રેષ્ઠીઓ, ઉદ્યોગપતિઓએ માતાજીની આરતીનો લ્હાવો લીધો; રંગબેરંગી પરંપરાગત પોશાકમાં સજ્જ ખેલૈયાઓને વિવિધ કેટેગરીમાં ઈનામોથી પ્રોત્સાહિત કરાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના ન્યૂ ૧૫૦ ફૂટ રિંગ રોડ પર શિલ્પસાગરની બાજુમાં અને કોકોનટ પાર્ટી પ્લોટની સામે ઉમિયાધામ સિદસર પ્રેરિત કલબ યુવી નવરાત્રી મહોત્સવ જમાવટ જમાવી રહ્યો છે. બીજા નોરતે રંગબેરંગી પરંપરાગત પોશાકમાં સજ્જ ખેલૈયાઓએ મન મૂકીને ગરબે ઘૂમીને નવરાત્રીનો ઉત્સાહ વધાર્યો હતો. સાથે જ વિવિધ કેટેગરીમાં વિજેતા ખેલૈયાઓ પર ઈનામોની વર્ષા કરવામાં આવી હતી. કલબ યુવીના ગ્રાઉન્ડમાં દક્ષિણ ભારતીય મંદિર સ્થાપત્ય શૈલીમાં ૪૦ ફૂટ ઊંચું જગતજનની મા ઉમિયાનું ભવ્ય મંદિર આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. બીજા




નોરતે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, કલબ યુવીના ડિરેક્ટર સ્મિતભાઈ કનેરીયા, એમ.એમ. પટેલ, ઉમિયાધામ સિદસરના ટ્રસ્ટી જીવનભાઈ ગોવાણી, સુમોલેક્સ પાઈપ્સના ધીરુભાઈ કઢાણીયા, જયસુખભાઈ ઘોડાસરા, સહિતના મહેમાનોએ માતાજીની આરતીનો લ્હાવો લીધો હતો. આ પ્રસંગે ઉમિયાધામના પ્રમુખ મૌલેશભાઈ નાઈ ઉકાણી અને નાથાભાઈ કાલરિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.નવરાત્રી મહોત્સવમાં દરરોજ વિવિધ કેટેગરીમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ખેલૈયાઓને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે. બીજા નોરતે ચિલ્ડ્રન વેલ ડ્રેસ પ્રિન્સેસ કેટેગરીમાં ફ્રેયલ ઢઢાણીયા અને જીલ ગોવાણી, ચિલ્ડ્રન વેલ ડ્રેસ પ્રિન્સ કેટેગરીમાં મોદીક ભૂત અને વ્રજ ગોલ, ચિલ્ડ્રન પ્રિન્સેસ કેટેગરીમાં વાણી પોદડારા અને જીયા પટેલ, ચિલ્ડ્રન પ્રિન્સ કેટેગરીમાં મન મેઘાણી અને મનદીપ ગરાળા વિજેતા બન્યા હતા. એડલ્ટ વેલ ડ્રેસ પ્રિન્સેસ કેટેગરીમાં ખાંટ હસ્તી, વાછાણી જીનલ અને હરસિદ્ધિબા સોલંકી, જ્યારે વેલ ડ્રેસ પ્રિન્સ કેટેગરીમાં જીત કણસાગરા, સોળીયા સુમિત અને પરસાણિયા શિવમ વિજેતા બન્યા હતા. પ્રિન્સેસ કેટેગરીમાં ઘેટિયા મિસરી, પ્રિયંકા મકવાણા અને વાછાણી વાંસી, જ્યારે પ્રિન્સ કેટેગરીમાં પરીન ખીમાણી, ટીલવા અંશ અને નિશીત વિડજા વિજેતા જાહેર થયા હતાકલબ યુવીના બીજા નોરતે ભક્તિ, પરંપરા અને ઉત્સાહના ત્રિવેણી સંગમ વચ્ચે ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી હતી, જ્યારે માતાજીની આરતી અને વિજેતાઓના સન્માન સાથે નવરાત્રી મહોત્સવની રંગત વધુ ખીલી ઊઠી હતી.

સ્પોર્ટ્સ અબતક

# ૨૦૩૬ ઓલિમ્પિકની યજમાની માટે ભારત સહિત છ દેશો વચ્ચે તિવ્ર સ્પર્ધા બની

## ભારત પોતાની બિડનું પ્રથમ પ્રેઝન્ટેશન ઓક્ટોબરના અંતમાં કરશેઃ ભારત ઉપરાંત જર્મની, કતાર, તુર્કિયે, હંગેરી, દક્ષિણ કોરિયા અને દક્ષિણ આફ્રિકા ૨૦૩૬ ઓલિમ્પિકની યજમાનીની રેસમાં

### ૨૦૨૮ સુધી ૬૫ આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ યોજવાની ભારતની તૈયારી

ભારત સામે સૌથી મોટો પડકાર એ છે કે દેશમાં લાંબા સમયથી મોટી મલ્ટી-સ્પોર્ટ ઈવેન્ટનું આયોજન થયું નથી. ૨૦૧૦ કોમનવેલ્થ ગેમ્સ દરમિયાન સ્ટેડિયમ અને ખેલાડીઓના રહેઠાણને લઈને થયેલી ટીકા હજુ પણ ભારતની છબી સાથે જોડાયેલી છે. આ છાપ બદલવા માટે ભારત છેલ્લા સમયથી અલગ-અલગ શહેરોમાં આંતરરાષ્ટ્રીય સ્પોર્ટિંગ ઈવેન્ટ્સ યોજી રહ્યું છે. આઈઓએના જણાવ્યા પ્રમાણે ૨૦૨૮ સુધીમાં દેશના ૧૫ શહેરોમાં કુલ ૬૫ આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ યોજવાનું લક્ષ્ય છે. આના દ્વારા ભારત મોટી મલ્ટી-સ્પોર્ટ ઈવેન્ટ યોજવાની પોતાની ક્ષમતા બતાવવા માંગે છે.



### ભારત સ્પોર્ટિંગ સુપરપાવર બને અને દુનિયાના ટોપ-૧૦ અથવા ટોપ-૫ દેશોમાં સ્થાન મેળવે તે જ લક્ષ્યઃ રઘુરામ અય્યર

**અબતક, રાજકોટ**

ભારત માટે ૨૦૩૬ ઓલિમ્પિકની દાવેદારી માત્ર દુનિયાની સૌથી મોટી સ્પોર્ટિંગ ઈવેન્ટનું આયોજન કરવાની તક નથી. ભારતીય ઓલિમ્પિક એસોસિએશન તેને દેશને એક મોટી સ્પોર્ટિંગ શક્તિ બનાવવાના લાંબા ગાળાના પ્લાન તરીકે જોઈ રહ્યું છે. આઈઓએના સીઈઓ રઘુરામ અય્યરે કહ્યું છે કે ભારતનો ઉદ્દેશ્ય એક દિવસ દુનિયાના ટોપ-૧૦ અને ત્યારબાદ ટોપ-૫ સ્પોર્ટિંગ દેશોમાં સ્થાન મેળવવાનો છે.૨૦૩૬ના સમર ઓલિમ્પિકસની યજમાની મેળવવા માટે વૈશ્વિક સ્તરે સ્પર્ધા તીવ્ર બની છે. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ દ્વારા ઓક્ટોબર ૨૦૨૬માં પુષ્ટિ કરવામાં આવી છે કે ભારતનું અમદાવાદ સહિત વિશ્વના સાત દેશો હાલમાં આ પ્રક્રિયામાં સામેલ છે. આઈઓસીના સમયપત્રક મુજબ, નવેમ્બર ૨૦૨૬માં તમામ દાવેદારો પ્રેઝન્ટેશન રજૂ કરશે, માર્ચ ૨૦૨૭ શોર્ટલિસ્ટિંગ થશે, ડિસેમ્બર ૨૦૨૮ પસંદગીના ઉમેદવારો જાહેર કરાશે અને મધ્ય-૨૦૨૯ યજમાન શહેર નક્કી કરવામાં આવશે.ભારતે ૨૦૩૬ ઓલિમ્પિક અને પેરાલિમ્પિક ગેમ્સ માટે અમદાવાદને પ્રસ્તાવિત યજમાન શહેર બનાવ્યું છે. ભારતે ૨૦૨૪માં આઈઓસી સમક્ષ ગેમ્સની યજમાની માટે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. હવે આઈઓસીની ફ્યુચર હોસ્ટ કમિશન સમક્ષ ભારત પોતાની બિડનું પ્રથમ પ્રેઝન્ટેશન ઓક્ટોબરના અંતમાં કરશે. આઈઓસીના જણાવ્યા પ્રમાણે ભારત ઉપરાંત જર્મની, કતાર, તુર્કિયે, હંગેરી, દક્ષિણ કોરિયા અને દક્ષિણ આફ્રિકા ૨૦૩૬ ઓલિમ્પિકની યજમાનીની રેસમાં છે. અંતિમ યજમાનની પસંદગી ૨૦૨૯માં આઈઓસી સેશન દરમિયાન થવાની છે.અન્ય દેશો પાસે તૈયાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ભૂતકાળનો અનુભવ છે, જ્યારે ભારત પાસે વિશાળ વસ્તી, સરકારી સમર્થન અને રમતગમતના નવા યુગની શરૂઆત કરવાનું વિઝન છે. આઈઓસી મુખ્યત્વે વેન્યુ માસ્ટરપ્લાન, એથલીટ અનુભવ, ફંડિંગ અને લોંગ-ટર્મ લેગસી પર ધ્યાન આપશે. ૨૦૨૯ સુધીની આ લાંબી સફરમાં ભારતે પોતાના વિગતવાર આયોજનથી વિશ્વને પ્રભાવિત કરવું પડશે.

### અન્ય ૬ દાવેદાર દેશો સાથે ભારતની તુલના

૧. કતાર (દોહા)ઃ કતાર પાસે ૯૫ ટકા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પહેલેથી જ તૈયાર છે પરંતુ, જુલાઈ-ઓગસ્ટની અતિશય ગરમીને કારણે રમતોનું શેડ્યૂલ બદલવું પડે તેમ છે, જે તેનો મોટો પડકાર છે.
૨. જર્મની (મ્યુનિક)ઃ ૧૯૭૨ના ઓલિમ્પિક્સનું હોસ્ટ મ્યુનિક જૂના ઓલિમ્પિક પાર્કનો મહત્તમ ઉપયોગ કરીને ઓછા ખર્ચે અને 'સસ્ટેનેબલ' મોડેલ રજૂ કરે છે. ૧૯૩૬ના બર્લિન ગેમ્સના ૧૦૦ વર્ષ પૂરા થતા હોવાથી તેનું રાજકીય મહત્વ પણ છે.
૩. દક્ષિણ કોરિયા (સિઓલ/જીઓનબુક)ઃ ૧૯૮૮ સમર ઓલિમ્પિક્સનો અનુભવ ધરાવે છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સંતુલિત વહેંચણી માટે સિઓલ અને જીઓનબુક સંયુક્ત બિડ પર કામ કરી રહ્યા છે.
૪. દક્ષિણ આફ્રિકા (કેપ ટાઉન કેન્દ્રિત)ઃ આફ્રિકા ખંડમાં પ્રથમ વખત ઓલિમ્પિક્સ યોજીને ઈતિહાસ રચવાનો તેમનો દાવો છે. ૨૦૧૦ ફિફા વર્લ્ડ કપના અનુભવ સાથે તેઓ મલ્ટિ-સિટી મોડેલ અપનાવી રહ્યા છે, પરંતુ ફંડિંગ અને સ્થાનિક માળખા પર પ્રશ્નો છે.
૫. તુર્કી (ઈસ્તાંબુલ)ઃ અગાઉ પાંચ વખત નિષ્ફળ પ્રયાસ કર્યા બાદ તુર્કી છઠ્ઠી વખત મેદાનમાં છે. તેમના માટે રાજકીય સ્થિરતા અને આંતરરાષ્ટ્રીય સપોર્ટ મેળવવો મહત્વપૂર્ણ રહેશે.
૬. હંગેરી (બુડાપેસ્ટ)ઃ ઓલિમ્પિક્સમાં મજબૂત ટ્રેક રેકોર્ડ ધરાવતું હંગેરી નવા સ્ટેડિયમ બનાવવાના બદલે અસ્થાયી અને પર્યાવરણને અનુકૂળ મોડેલ પર ભાર મૂકી રહ્યું છે.

# ઝિમ્બાબ્વેના અમ્પાયર સારાહ ડામ્બાનેવાનનું ૩૬ વર્ષની વયે નિધન



**અબતક, રાજકોટ**

ઝિમ્બાબ્વના પૂર્વ ઝડપી બોલર અને આંતરરાષ્ટ્રીય અમ્પાયર સારાહ ડામ્બાનેવાનાનું હરારેમાં ૩૬ વર્ષની ઉંમરે નિધન થયું છે. ક્રિકેટર તરીકે કારકિર્દીની શરૂઆત કરનાર સારાહે પછી અમ્પાયર તરીકે પણ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની ઓળખ બનાવી હતી. તેમણે મહિલા વર્લ્ડ કપ સહિત અનેક મહત્વપૂર્ણ ટુર્નામેન્ટમાં અમ્પાયરની જવાબદારી નિભાવી હતી.ઝિમ્બાબ્વે ક્રિકેટ દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદન અનુસાર, સારાહ માર્ચ મહિનામાં તબીબી પ્રક્રિયામાંથી પસાર થયા બાદ હોસ્પિટલમાં દાખલ હતાં. ત્યાં તેમની સારવાર ચાલી રહી હતી. જોકે, તેમના નિધનનું ચોક્કસ કારણ જાહેર કરવામાં આવ્યું નથી.તેમના નિધનના સમાચારથી ઝિમ્બાબ્વેના ક્રિકેટ ચાહકો અને રમતજગતમાં શોકની લાગણી ફેલાઈ છે. એનપીએલ ટી૨૦ બ્લાસ્ટની મેચો શરૂ થતાં પહેલાં તેમના માનમાં એક મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

સારાહ ડામ્બાનેવાનાની આંતરરાષ્ટ્રીય અમ્પાયરિંગ કારકિર્દીની શરૂઆત ૨ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ થઈ હતી. ત્યારબાદ તેમણે અનેક મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં અમ્પાયર તરીકે સેવા આપી હતી.તેમણે ૨૦૨૪ના મહિલા ટી૨૦ વર્લ્ડ કપમાં સંયુક્ત આરબ અમીરાતમાં અમ્પાયરિંગ કર્યું હતું. આ ઉપરાંત, ભારત અને શ્રીલંકામાં યોજાયેલા ૨૦૨૫ના મહિલા વનડે વર્લ્ડ કપમાં પણ તેમણે જવાબદારી સંભાળી હતી.૨૦૨૫ના મહિલા વનડે વર્લ્ડ કપમાં તેઓ ટુર્નામેન્ટના ઈતિહાસમાં સંપૂર્ણપણે મહિલા અમ્પાયરો ધરાવતા પ્રથમ પેનલનો ભાગ બન્યાં હતાં. મહિલા ક્રિકેટમાં અમ્પાયર તરીકે તેમની આ સફર ખાસ મહત્વ ધરાવે છે.

સારાહ ડામ્બાનેવાનાએ પોતાની આંતરરાષ્ટ્રીય અમ્પાયરિંગકારકિર્દીમાં કુલ ૬૩ મેચોમાં જવાબદારી નિભાવી હતી. તેમાં ૪૨ મહિલા ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ, ૧૧ મહિલા વનડે અને ૧૦ પુરુષ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચનો સમાવેશ થાય છે.આ ઉપરાંત, તેમણે સ્થાનિક ક્રિકેટ અને વિવિધ આંતરરાષ્ટ્રીય યુવા ટુર્નામેન્ટમાં પણ અમ્પાયરિંગ કર્યું હતું.

# ન્યૂઝીલેન્ડ પ્રવાસ પહેલા ટીમ ઈન્ડિયાને મોટો ઝટકોઃ રિષભ પંત ઈન્ડિયા-એ માંથી બહાર

## પંતનાં સ્થાને બીસીસીઆઈએ ૨૧ વર્ષના વિકેટકીપર કુમાર કુશાગ્રને પ્રથમ બે મેચ માટે ટીમમાં સામેલ કર્યો

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ન્યૂઝીલેન્ડ એ સામેની ૩ મેચની બિનસત્તાવાર સિરીઝ માટે ભારત એ ટીમમાં એક ફેરફાર કર્યો છે. સ્ટાર વિકેટકીપર રિષભ પંત ઈજાને કારણે ટીમમાંથી બહાર થઈ ગયો છે કારણ કે તે સંપૂર્ણપણે ફિટ નથી. તેના સ્થાને બીસીસીઆઈએ ૨૧ વર્ષના વિકેટકીપર કુમાર કુશાગ્રને પ્રથમ બે મેચ માટે ટીમમાં સામેલ કર્યો છે. રિષભ પંત ત્રીજી મેચમાં રમશે કે નહીં તે અંગેનો નિર્ણય પછીથી લેવામાં આવશે.જ્યારે બીસીસીઆઈએ થોડા દિવસો પહેલા ટીમની જાહેરાત કરી હતી, ત્યારે સ્પષ્ટ હતું કે રિષભ પંતની પસંદગી ફિટનેસને આધીન હતી અને હવે સંપૂર્ણપણે ફિટ ન હોવાને કારણે તેને હાલ માટે આરામ આપવામાં આવ્યો છે.

બીસીસીઆઈએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ન્યુઝીલેન્ડ પ્રવાસમાં રિષભ પંતની ભાગીદારી તેની ફિટનેસ પર આધારિત હતી, પરંતુ તેને પ્રથમ ૨ મેચમાંથી બહાર કરવામાં આવ્યો છે.

ઈરાની કપમાં રેસ્ટ ઓફ ઈન્ડિયાની કેપ્ટનશીપ કરતી વખતે તેને ડાબી બાજુના સ્નાયુમાં ખેંચાણનો સામનો કરવો પડ્યો હતો.

રિષભ પંત બીસીસીઆઈના ડોકટરોની દેખરેખ હેઠળ છે અને ઝડપથી સ્વસ્થ થઈ રહ્યો છે. તે ત્રીજી મેચમાં રમશે કે નહીં તે અંગેનો નિર્ણય પછીથી લેવામાં આવશે. આ મહિનાની શરૂઆતમાં, રેસ્ટ ઓફ ઈન્ડિયાએ જમ્મુ અને કાશ્મીરને હરાવીને ઈરાની કપ જીત્યો હતો, પરંતુ રિષભ પંતનું પ્રદર્શન તે મેચની બંને ઈનિંગમાં ખરાબ રહ્યું હતું, તેને ૧૦ અને ૮ રન બનાવ્યા હતા.



# ઓસ્ટ્રેલિયા સામે પ્રથમ ટેસ્ટ બચાવવા આફ્રિકાનો સંઘર્ષ જારી

## ઓસ્ટ્રેલિયાને મેચ જીતવા માટે ૬ વિકેટ ઝડપવાની જરૂર, જ્યારે સાઉથ આફ્રિકાને જીત માટે ૨૦૦થી વધુ રન કરવા પડશે અથવા મેચ ડ્રો કરવા માટે આખો દિવસ બેટિંગ કરવી પડશે

**અબતક, રાજકોટ**

ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચ હવે ખૂબ જ રોમાંચક તબક્કામાં પહોંચી ગઈ છે. આજે મેચનો પાંચમો અને અંતિમ દિવસ છે. દક્ષિણ આફ્રિકાની ટીમે બીજી ઈનિંગ્સમાં જીતવા માટે બાકી રહેલા લક્ષ્યાંક તરફ આગળ વધવાનું શરૂ કર્યું છે. આ તબક્કે સાઉથ આફ્રિકાને મેચ જીતવા માટે વધુ ૨૦૦+ રનની જરૂર છે. આ લખાઈ રહ્યું છે ત્યારે બીજી ઈનિંગ્સમાં બેટિંગ કરવા ઉતરેલી દક્ષિણ આફ્રિકાની ટીમે ૫૮.૫ ઓવરમાં ૪ વિકેટના નુકસાને ૧૪૯ રન બનાવી લીધા છે. ટીમનો રન રેટ ૨.૫૩ ની આસપાસ રહ્યો છે. હાલમાં ક્રિઝ પર ઓપનિંગ બેટ્સમેન એડન માર્કરામ અને વિઆન મુલ્ડર રમી રહ્યા છે.એડન માર્કરામે પોતાની શાનદાર બેટિંગ જારી રાખીને અડધી સદી ફટકારી છે. તેઓ ૧૫૯ બોલમાં ૯ ચોગ્ગાની મદદથી ૬૩ રન બનાવીને ક્રિઝ પર અણનમ છે. તેમને સાથ આપી રહેલા વિઆન મુલ્ડરે ૮૭ બોલનો સામનો કરીને ૩ ચોગ્ગા સાથે ૨૭ રન બનાવ્યા છે. આ બંને વચ્ચેની ભાગીદારી દક્ષિણ આફ્રિકા માટે મેચ બચાવવા તેમજ જીત તરફ આગળ વધવા માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.



ઓસ્ટ્રેલિયન બોલરોએ શરૂઆતથી જ ચુસ્ત બોલિંગ કરીને સાઉથ આફ્રિકા પર દબાણ બનાવવાનો પ્રયાસ કર્યો છે. ઓસ્ટ્રેલિયા તરફથી જોશ હેઝલવુડે ઉત્કૃષ્ટ બોલિંગ કરતા ૨ મહત્વપૂર્ણ વિકેટો ઝડપી છે.

આ ઉપરાંત કપ્તાન પેટ કમિન્સ અને મેટ રેનશોને ૧-૧ વિકેટ મળી છે. દક્ષિણ આફ્રિકા પાસે હજુ પણ કાઈલ વરેન , માર્કો જેન્સન, સિમોન હાર્મર, કેશવ મહારાજ અને એનરિચ નોર્ત્જે જેવા બેટ્સમેનો બેટિંગમાં બાકી છે. આજે પાંચમા દિવસે ઓસ્ટ્રેલિયાને મેચ જીતવા માટે બાકી રહેલી ૬ વિકેટ ઝડપવાની જરૂર છે, જ્યારે સાઉથ આફ્રિકાને જીત માટે ૨૦૦થી વધુ રન કરવાના છે

અથવા મેચ ડ્રો કરવા માટે આખો દિવસ બેટિંગ કરવી પડશે. ક્રિકેટ ચાહકો માટે આજે પાંચમા દિવસનો દરેક ઓવર રોમાંચથી ભરેલો રહેશે.

# ગીલે પાંચમી વખત જીત્યો આઈસીસી પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ ટીમના કપ્તાન શુભમન ગિલે પોતાની શાનદાર બેટિંગના આધારે વધુ એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. ગિલને સપ્ટેમ્બર ૨૦૨૬ માટે આઈસીસી પ્લેયર ઓફ ધ મંથ જાહેર કરવામાં આવ્યો છે. આ એવોર્ડ માટે તેની સાથે ભારતીય બેટર અભિષેક શર્મા અને ઝિમ્બાબ્વેના સ્ટાર ખેલાડી સિકંદર રઝા પણ સ્પર્ધામાં હતા. જોકે, ગિલે બંનેને પાછળ છોડીને આ સન્માન પોતાના નામે કર્યું છે.આ સાથે શુભમન ગિલ પાંચ વખત આઈસીસી પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો હોવાનો અહેવાલ છે. સપ્ટેમ્બર મહિનામાં વેસ્ટ ઈન્ડિઝ સામેની વનડે શ્રેણીમાં તેના શાનદાર પ્રદર્શનને કારણે તેને આ સન્માન મળ્યું છે. ખાસ વાત એ છે કે ભારતીય મહિલા ક્રિકેટર શેફાલી વર્માએ પણ સપ્ટેમ્બર મહિનાનો આઈસીસી મહિલા પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ જીત્યો છે.

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે સપ્ટેમ્બરથી ઓક્ટોબર દરમિયાન રમાયેલી વનડે શ્રેણીમાં શુભમન ગિલે બેટિંગથી પ્રભાવ પાડ્યો હતો. શ્રેણીની પ્રથમ ૨ મેચમાં તેણે કુલ ૩૩૩ રન બનાવ્યા હતા. પ્રથમ વનડેમાં ગિલે ૧૧૦ રનની સદી ફટકારી હતી. ત્યારબાદ બીજી વનડેમાં તેણે અણનમ ૨૨૩ રનની ઐતિહાસિક ઈનિંગ્સ રમી હતી. જોકે, ઓક્ટોબરમાં રમાયેલી ત્રીજી મેચમાં તે માત્ર ૧ રન બનાવીને આઉટ થયો હતો.ભારતે શ્રેણીની પ્રથમ બંને મેચ ૮ વિકેટે જીતીને શ્રેણીમાં સરસાઈ મેળવી હતી. આ મેચોમાં ગિલના પ્રદર્શને ભારતની જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.



શુભમન ગિલે અત્યાર સુધી પાંચ વખત આઈસીસી પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ જીત્યો હોવાનો અહેવાલ છે. તેની અગાઉની સફળતાઓમાં જાન્યુઆરી ૨૦૨૩, સપ્ટેમ્બર ૨૦૨૩, ફેબ્રુઆરી ૨૦૨૫ અને જુલાઈ ૨૦૨૫નો સમાવેશ થાય છે.હવે સપ્ટેમ્બર ૨૦૨૬નો એવોર્ડ જીતીને તેણે આ યાદીમાં વધુ એક સિદ્ધિ ઉમેરી છે.

# પાકિસ્તાન સામે ટેસ્ટ સિરીઝ માટે શ્રીલંકાની ટીમ જાહેરઃ કુસલ મેન્ડિસને કેપ્ટન બનાવાયો

**અબતક, રાજકોટ**

પાકિસ્તાન સામે નવેમ્બરમાં રમાનારી ૨ ટેસ્ટ મેચની સિરીઝ માટે શ્રીલંકા ક્રિકેટ બોર્ડે ટીમની જાહેરાત કરી છે. આ વખતે ટીમની કમાન વિકેટકીપર-બેટ્સમેન કુસલ મેન્ડિસને સોંપવામાં આવી છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ હેઠળ રમાનારી આ સિરીઝમાં શ્રીલંકાની ટીમ નવા નેતૃત્વ સાથે મેદાનમાં ઉતરશે. ટીમમાં કેટલાક નવા ખેલાડીઓને તક આપવામાં આવી છે, જ્યારે ઝડપી બોલર દિલશાન મદુશંકાની પણ લાંબા સમય બાદ વાપસી થઈ છે.પાકિસ્તાન સામેની ટેસ્ટ સિરીઝ પહેલાં શ્રીલંકાની ટીમમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. ધનંજય ડી સિલ્વાએ ટેસ્ટ ટીમની કેપ્ટનશીપ છોડવાનો નિર્ણય લીધો હતો. ત્યારબાદ પસંદગીકારોએ કુસલ મેન્ડિસને ટીમનું નેતૃત્વ સોંપ્યું છે.જોકે, ધનંજય ડી સિલ્વાને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો નથી. તેનો બેટ્સમેન તરીકે ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. હવે કુસલ મેન્ડિસ સામે સૌથી મોટો પડકાર ટીમને એકજૂથ રાખીને પાકિસ્તાન સામે શ્રેણીમાં સારું પ્રદર્શન કરવાનો રહેશે.શ્રીલંકા માટે આ સિરીઝ માત્ર જીત મેળવવા પૂરતી મર્યાદિત નથી. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં પોતાની સ્થિતિ સુધારવા માટે પણ ટીમે સાતત્યપૂર્ણ પ્રદર્શન કરવું પડશે.શ્રીલંકાની ટીમમાં યુવા ઝડપી બોલર ઈશાન મલિંગાનો સમાવેશ પણ ચર્ચાનો વિષય બન્યો છે. તેને પ્રથમ વખત ટેસ્ટ ટીમમાં સ્થાન મળ્યું છે. તે ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં શ્રીલંકાનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યો છે અને ઈન્ડિયન પ્રીમિયર લીગમાં પણ રમી ચૂક્યો છે.ઈશાન મલિંગાએ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં અત્યાર સુધી ૧૯ મેચમાં ૪૪ વિકેટ ઝડપી હોવાનું જણાવાયું છે. તેના આ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને પસંદગીકારોએ તેને લાંબા ફોર્મેટમાં પોતાની ક્ષમતા સાબિત કરવાની તક આપી છે.જો તેને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળે, તો પાકિસ્તાન સામેની સિરીઝ તેની ટેસ્ટ કારકિર્દીની નવી શરૂઆત બની શકે છે.



# સરસ્વતી એ સત્ય, મહાલક્ષ્મી એ પ્રેમ અને મહાકાળી એ કરૂણા: પૂ.મોરારિબાપુ

## શૃંગેરી તીર્થમાં મોરારિબાપુના વ્યાસાસને રામકથામાં સૌ ગરબે ઝૂમ્યાં



અબતક,રાજકોટ

મોરારિબાપુનાં વ્યાસાસને વિશિષ્ટ 'ભારત સ્વસ્તિક યાત્રા' રામકથા દરમિયાન શૃંગેરી તીર્થમાં સૌ ગરબે ઝૂમ્યાં. મોરારિબાપુએ નવરાત્રી વંદના સાથે કહ્યું કે, સરસ્વતી એ સત્ય, મહાલક્ષ્મી એ પ્રેમ અને મહાકાળી એ કરુણા સ્વરૂપ છે. ભારત વર્ષની વિશિષ્ટ રામકથા 'ભારત સ્વસ્તિક યાત્રા' ત્રીજા દિવસે શૃંગેરી તીર્થમાં યોજાઈ, આ વેળાએ મોરારિબાપુ સાથે સૌ શ્રોતા ભાવિકો માના વંદના ગાન કરતાં તાલ સાથે ગરબે ઝૂમ્યાં. શૃંગેરી શારદાપીઠ સ્થાનમાં મોરારિબાપુએ કથા સાંભળવા માટે ત્રણ વાત કરતાં કહ્યું કે, કથા મનથી સાંભળવી, વિવેક સાથે બુધ્ધિથી સાંભળવી પણ અહમ-મદ સાથે ન સાંભળવી. કથા પ્રસંગ વર્ણન સાથે યુવાનોને હનુમાનજીનો આશ્રય લેવાં ભારપૂર્વક જણાવ્યું.

# ૨૦૦ ગ્રામ સોનું પચાવી પાડવાનું કાવતરૂં નિષ્ફળ, પ્રોમીસરી નોટ નકારનાર હર્ષ રાયમગા વિરૂદ્ધ ચુકાદો

## બહેન-બનેવી સહી-ફિંગર થમ્બ કરી ''અમે તો કોઈ સોનું લીધું જ નથી'' કહી ફરી ગયા, કોર્ટે કહ્યું-અંગૂઠાનું નિશાન ક્યારેય ખોટું બોલતું નથી

અબતક, રાજકોટ

કહેવત છે કે ''લોભે લક્ષણ જાય'' પણ જ્યારે સગા બહેન બનેવી જ સહી અને ફીગર થમ્બ કરીને ફરી જાય ત્યારે કાયદો જ તેમને પાઠ ભણાવે છે. આવી જ એક ચોંકાવનારી અને સીમારૂપ ઘટનામાં રાજકોટની કોર્ટે દસ્તાવેજી પુરાવાની તાકાત શું હોય છે તે સાબિત કરી દીધું છે. રવિભાઈ પરમારને ૨૦૦ ગ્રામ સોનું વિકલ્પે હાલની બજાર કિંમતે રૂ. ૩૦,૬૦,૨૦૦ પરત ચૂકવવા હર્ષ રાયમગાને હુકમ કર્યો છે. સાથે જ હેમાબેન ઠક્કર અને હિરેન ઠક્કરને જબરજસ્ત કાયદાકીય ફટકો પડ્યો છે.આશરે પાંચથી છ માસ અગાઉ હર્ષ રજનીભાઈ રાયમગાને ધંધાના વિકાસ અર્થે સોનાની જરૂરિયાત ઉભી થતા તેણે સંબંધના દાવે રવિભાઈ રાજુભાઈ પરમાર પાસેથી ૨૦૦ ગ્રામ સોનું મેળવ્યું હતું. આ અંગેની નોટરાઈઝડ પ્રોમીસરી નોટ એડવોકેટ મનિષ સી. પાટડીયા સમક્ષ તા. ૧૫-૧૨-૨૦૨૫ ના રોજ લખી આપી હતી. જેમાં હર્ષ રજનીભાઈ રાયમગાએ હાજર રહી સહી અને ફિંગર થમ્બ કરી આપ્યા હતા. સગી બહેન હેમાબેન હિરેનભાઈ ઠક્કર અને જીજાજી હિરેનભાઈ ઠક્કરને સાક્ષી તરીકે રાખ્યા હતા. રવિભાઈ પોતાનું લેણું ૨૦૦ ગ્રામ સોનું પરત માંગતા બહાના બતાવવાનું શરૂ કર્યું. જ્યારે તેના બનેવી હિરેનભાઈને પૂછતા તેણે કહ્યું કે ગોલ્ડ મુંબઈના વેપારી પાસે સલવાયેલું છે હિરેનભાઈએ પિતાને હાર્ટ એટેક આવ્યો હોવાનું અને ટ્રેન મારફત માંડમ ગામ ગયા હોવાનું બહાનું બતાવ્યું. દવાખાનાની ફાઈલ અને ટ્રેન ટીકીટ માંગતા પણ ગલ્લા-તલ્લા કરવા લાગ્યા.આખરે કંટાળીને રવિભાઈ દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી. જેમાં ત્રણેયે ''અમે આવું કોઈ સોનું લીધેલ જ નથી અને પ્રોમીસરી નોટ કરી જ નથી'' એવા પાયા વિહોણા આક્ષેપો કર્યા. ૪૧ દિવસ સુધી સોનું પરત ન મળતા કોર્ટમાં કાયદેસરના લેણાની વસૂલાત માટે સમરી સ્યુટ દાખલ કર્યો હતો.કોર્ટે તમામ દસ્તાવેજી પુરાવાઓ. પ્લેન્ટીફ તરફે નોટરાઈઝડ પ્રોમીસરી નોટ, ગોલ્ડ બીન, એફિડેવિટ, ગોલ્ડનું બેન્ક સ્ટેટમેન્ટ, ઈન્કમટેક્ષ રિટર્ન જેવા મજબૂત પુરાવાઓ રજૂ કરાયા હતા. હર્ષ રાયમગા વિરુદ્ધ સુરત અને રાજકોટમાં અનેક લોકો સાથે છેતરપિંડીની ફરિયાદ દાખલ છે, જેમાં તે ફરાર છે. સુરત કોર્ટમાં તેની સામે ચેક રિટર્નના કેસો પણ પેન્ડિંગ છે. આ ગુનાહિત ઈતિહાસ પણ પુરાવા સાથે કોર્ટમાં રજૂ કરાયો હતો. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કાયદેસરના દસ્તાવેજો ક્યારેય નકારી શકાય નહિ.કોર્ટનો સૌથી મહત્વનો અવલોકન મુદ્દો હતો - ''નોટરી સમક્ષ કરેલ સહી અને ફિંગર થમ્બ (અંગૂઠા) નું નિશાન ખોટું બોલતું નથી'' જે આ કેસનો ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો. બચાવપક્ષ એક પણ પુરાવો રજૂ કરી શક્યો નહિ, માત્ર કોર્ટને ગેરમાર્ગે દોરવા હવાતિયા માર્યા હતા.આખરે કોર્ટે રવિભાઈ પરમારને ૨૦૦ ગ્રામ સોનું વિકલ્પે હાલની બજાર કિંમતે રૂ. ૩૦,૬૦,૨૦૦ પરત ચૂકવવા હર્ષ રાયમગાને હુકમ કર્યો છે. સાથે જ હેમાબેન ઠક્કર અને હિરેન ઠક્કરને કાયદાકીય ફટકો પડ્યો છે.આરોપીઓએ ફરિયાદી રવિભાઈનો વિશ્વાસ જીતવા રૂ. ૧,૫૪,૬૧,૦૦૦ ના સોનાના લે-વેચના વ્યવહારો કર્યા હતા અને રૂ. ૩૨,૩૬,૦૦૦ ની રકમ/ગોલ્ડ લઈ પરત ન કરતા તે અંગેનો સમરી સ્યુટ પણ મજબૂત પુરાવા સાથે



દાખલ થયેલ છે જે હાલ પેન્ડિંગ છે. ત્યારે ૨૦૦ ગ્રામવાળા કેસના સીમારૂપ ચુકાદા બાદ હવે રૂ. ૩૨,૩૬,૦૦૦ ના કેસમાં પણ હર્ષ અને હિરેનની ઉલ્ટી ગણતરી શરૂ થઈ ગઈ છે.રવિભાઈ પરમાર વતી એડવોકેટ તરીકે અતુલ એચ. જોષી રોકાયા હતા.

## ૨૦૦ ગ્રામ સોનાના વિકલ્પે હાલની બજાર કિંમત રૂ. ૩૦,૬૦,૨૦૦ ચૂકવવાનો હુકમ, એડવોકેટ અતુલ એચ. જોષીની દલીલ દસ્તાવેજી પુરાવાની તાકાત સાબિત

# કડી પંથકમાં ચાર ગોડાઉનમાં શંકાસ્પદ ખોળની ૧,૫૮,૫૦૦ ગુણીઓ સીઝ કરાઈ

## લિંચમાં રૂ.૨૫ કરોડનો ૬૩ લાખ કિલો ખોળ ભેળસેળ યુકત જણાયો

અબતક, રાજકોટ

ગુજરાતમાં તાજેતરમાં જ પશુઓના આહારની ગુણવત્તા અને સલામતી સુનિશ્ચિત કરવા માટે નવો કાયદો ઘડાયો છે અને રાજ્યપાલએ તેને મંજૂરી પણ આપી દીધી છે. જ્યારે બીજી બાજુ રાજ્ય સરકારે ભેળસેળિયાઓ સામે કડક કાર્યવાહીનો પ્રારંભ કરી દીધો છે. પશુપાલકોના હિતનું રક્ષણ કરવા માટે પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણીના નિર્દેશ હેઠળ મહેસાણા જિલ્લાના કડી વિસ્તારમાં વિવિધ વેરહાઉસો પર સરપ્રાઈઝ સંયુક્ત તપાસ હાથ ધરી મોટો જથ્થો સીલ કરવામાં આવ્યો છે.

ધી ગુજરાત કોટન સીડ્સ ક્રશર્સ એસોસિએશનની યોજાયેલ વાર્ષિક સાધારણ સભા દરમિયાન પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણીએ સ્પષ્ટ શબ્દોમાં ગેરરીતિ કરનાર તત્વોને ચેતવણી આપી હતી કે, પશુઆહાર અને ખોળમાં ભેળસેળ કરનારા ઈસમોને રાજ્ય સરકાર જરા પણ સાંખી નહીં લે અને તેમની સામે કાયદાનું કડકમાં કડક શસ્ત્ર ઉગામવામાં આવશે.

આ સંદર્ભે મળેલી ચોક્કસ રજૂઆતના આધારે પશુપાલન તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું. મંત્રી વાઘાણીની કડક સૂચનાથી મહેસાણા કલેકટરના માર્ગદર્શન હેઠળ મહેસાણા જિલ્લા પશુપાલન વિભાગ, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, મામલતદાર - કડી તથા પશુચિકિત્સા અધિકારીઓની સંયુક્ત ટીમો દ્વારા સંલગ્ન ૪ મોટા વેરહાઉસો પર સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ ચેકિંગ દરમિયાન કડી તાલુકાના અલદેસણ ખાતે ભવ્ય વેર હાઉસમાં ૧૪,૧૨૫ બેગ અને શુભમ લોજીસ્ટિક વેર હાઉસ ખાતે ૫,૦૯૦ બેગ, નગરાસણ ખાતે મહાશક્તિ વેર હાઉસ (અમીના વેર હાઉસ)માં ૧૦,૭૯૬ બેગ તેમજ લિંચ અંબાસણ રોડ ખાતે સ્થિત એલ.ટી.સી. વેર હાઉસમાં અંદાજે ૧,૨૮,૬૨૨ બેગ શંકાસ્પદ ખોળ મળી આવ્યો હતો.

આ તમામ સ્થળોએ રાખવામાં આવેલા શંકાસ્પદ ખોળની કુલ મળીને અંદાજે ૧,૫૮,૫૦૦થી વધુ બેગના જથ્થાને ગણતરી અને ચકાસણી અર્થે મોડી રાત્રે જ સીલ કરી દેવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં લિંચ ખાતે આવેલા વેરહાઉસમાં રૂ. ૨૫ કરોડની કિંમતનો આશરે ૬૩.૪૧ લાખ કિલોગ્રામ જથ્થો એક્સપાયર થયેલો અને ભેળશેળયુક્ત જણાયો છે.

આ દરોડા દરમિયાન પશુપાલન વિભાગ તેમજ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા પૃથ્થકરણ માટે શંકાસ્પદ ખોળના વૈજ્ઞાનિક પદ્ધતિથી અલગ-અલગ સેમ્પલો લેવામાં આવ્યા છે, જેને ત્વરિત ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. આ ઉપરાંત, અધિકારીઓની ટીમ દ્વારા સ્થળ પર ફિઝિકલ સ્ટોક અને સ્ટોક રજિસ્ટર ખાતેની બંધ સિલકના વેરિફિકેશનની કામગીરી કરવામાં આવી રહી છે.

પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યના પશુપાલકોને તેમના પશુધન માટે શુદ્ધ, સુરક્ષિત અને ગુણવત્તાયુકત આહાર મળે તે સરકારની પ્રાથમિકતા છે. નવા કાયદાના અમલીકરણ બાદ નિર્ધારિત BIS અને ICAR ના ધોરણોનું ઉલ્લંઘન કરનારા અને ભેળસેળયુક્ત અખાદ્ય આહાર વેચીને પશુઓના સ્વાસ્થ્ય અને પશુપાલકોની આજીવિકા સાથે ખિલવાડ કરનારા તત્વો સામે કાયદાકીય દંડ, લાઈસન્સ રદ કરવા તથા જેલસજા સુધીના કડકમાં કડક પગલાં લેવામાં આવશે. આ કાયદાનો અમલ પણ ટૂંક જ સમયમાં શરૂ થશે.

# રૈયા રોડ બ્રહ્મ સમાજ ચોકના અકસ્માત કેસમાં આરોપી ભાવિન કારંગીયા નિર્દોષ

## ફરિયાદી પક્ષ આક્ષેપોને સમર્થન આપતા પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ, બચાવ પક્ષની દલીલો અને હાઈકોર્ટના ચુકાદાઓ ટાંકતા અદાલતે નિર્દોષ મુક્ત કર્યો

અબતક, રાજકોટ

શહેરના રૈયા રોડ પર આવેલા બ્રહ્મ સમાજ ચોક પાસે બે બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતના ગુનાનો કેસ ચાલી જતા કોર્ટે આરોપીને નિર્દોષ મુક્ત કરવા આદેશ કર્યો છે.

વધુ વિગત મુજબ શહેરમાં નિર્મલા કોન્વેન્ટ રોડ પર બાલ મુકુંદ શેરી નં.૨માં રહેતા પ્રીતેશભાઈ પુરસોત્તમભાઈ પુરોહિત બાઈક લઈને તા. ૧૧/૦૮/૨૦૨૩ના રોજ રૈયા રોડ પર બ્રહ્મ સમાજ ચોક પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રૈયા રોડ પર આવેલા શિવપરામાં રહેતા ભાવિન મારખીભાઈ કારંગીયાએ મોટર સાયકલ હડફેટે પ્રીતેશભાઈ પુરોહિતના બાઈકને લીધું હતું. જે અકસ્માતમાં પ્રીતેશભાઈ પુરોહિતને ઈજા પહોંચતા અકસ્માત સર્જનાર બાઈક ચાલક ભાવિન કારંગીયા વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ બચાવ પક્ષના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ તેમજ આરોપી વિરુદ્ધના આક્ષેપોને સમર્થન આપતા પુરાવાઓ રજૂ કરવામાં ફરિયાદી પક્ષ નિષ્ફળ જતા કોર્ટે અકસ્માત કેસમાં ભાવિન કારંગીયા નિર્દોષ મુક્ત કરતો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી વતી એડવોકેટ ધર્મિષ્ઠાબા ઝાલા રોકાયા હતા.

# ૧૦ લાખના ચેક રિટર્ન કેસમાં મિત્ર કેતન વિઠલાણીને સમન્સ

## વકીલ અજયભાઈ જોબનપુત્રા પાસેથી મિત્રતાના દાવે રોકડ-ઓનલાઈન ૧૦ લાખ હાથ ઉછીના લીધા, ચેક બાઉન્સ થતા ફરિયાદ નોંધાવી

અબતક, રાજકોટ

શહેરમાં રહેતા અને વકીલાત નો વ્યવસાય કરતા યુવાને મિત્રતા અને સંબંધના દાવે હાથ ઊંછીની આપેલી રકમ રૂપિયા દસ લાખ ચૂકવવા આપેલો ચેક રિટર્ન કેસમાં અદાલતે મિત્ર કેતન વિઠલાણીને સમન્સ પાઠવી આગામી મુદતે હાજર રહેવા આદેશ કર્યો છે. વધુ વિગત મુજબ જામખંભાળિયા ના વતની અને હાલ રાજકોટ રહેતા કેતન જયંતીલાલ વિઠલાણી એ મિત્રતા અને સંબંધના દાવે એડવોકેટ અજયભાઈ જોબનપુત્રા પાસેથી કટકે કટકે રોકડમાં તેમજ ઓનલાઈન રૂપિયા ૧૦ લાખ હાથ ઊંછીના લીધા હતા તે રકમ ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે અદાલતમાં નેગોસીએબલ એક્ટ હેઠળ ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી અદાલતે ફરિયાદ રજીસ્ટરે લઈ કેતન વિઠલાણી વિરુદ્ધ નોટિસ ઈસ્યુ કરી આગામી મુદતે હાજર રહેવા આદેશ કર્યો છે આ કામમાં ફરિયાદી વતી એડવોકેટ તરીકે કિશન રાજાણી અને કૃપાબેન રાજાણી રોકાયા છે

# વન કર્મી.ઓ પર હુમલાના ગુનામા પાંચ આરોપી જામીન મુક્ત

## નાઈટ પેટ્રોલિંગ દરમિયાન સરકારી વીડીમાં ગેરકાયદે પશુ ચરાવવાના ગુનાનુ નિવેદન લેવા જતા આરએફઓ સહિત ૪ પર હથિયારો સાથે તૂટી પડ્યા તા

અબતક, રાજકોટ

જસદણના ફૂલઝર ગામે વનકર્મીઓ પર હુમલો કરવાના ગુનામા જેલ હવાલે રહેલા તમામ આરોપીઓને જામીન પર મુક્ત કરવા અદાલતે હુકમ કર્યો છે.વધુ વિગત મુજબ જસદણ પંથકમાં વન વિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફિસર દલસુખભાઈ ધીરુભાઈ સહિત ટીમ નાઈટ પેટ્રોલિંગમાં હતી ત્યારે સોમ પીપળીયા ગામના નાગજી રાજા રાતડીયા અને જીવા ગોવિંદ રાતડીયા ત્યાંથી મળી આવ્યા હતા. જીવા ગોવિંદ રાતડીયા વિરુદ્ધ અગાઉ સરકારી વીડીમાં ગેરકાયદે રીતે પશુ ચરાવવા અંગે ગુનો નોંધાયેલો હોવાથી વનવિભાગના અધિકારીઓએ તેનું નિવેદન નોંધવા માટે સાથે આવવા જણાવ્યું હતું. આ મુદ્દે બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ઘર્ષણ સર્જાયું હતું. આ દરમિયાન જીવા રાતડીયાએ ભાગી જવાનો પ્રયાસ કરતા વોકળામાં પડી જવાથી તેને ઈજા થઈ હતી. જેથી તેણે ફોન કરીને અન્ય સ્થાનિકોને ઘટનાસ્થળે બોલાવી લીધા હતા. ઘાતક હથિયારો સાથે ધસી આવેલા સ્થાનિકોએ વનકર્મીઓને ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપી માર માર્યો હતો. આ હુમલામાં ફરજ પરના ફોરેસ્ટ ઓફિસર સહિત કુલ ચાર વનકર્મીઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અંગે રેન્જ ફોરેસ્ટ ઓફિસર દલસુખભાઈએ જસદણ પોલીસ સ્ટેશનમાં નાગજી રાજા રાતડીયા, જીવા ગોવિંદ રાતડીયા, ભરત નાગજી રાતડીયા, સત્તા રૂપા રાતડીયા, મોકો કાનજી રાતડીયા, હાથી રાજા રાતડીયા અને બે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે ભારત ઉર્ફે માધ, મુકેશ ઉર્ફે મુકો, નાગજી રાજાભાઈ, હાથી રાજાભાઈ અને સતા રૂપાભાઈ રાતડીયાની ધરપકડ કરી હતી. જે ગુનામાં આરોપીઓએ જામીન મુક્ત થવા માટે અદાલતમાં અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ બચાવ પક્ષના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે તમામ આરોપીઓને જામીન પર મુક્ત કરવા હુકમ ફરમાવ્યો હતો. આરોપીઓ વતી યુવા એડવોકેટ ભાવેશ બાંભવા, હિતેષ વિરડા, પ્રકાશ ચાવડા અને મોહિલ કટારીયા રોકાયા હતા.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૫૦૨ | ૧૮૮૦ | ૩૭૭૨ |
| પપૈયા | ૧૧ | ૧૨૪ | ૩૪૮ |
| બટેટા | ૩૧૨૦ | ૯૨ | ૩૦૯ |
| ડુંગળી સુકી | ૮૨૦ | ૩૦૦ | ૭૬૧ |
| ટમેટા | ૩૮૩૯ | ૩૧૫ | ૫૧૮ |
| સુરણ | ૧૩ | ૪૮૨ | ૭૦૨ |
| કોથમરી | ૪૧૧ | ૪૧૭ | ૮૬૯ |
| મુળા | ૭૨ | ૧૮૬ | ૩૭૮ |
| રીંગણા | ૭૯૫ | ૩૧૬ | ૬૬૭ |
| કોબીજ | ૨૭૭ | ૮૧ | ૧૩૭ |
| ફલાવર | ૧૫૬ | ૨૧૧ | ૩૧૪ |
| ભીંડો | ૩૨૨ | ૫૮૯ | ૭૯૬ |
| ગુવાર | ૨૧૦ | ૯૩૧ | ૧૭૮૬ |
| ચોળાસીંગ | ૯૦ | ૫૨૭ | ૯૭૭ |
| વાલોળ | ૧૬૩ | ૬૨૧ | ૧૦૧૮ |
| ટીંડોળા | ૯૧ | ૩૧૧ | ૭૨૪ |
| દુધી | ૪૭૬ | ૧૫૫ | ૨૪૮ |
| કારેલા | ૧૬૮ | ૪૧૯ | ૫૯૭ |
| સરગવો | ૮૧ | ૮૦૧ | ૧૪૩૨ |
| તુરીયા | ૧૨૨ | ૬૧૧ | ૭૮૩ |
| પરવર | ૯૮ | ૬૭૬ | ૮૮૧ |
| કાકડી | ૪૪૨ | ૩૧૫ | ૭૯૧ |
| ગાજર | ૧૩૩ | ૨૯૧ | ૪૮૪ |
| વટાણા | ૧ | ૨૬૨૬ | ૩૪૧૨ |
| તુવેરસીંગ | ૨૦ | ૫૩૮ | ૭૪૪ |
| કંટોળા | ૧૨ | ૧૦૨૬ | ૧૩૭૨ |
| ગલકા | ૨૦૯ | ૩૮૭ | ૫૯૦ |
| બીટ | ૧૦ | ૩૪૩ | ૫૫૨ |
| મેથી | ૩૬ | ૧૦૧૪ | ૧૫૮૮ |
| વાલ | ૪૮ | ૬૨૧ | ૧૧૯૨ |
| ડુંગળી લીલી | ૧૪૮ | ૨૨૦ | ૪૧૩ |
| આદુ | ૫૧ | ૧૪૧૪ | ૩૧૭૫ |
| મરચા લીલા | ૪૦૦૫ | ૧૯૭ | ૭૪૩ |
| હળદર લીલી | ૮ | ૫૯૧ | ૮૦૨ |
| લસણ લીલું | ૧ | ૨૦૨૯ | ૩૦૮૨ |
| મગફળી લીલી | ૫૨૮ | ૬૧૧ | ૮૭૯ |
| મકાઈ લીલી | ૩૨૭ | ૧૪૨ | ૨૮૧ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૦૦૦ | ૧૭૮૦ | ૨૦૦૨ |
| ઘઉં લોકવન | ૧૨૦ | ૫૫૮ | ૬૦૭ |
| ઘઉં ટુકડા | ૧૦૦૦ | ૫૬૨ | ૭૧૭ |
| જુવાર સફેદ | ૪૦ | ૧૨૭૦ | ૧૫૨૦ |
| જુવાર લાલ | ૧૦ | ૧૨૨૨ | ૧૩૦૦ |
| જુવાર પીળી | ૨૦ | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૧૪ | ૪૩૪ | ૪૮૦ |
| તુવેર | ૩૬૦ | ૧૪૪૦ | ૨૦૫૧ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૨૧૫ | ૧૫૫૦ |
| ચણા સફેદ | ૯૦૦ | ૧૬૦૦ | ૨૪૦૦ |
| અડદ | ૫૬૦ | ૧૫૫૦ | ૨૧૦૧ |
| મગ | ૩૨૦ | ૧૪૫૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૨૫ | ૪૦૦ | ૧૬૦૫ |
| ચોળી | ૧૧૫ | ૧૦૩૦ | ૨૧૩૦ |
| વટાણા | ૩૨૦ | ૭૦૦ | ૧૦૮૪ |
| કળથી | ૧૮ | ૫૯૦ | ૫૯૦ |
| સીંગદાણા | ૪૦૦ | ૧૬૪૦ | ૨૦૦૦ |
| મગફળી જાડી | ૧૨૨૦ | ૧૧૦૦ | ૧૬૬૩ |
| મગફળી જીણી | ૧૯૮૦ | ૧૧૨૧ | ૧૭૪૪ |
| તલી | ૨૨૦૦ | ૨૨૪૦ | ૩૧૩૧ |
| સુરજમુખી | ૪ | ૧૦૦૮ | ૧૦૦૮ |
| એરંડા | ૧૫૦ | ૧૩૫૦ | ૧૫૬૨ |
| સોયાબીન | ૧૫૦૦ | ૧૧૪૫ | ૧૪૦૦ |
| સીંગફાડા | ૧૩૦૦ | ૧૪૨૫ | ૧૭૪૦ |
| કાળા તલ | ૧૫૦૦ | ૨૭૦૦ | ૩૯૦૦ |
| લસણ | ૯૨૦ | ૧૧૫૫ | ૨૩૫૦ |
| ધાણા | ૬૦ | ૨૭૭૦ | ૩૦૮૦ |
| મરચા સુકા | ૨ | ૨૦૦૦ | ૩૫૧૬ |
| ધાણી | ૨૦ | ૨૮૦૦ | ૩૧૨૦ |
| જીરૂ | ૨૨૦૦ | ૪૪૦૦ | ૫૧૦૦ |
| રાય | ૧૦૦ | ૧૪૫૦ | ૧૯૬૧ |
| મેથી | ૧૨૦ | ૮૨૦ | ૧૮૪૨ |
| અશેરીયો | ૯ | ૧૩૦૦ | ૧૪૩૮ |
| કલોંજી | ૪૬૦ | ૪૨૫૦ | ૫૧૨૬ |
| રાયડો | ૪૦ | ૧૧૫૦ | ૧૬૬૭ |
| રજકાનું બી | ૩૦ | ૭૦૦૦ | ૯૬૦૦ |
| ગુવારનું બી | ૨૦૦ | ૧૩૫૦ | ૧૫૫૦ |

# પોલીસ મથક સહાયતા કેન્દ્રના કાઉન્સેલિંગથી દંપતીના ૧૭ વર્ષના લગ્નજીવનના વિખવાદનો સુખદ અંત

## પત્નીની માનસિક અસ્વસ્થતા અને ગેરસમજના કારણે ભંગાણના આરે પહોંચેલા સંસાર 'પોલીસ સહાયતા કેન્દ્ર'ના માર્ગદર્શનથી બચ્યો: બે સંતાનો માટે દંપતીનો સાથે રહેવાનો નિર્ણય

અબતક, રાજકોટ

પોલીસ મથક આધારિત સહાયતા કેન્દ્ર દ્વારા ૧૭ વર્ષના લગ્નજીવન બાદ ઊભા થયેલા ગંભીર પારિવારિક વિવાદનું સફળતાપૂર્વક સમાધાન કરાવવામાં આવ્યું છે. કેન્દ્રના માર્ગદર્શન અને સમજાવટ બાદ પતિ-પત્નીએ પરસ્પર મતભેદો ભૂલી ફરી સાથે રહી સુમેળભર્યું જીવન જીવવાનો નિર્ણય કર્યો છે.

આ દંપતીના લગ્નજીવનને આશરે ૧૭ વર્ષ પૂર્ણ થયાં છે અને તેમને ૧૫ વર્ષનો પુત્ર તથા ૧૪ વર્ષની પુત્રી એમ બે સંતાનો છે. પતિ છૂટક મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે, જ્યારે પત્ની ગૃહિણી છે. પ્રથમ પ્રસૂતિ બાદ પત્નીને માનસિક સ્વાસ્થ્ય સંબંધિત તકલીફો ઊભી થતાં તેમની તબીબી સારવાર અને દવાઓ ચાલુ હતી. દરમિયાન ઘરકામ, રસોઈ તથા પરસ્પર ગેરસમજને કારણે પતિ-પત્ની વચ્ચે તણાવ વધ્યો હતો. પત્નીએ માનસિક ત્રાસ અને સંતાનોથી દૂર રહેવાની વેદના વ્યક્ત કરી હતી, જ્યારે પતિએ ઘરકામ અંગે પોતાની ફરિયાદો રજૂ કરી હતી. આ વિવાદના ઉકેલ માટે સહાયતા કેન્દ્ર ખાતે બંને પક્ષોને



રૂબરૂ બોલાવી વિગતવાર પરામર્શ કરવામાં આવ્યો હતો. કેન્દ્રના સલાહકારોએ બંનેની રજૂઆતો શાંતિપૂર્વક સાંભળી એકબીજાની લાગણીઓનો આદર કરવા, માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે સંવેદનશીલતા દાખવવા તથા પારિવારિક સંબંધોમાં સંવાદ અને સહકાર જાળવવા માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ સંબંધિત કાયદાકીય જોગવાઈઓ અંગે પણ સમજ આપવામાં આવી હતી.

કેન્દ્રની સમજાવટ બાદ દંપતીએ જૂના મતભેદો ભૂલી પરસ્પર સંમતિથી ફરી સાથે રહેવાનો નિર્ણય કર્યો હતો. ભવિષ્યમાં કોઈપણ વિવાદ ઊભો થાય તો તેને શાંતિપૂર્ણ વાતચીત દ્વારા ઉકેલવાની ખાતરી આપતાં પરિવારે નવજીવનની શરૂઆત કરી છે.

# રામપરા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓ બ્લોક-સ્તરીય કબડ્ડી સ્પર્ધાની વિજેતા બની

અબતક, રાજકોટ



અંબુજા સીમેન્ટસ વિશ્વની નવમી સૌથી મોટી બિલ્ડિંગ મટિરિયલ્સ સોલ્યુશન્સ પ્રદાન કરતી કંપની અને વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલીયોનો ભાગ, તેની રમતગમત પ્રોત્સાહન પહેલો દ્વારા યુવા વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે રસ, આત્મવિશ્વાસ અને નેતૃત્વના ગુણો વિકસાવવા માટે કાર્યરત છે. અંબુજાનગરની રામપરા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓએ તાજેતરમાં યોજાયેલી બ્લોક-સ્તરની કબડ્ડી સ્પર્ધામાં ઉત્કૃષ્ટ રમત કુશળતા અને ટીમવર્કનું પ્રદર્શન કર્યું. સ્પર્ધા દરમિયાન તેમણે સતત શ્રેષ્ઠ દેખાવ બતાવી પ્રથમ સ્થાન હાંસલ કર્યું અને સમગ્ર ટૂર્નામેન્ટની વિજેતા બની.

# કોંગ્રેસની અવઢવતા- 'આપ'નો પન્નો ટૂંકો પડ્યો: ગાંધીનગરમાં ભગવો લહેરાયો

## ગાંધીનગર મહાનગરપાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકો પૈકી ૩૮ બેઠકો પર ભાજપની જીત : કોંગ્રેસની બેઠકો વધી પરંતુ સત્તાસુખ સુધી ન પહોંચી શકી, આમ આદમીનું ખાતુ પણ ન ખુલ્યું

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી પહેલા સત્તાના સેમિફાઈનલ સમા જંગ સમી ગણાતી ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ સત્તા જાળવી રાખવામાં સફળ રહ્યું છે. મતદાનના દિવસ સુધી કોંગ્રેસને અવઢવમાં રહેવાની સ્થિતિ નડી છે. જ્યારે પાટનગરમાં આમ આદમી પાર્ટીનો પન્નો ટુંકો પડ્યો છે. કોંગ્રેસને આશ્વાસન પુરતીબેઠકો પ્રાપ્ત થઈ છે. જ્યારે આપનું ખાતુ પણ ખુલ્યું નથી.



ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં આ વખતે ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી એમ ત્રણેયે એડીચોટીનું જોર લગાવ્યું હતું. ભાજપમાં પણ આંતરિક અસંતોષ જેવી સ્થિતિ સર્જાઈ હતી. જે નેતાઓની ટીકીટ કાપી નાખવામાં આવી હતી. તેઓએ પક્ષ સામે બળવો પોકારીને અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. ચૂંટણી પૂર્વે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા પણ કોંગ્રેસમાં ઘરવાપશી કરી રહ્યા હોવાની ચર્ચાના કારણે ચૂંટણીજંગ રોમાંચક બની ગયો હતો. આમ આદમી પાર્ટીએ પણ ભારે જોર લગાવ્યું હતું. અને ટકોરા મારીને ઉમેદવારોની પસંદગી કરી હતી. ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૫૯.૨૫ ટકા જેવું મતદાન થયું હતું. ગત ચૂંટણીની સરખામણીએ મતદાનની ટકાવારીમાં વધારો થયો હોવાના કારણે એવી વાતો વહેતી થઈ હતી કે, આ વખતે ચૂંટણી પરિણામ થોડુ અલગ જ આવે તેવી સંભાવના છે. આજે સવારથી તમામ ૪૪ બેઠકો માટે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. પ્રારંભથી જ ભાજપે લીડ મેળવી લીધી હતી. ભાજપે ૪૪માંથી ૩૮ બેઠકો જીતી લીધી છે. ગત ચૂંટણીની સરખામણીએ ભાજપની ત્રણ બેઠકો ઘટી છે પરંતુ સત્તા જાળવી રાખવામાં સફળ રહ્યું છે. કોંગ્રેસના ફાળે માત્ર પાંચ બેઠકો આવી છે. માન્ય વિપક્ષનો દરજ્જો મળી શકે તેટલી બેઠકો મેળવવામાં કોંગ્રેસ સફળ રહ્યું છે. એક બેઠક પર

(અનુ. આઠમા પાને)

## થોરિયાળીવાસીઓનો કોંગ્રેસ પર વિશ્વાસ બરકરાર

### પડધરી તાલુકા પંચાયતની થોરિયાળી બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર લક્ષ્મણભાઈ શિંગાળાનો ૨૨૭ મતોથી વિજય



**અબતક, ભૌમિક તળપદા, પડધરી**

પડધરી તાલુકા પંચાયતની થોરિયાળી બેઠકની પેટા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર લક્ષ્મણભાઈ શિંગાળાનો ૨૨૭ મતોથી શાનદાર વિજય થયો છે. ૧૯૯૩થી આ બેઠક કોંગ્રેસ પાસે છે. કોંગ્રેસના ગઢમાં ગાબડા પાડવાના ભાજપના ઈરાદાઓ પર મતદારોએ પાણી ફેરવી દીધું છે. ૩૩ વર્ષ પછી પણ થોરિયાળીવાસીઓનો કોંગ્રેસ પર વિશ્વાસ બરકરાર હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. મોટા નેતાઓને પ્રચારમાં ઉતારવામાં આવ્યા હોવા છતાં ભાજપને આ બેઠક કોંગ્રેસ પાસેથી આચંકી લેવામાં સફળતા પ્રાપ્ત થઈ નથી. વિજેતા ઉમેદવારનું નિધન થવાના કારણે પડધરી તાલુકા પંચાયતની થોરિયાળી બેઠકની પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપના ઉમેદવાર મહેશભાઈ પીપળિયા અને કોંગ્રેસના ઉમેદવાર લક્ષ્મણભાઈ શિંગાળા વચ્ચે મુખ્ય ટક્કર હતી. આ બેઠક ૧૯૯૩થી કોંગ્રેસ પાસે છે. અથાગ પ્રયાસો કરવા છતાં ભાજપ છેલ્લા ૩૩ વર્ષથી આ બેઠક જીતી શક્યું નથી. આ વખતે પેટા ચૂંટણીના પ્રચારમાં પણ ભાજપે મોટા નેતાઓની ફોજ ઉતારી હતી. છતાં કમળની કારી ફાવી નથી. આજે સવારથી હાથ ધરવામાં આવેલી મતગણતરીનું પરિણામ બે કલાકમાં આવી ગયું હતું. થોરિયાળી વાસીઓએ વધુ એક વખત કોંગ્રેસ પર વિશ્વાસ મુક્યો છે. લક્ષ્મણભાઈ શિંગાળાનો ૨૨૭ મતોથી વિજય થયો હતો. વિજય સર્ઘષમાં કોંગ્રેસના કાર્યકરો બહોળી સંખ્યામાં ઉમટી પડ્યા હતાં.

## દેવભૂમિ દ્વારકા જિલ્લાની ભાડથર બેઠક પર આપના ઉમેદવાર વિરૂ કંડોરિયાની જીત

### જિલ્લા પંચાયતમાં સત્તારૂઢ ભાજપના ઉમેદવારની કારમી હાર

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની અતિ પ્રતિષ્ઠિત પ્રતિષ્ઠાભરી ભાડથર બેઠકની પેટા ચૂંટણીમાં સત્તાધારી પક્ષ ભાજપને મતદારોએ જાકારો આપ્યો છે. આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિરૂભાઈ કંડોરિયા ૩ક્૫૧ મતોથી વિજેતા બન્યા છે. વિધાનસભાની ચૂંટણીના એક વર્ષ પૂર્વે આપ માટે પરિણામ ઉત્સાહ વર્ધક રહ્યા છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાની ભાડથર બેઠક પર ભાજપના વિજેતા ઉમેદવાર ડો. પી.વી. કંડોરિયાનું દુઃખદ અવસાન થતાં



બેઠક ખાલી પડી હતી. આ બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપે મતદારોની સહાનુભૂતિનો લાભ લેવા માટે ડો. પી.વી. કંડોરિયાના ધર્મપત્ની માલતીબેન કંડોરિયાને ટિકિટ આપી હતી. જેની સામે આમ આદમી પાર્ટીએ વિરૂભાઈ કંડોરિયાને મેદાનમાં ઉતાર્યા હતાં. પ્રતિષ્ઠાભર્યા આ જંગમાં આપના ધારાસભ્ય ગોપાલભાઈ ઈટાલિયા અને પ્રદેશ અગ્રણી ઈસુદાન ગઢવીએ મતદારોને આમ આદમી પાર્ટીના ઉમેદવારને વિજેતા બનાવવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું. સામાપક્ષે ભાજપે પણ રાજ્ય કક્ષાના નેતાઓને પ્રચારમાં ઉતાર્યા હતાં. આજે સવારથી હાથ ધરાયેલી મતગણતરીમાં ભાડથર બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિરૂભાઈ કંડોરિયા ૩,ક્૫૧ મતોથી વિજેતા બન્યા છે.

## ઓખા નગરપાલિકાની ૩૬માંથી ૩૩ બેઠકો પર કમળ ખીલ્યું

### થરા પાલિકામાં પણ ભાજપનો વિજય વાવટો

ધારાસભ્ય પબુભા માણેકનો દબદબો યથાવત જોવા મળ્યો છે. ઓખા નગરપાલિકાની ૯ વોર્ડની ૩૬ બેઠકો પૈકી વોર્ડ નં. ૪ ની ૪ બેઠકો અગાઉ જ બિન હરીફ જાહેર થઈ હતી. ૩૨ બેઠકો માટે ગત શનિવારે યોજાયેલા મતદાન બાદ આજે હાથ ધરવામાં આવેલી મતગણતરીમાં ભાજપનું બુલ્ડોઝર ફરી વળ્યું છે. કુલ ૩૬ બેઠકો માંથી ભાજપ ૩૩ બેઠકો જીતી સત્તારૂઢ થશે. કોંગ્રેસને સમ ખાવા પુરતી માત્ર ત્રણ બેઠકો જ પ્રાપ્ત થઈ છે. પાલિકા અને મહાપાલિકાની સામાન્ય ચૂંટણી અને પેટા ચૂંટણીમાં ભાજપનું જોર યથાવત રહેવા પામ્યું છે. ઓખા ઉપરાંત થરા પાલિકામાં પણ કમળ ખીલ્યું છે. થરા પાલિકાની ૬ વોર્ડની ૨૪ બેઠકો પૈકી ભાજપને ફાળે ૧૯ બેઠકો આવી છે. જ્યારે કોંગ્રેસના ફાળે માત્ર પાંચ બેઠકો આવી છે.

## મહાપાલિકા અને પાલિકાની ચૂંટણીમાં ભાજપનો શાનદાર દેખાવ: ઠેર-ઠેર ઉજવણી

# વરસાદનું પાણી દરિયામાં વહી જાય તે પહેલાં ૧૫ હજાર એમસીએમ પાણી સંગ્રહ કરી ઉદ્યોગોને જીવનદાન અપાશે

## વધારાના પાણીના સંગ્રહ અને ઉપયોગ માટે સરકારે કવાયત હાથ ધરી: જળ સંશાધન વિભાગના અભ્યાસ મુજબ ૨૦૫૦ સુધીમાં પાણીની માંગ ૧૧૪% વધશે

**અબતક, ગાંધીનગર**

ગુજરાતમાં ચોમાસા દરમિયાન નર્મદા, ઉકાઈ અને કડાણા જેવા મોટા ડેમ છલકાયા બાદ દર વર્ષે અંદાજે ૧૫,૦૦૦ મિલિયન ક્યુબિક મીટર (એમસીએમ) જેટલું પાણી અરબી સમુદ્રમાં વહી જાય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકારે આ વધારાના પાણીને બચાવવા અને તેનો ઉપયોગ કરવાની દિશામાં મહત્વપૂર્ણ કવાયત હાથ ધરી છે. આ પાણીનો મુખ્ય હેતુ ઉદ્યોગોની વધતી જતી જરૂરિયાતોને પહોંચી વળવાનો છે.

આ પગલું અત્યંત મહત્વનું માનવામાં આવે છે કારણ કે સેમિકન્ડક્ટર અને ડેટા સેન્ટર્સ જેવા નવા અને વધુ પાણીની જરૂરિયાત વાળા ઉદ્યોગોના વિસ્તરણ સાથે રાજ્યમાં ઔદ્યોગિક પાણીની માંગમાં નોંધપાત્ર વધારો થવાની ધારણા છે. સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઔદ્યોગિક પાણીની માંગ હંમેશા રાજ્યના પાણીના પુરવઠા કરતાં વધુ રહી છે. સરકારના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ''દર વર્ષે ડેમમાંથી ઓવરફ્લો થઈને અરબી સમુદ્રમાં વહી જતાં મોટા પ્રમાણમાં પાણીનો બગાડ થાય છે. રાજ્ય સરકારે આ વધારાના પાણીનો બહેતર ઉપયોગ કરવા અને ઉદ્યોગો માટે વધારાના પાણીની જોગવાઈ કરવા માટે એક કવાયત શરૂ કરી છે''.



સરકારી અંદાજ મુજબ, દર વર્ષે એકલા નર્મદા ડેમમાંથી જ અંદાજે ૯,૫૦૦ એમસીએમ પાણી સમુદ્રમાં વહી જાય છે. આ જ રીતે ઉકાઈ અને કડાણા ડેમ માટે આ આંકડા અનુક્રમે ૩,૦૦૦ એમસીએમ અને ૨,૨૦૦ એમસીએમ કરતાં વધુ છે. જોકે, એક સૂત્રએ જણાવ્યું હતું કે, ''આ માત્ર પ્રાથમિક અંદાજ છે, ખરેખર નષ્ટ થતા પાણીનું પ્રમાણ આ આંકડાઓ કરતાં ઘણું વધારે છે''.

વધારાના પાણીના સંગ્રહ માટે સરકાર બે મુખ્ય વિકલ્પો પર વિચાર કરી રહી છે. એક અધિકારીના જણાવ્યા મુજબ, ''પ્રથમ વિકલ્પ ડ્રેજિંગ અને અન્ય પ્રવૃત્તિઓ દ્વારા જળાશયોની પાણી સંગ્રહ કરવાની ક્ષમતા વધારવાનો છે. બીજો વિકલ્પ એવા હાલના જળાશયોની ઓળખ કરવાનો છે જે ડેમ ઓવરફ્લો થાય ત્યારે ત્યાંથી વાળવામાં આવતું પાણી મેળવી શકે અને સંગ્રહ કરી શકે''.

આ કવાયત એવા સમયે હાથ ધરવામાં આવી છે જ્યારે એવી આગાહીઓ કરવામાં આવી રહી છે કે આગામી દાયકાઓમાં ગુજરાતની પાણીની જરૂરિયાતમાં તીવ્ર વધારો થશે. જળ સંસાધન વિભાગ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા એક અભ્યાસમાં વર્ષ ૨૦૨૪ માટે કુલ પાણીની માંગ ૮,૮૦૪ મિલિયન લિટર પ્રતિ દિવસ (એમએલડી) હોવાનો અંદાજ લગાવવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૩૦ સુધીમાં આ માંગ ૩૨% વધીને ૧૧,૬૪૨ એમએલડી થવાની ધારણા છે. વધુમાં, ૨૦૫૦ સુધીમાં આ માંગ ૧૮,૯૨૭ એમએલડી સુધી પહોંચવાની અપેક્ષા છે, જે ૨૦૨૪ની સરખામણીમાં ૧૧૪% નો જંગી વધારો દર્શાવે છે.

# રાજયમાં ૨૫ ઔદ્યોગિક એકમોને મંજુરી રૂ.૩૯૦૩.૩૦ કરોડનું મૂડી રોકાણ આવશે

### ૮૧૭૮થી વધુ નવી રોજગારીનું સર્જન થશે

**અબતક, રાજકોટ**

આ એકમો ઓટોમોબાઈલ, ટેકસટાઈલ, પ્લાસ્ટિક, પેપર, કેમિકલ, સિરામિક તેમજ મેટલ જેવા મહત્વના ક્ષેત્રો સાથે સંકળાયેલા છે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સક્ષમ નેતૃત્વ હેઠળ ગુજરાતમાં ઉદ્યોગોના સર્વાંગી વિકાસ અને રોકાણને પ્રોત્સાહન આપવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ દિશામાં વધુ એક મોટું પગલું ભરતાં, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિની બેઠકમાં રાજ્યના વધુ ૨૫ ઔદ્યોગિક એકમોને સહાય આપવા માટે ફાઈનલ એલિજિબિલિટી પ્રમાણપત્રો આપવાની મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ્સ થકી રાજ્યમાં કુલ રૂ. ૩,૯૦૩.૩૦ કરોડનું મૂડીરોકાણ સાકાર થશે અને અંદાજે ૮,૧૭૮ જેટલી નવી રોજગારીની તકો ઊભી થશે.

ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ નીતિ હેઠળ ૨૨ ઔદ્યોગિક એકમોના રૂ. ૧,૬૩૧.૯૦ કરોડના મૂડીરોકાણને મંજૂરી અપાઈ છે. તે ઉપરાંત આત્મનિર્ભર ગુજરાત યોજના-૨૦૨૨ યોજના હેઠળ ૩ મોટા એકમોના રૂ. ૨,૨૭૧.૪૦ કરોડના મૂડીરોકાણને આખરી મંજૂરી આપવામાં આવી છે.

આ સહાયનો સીધો લાભ રાજ્યના અમદાવાદ, મોરબી, ભરૂચ, કચ્છ, વડોદરા, મહેસાણા, ખેડા અને સુરેન્દ્રનગર સહિતના વિવિધ જિલ્લાઓમાં સ્થપાયેલા ઉદ્યોગોને મળશે. આ એકમો ઓટોમોબાઈલ, ટેકસટાઈલ, પ્લાસ્ટિક, પેપર, કેમિકલ, સિરામિક તેમજ મેટલ જેવા મહત્વના ક્ષેત્રો સાથે સંકળાયેલા છે. રાજ્ય સરકારની આ નીતિઓ હેઠળ ઔદ્યોગિક એકમોને નેટ એસજીએસટ સહાય, વ્યાજ સહાય અને ઈપીએફ રિઈમ્બર્સમેન્ટ સ્વરૂપે નાણાકીય પ્રોત્સાહનો પૂરા પાડવામાં આવી રહ્યા છે. સરકારના આ પ્રોત્સાહક અભિગમથી રાજ્યમાં મોટા પાયાના ઉદ્યોગોની સાથોસાથ એમએસએમઈ સેક્ટરના વિકાસને પણ નવું બળ મળશે અને ગુજરાત વૈશ્વિક રોકાણકારો માટે પ્રથમ પસંદગીનું કેન્દ્ર બની રહેશે.

# રાજકોટનું તાપમાન ૪૦ ડિગ્રીને લગોલગ, પોરબંદર, ભુજ અને વેરાવળ પણ ગરમ

### આસો માસમાં રાજ્યના ૧૮ શહેરોમાં તાપમાનનો પારો ૩૫ ડિગ્રીને પાર

**અબતક, રાજકોટ**

આસો માસમાં આકાશમાંથી અગ્નિવર્ષા થઈ રહી છે. રાજકોટ શહેરનું તાપમાન ૪૦ ડિગ્રીને લગોલગ પહોંચી ગયું છે. પોરબંદર, ભુજ અને ડિસા પણ સળગી રહ્યા છે. અલનીનોની વ્યાપક અસરના કારણે ઋતુચક્રમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. આસો માસમાં તો ગુલાબી ઠંડીનો અનુભવ થવા માંડતો હોય છે. તેના બદલે ઉનાળા જેવા આકરા તડકા પડી રહ્યા છે. આગામી દિવસોમાં હજી ગરમીનું જોર વધશે તેવી શક્યતાઓ પણ હવામાન શાસ્ત્રીઓ વ્યક્ત કરી રહ્યા છે. રાત્રીના સમયે પણ ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે. જાણે ઉનાળો ચાલી રહ્યો હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે.

રાજકોટ સોમવારે ૩૯.૮ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની લગોલગ પહોંચી જવાના કારણે બપોરના સુમારે તો જાણે ઉનાળો ચાલી રહ્યો હોય તેવા આકરા તાપનો અનુભવ લોકોએ કર્યો હતો. સોમવારે અમદાવાદનું તાપમાન ૩૬.૮ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૮.૮ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૫.૮ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૩૫.૯ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૬.૬ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૬.૬ ડિગ્રી અને દમણનું તાપમાન ૩૬.૬ ડિગ્રી નોંધાયું હતું. કચ્છના

(અનુ. આઠમા પાને)

# રાજકોટમાં મોડી રાત્રે વધુ એક લોથ ઢળી: છરીના ઘા ઝીંકી યુવાનને રહેસી નાખ્યો

## આંબેડકરનગર ચોક નજીક રાત્રિના ત્રણ વાગ્યે મવડી પાળ રોડ પર રહેતા લોનના ધંધાર્થી પરેશ ચૌહાણને છરીના છ ઘા ઝીંકી ક્રૂર હત્યા

**અબતક, રાજકોટ**

રાજકોટમાં વધુ એક હત્યાનો બનાવ સામે આવતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલ ઉભા થયાં છે. ગત તા.૨ ઓકટોબરની મોડી રાત્રે જંગલેશ્વરના ખ્વાજા ચોક નજીક જૂનાગઢ ગણેશનગરમાં રહેતા ૫૬ વર્ષીય રીક્ષાચાલક પ્રૌઢ ઈકબાલ ઉર્ફે જૂનાગઢી લોધીની પાઈપના ઘા ઝીંકી હત્યા નીપજાવી દેવામાં આવી હતી. જે મામલાની હજુ શાહી સુકાઈ નથી ત્યાં આંબેડકરનગર ચોક નજીક ગત મોડી રાત્રે મવડી પાળ રોડ પર રહેતા ૨૮ વર્ષીય યુવાન પરેશ ચૌહાણને છરીના છ ઘા ઝીંકી ક્રૂરતાપૂર્વક મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. સપ્તાહ પૂર્વે બાઈક અથડાવા મામલે થયેલી માથાકૂટનું સમાધાન કરવા બોલાવી કુખ્યાત રાઘે, અનિલ ઉર્ફે કાનો સહીત ચાર શખ્સોએ યુવાનનું ખૂન કરી ફરાર થઈ ગયા હતા. બનાવની જાણ થતાં ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને તાલુકા પોલિસની ટીમોએ દોડી જઈ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

હત્યાની ઘટના અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર મવડી પાળ રોડ પર આવેલ મીરા ટાઉનશિપમાં રહેતાં પરેશ ટાભાભાઈ ચૌહાણ (ઉ.વ.૨૮) અઠવાડિયા પહેલાં મવડી-પાળ રોડ પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે બાઈક અથડાવવા બાબતે સ્થાનિક શખ્સો સાથે ત ઉગ્ર બોલાચાલી અને માથાકૂટ થઈ હતી. આ સામાન્ય ઝઘડાએ મોટું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ગઈકાલે મોડી રાત્રે સામા પક્ષના શખ્સોએ આ વિવાદનો અંત આણવા અને સમાધાન કરવાના બહાને પરેશને આંબેડકર ચોક નજીક મળવા માટે બોલાવ્યો હતો. પરેશ કોઈ પણ જાતના સંશય વગર ત્યાં પહોંચ્યો હતો, પરંતુ તેને ખ્યાલ નહોતો કે સમાધાનના બહાને તેને મોતના મુખમાં ધકેલવા માટેનું આ પૂર્વયોજિત કાવતરું હતું.

પરેશ ઘટનાસ્થળે પહોંચતા જ પૂર્વતૈયારી સાથે આવેલા શખ્સોએ તેના પર હુમલો કરી દીધો હતો. કઈ પણ સમજાય તે પહેલાં જ હુમલાખોરોએ પોતાના ગજવામાંથી તીક્ષ્ણ છરીઓ કાઢીને પરેશ પર આડેધડ ઘા ઝીંકવાનું શરૂ કરી દીધું હતું. હુમલાખોરોએ પરેશ ચૌહાણને છરીના છ ઘા ઝીંકી દેતા તે લોહીલુહાણ હાલતમાં જીવ બચાવવા માટે બૂમાબૂમ કરવા લાગ્યો હતો. દરમિયાન મધરાતે હુમલાખોરો નાસી છૂટ્યા હતા. ગંભીર રીતે ઘવાયેલો પરેશ જમીન પર ઢળી પડ્યો હતો અને વધુ પડતું લોહી વહી જવાને કારણે તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, આ જઘન્ય ગુનાને અંજામ આપનારાઓમાં કુખ્યાત રાઘે તેમજ અનિલ ઉર્ફે કાનો અને તેમની સાથેના અન્ય બે અજાણ્યા શખ્સો સહિત કુલ ચાર જણાએ ભેગા

(અનુ. આઠમા પાને)

### આંબેડકરનગર ચોક નજીક મહિના પૂર્વે મારામારીમાં ઘવાયેલા યુવકે સારવારમાં દમ તોડ્યો: બનાવ હત્યામાં પલટાયો

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આંબેડકર ચોક પાસે ગત તા ૧૬ ના રોજ ચાની હોટલ વાહન રાખવા બાબતે ઝઘડો થયો હતો જેમાં યુનિવર્સિટી રોડ પર પુષ્કળ ગામ સોસાયટીમાં રહેતા અને ગોંડલ રોડ પર નાસ્તાની દુકાન ચલાવતા પ્રેમ રમેશભાઈ ઉંમર વર્ષ ૨૨ અને તેનો પિતરાઈ ભાઈ મીત પ્રકાશભાઈ ઉંમર વર્ષ ૧૯ સાથે પાર ઉર્ફે બેબો સોલંકી એ ચાનો લોખંડના ડોયા વડે માર મારી નાસી છૂટ્યા હતા ઈજાગ્રસ્ત યુવાનો ને ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને વધુ સારવાર માટે પ્રેમ વિરડાને અમદાવાદ ખાતે રિફર કરવામાં આવ્યો હતો રાજકોટ તાલુકા પોલીસે બાળ આરોપી અને પાર્થ ઉર્ફે બેબો સોલંકીની ધરપકડ કરી હતી જેમાં અમદાવાદ સારવાર લઈ રહેલા પ્રેમ રમેશભાઈ વિરડા ૩૦ દિવસની સારવારમાં દમ તોડ્યો હતો આ અંગે તાલુકા પોલીસે આરોપીઓ વિરુદ્ધ હત્યાની કલમનો ઉમેરો કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી જુવાનજોધ પુત્રના મોતથી માતા-પિતા પર આભ ફાટ્યું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા

## સપ્તાહ પૂર્વે બાઈક અથડાવવા મામલે થયેલી માથાકૂટના સમાધાન અર્થે બોલાવી કુખ્યાત રાઘે, અનિલ ઉર્ફે કાનો સહિત ચાર શખ્સો ખૂન કરી ફરાર: ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને તાલુકા પોલીસ દ્વારા આરોપીઓને પકડવા તપાસના ચક્રો ગતિમાન